અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૯ સપ્ટેમ્બર ૨૦૨૩, શનિવાર
વિક્રમ સંવત ૨૦૭૯, નિ.શ્રાવણ વદ દશમ

વર્ષ : ૧૫
અંક : ૪૪

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### રોજી માગતી મહિલાને ખટ્ટરે કહ્યું, ચંદ્રયાન-૪ મિશન પર મોકલીશું



। રોહતક, તા.૮ ।

હરિયાણાના મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરે એક જાહેર કાર્યક્રમ દરમિયાન પ ડોશી ગામમાં કારખાનું શરૂ કરવાની માગ કરતી એક મહિલાની મજાક બનાવી હતી. આ દરમિયાન તેમણે કહ્યું હતું કે તમને ચંદ્રયાન-૪માં મિશન પર મોકલીશું. સોશિયલ મીડિયા પર એક વીડિયોમાં મહિલાને તેના પાડોશી ગામ ભટોલ જટ્ટામાં એક કારખાનું બનાવી આપવા કહેતી સાંભળી શકાય છે જેથી મહિલાઓ માટે રોજગારીની તકો પેદા થઈ શકે. તેના જવાબમાં હરિયાણાના સીએમ ખટ્ટરને એમ કહેતા સાંભળી શકાય છે કે આગામી વખતે જ્યારે ચંદ્ર પર વધુ એક મિશન ચંદ્રયાન-૪ જશે તો તેમાં તમને મોકલીશું, બેસી જાઓ. આ વીડિયો ક્યાંનો છે તે સ્પષ્ટ થઈ શક્યું નથી. ખટ્ટર તે સમયે જનસંવાદ કાર્યક્રમમાં હાજરી આપવા હિસાર જિલ્લામાં હતા.

### જવાનની રિલિઝના પહેલા જ દિવસે વર્લ્ડ વાઈડ ૧૦૦ કરોડની કમાણી કરી



। મુંબઈ, તા.૮ ।

જવાન બોક્સ ઓફિસ પર કેટલુ કલેક્શન કર્યુ છે ? દરેક લોકોના મોઢે એક જ સવાલ છે. જવાનના પહેલા જ દિવસે વર્લ્ડવાઈડ કેટલાની કમાણી કરી હશે. બીજો સવાલ એ પરંતુ શાહરુખ ખાનના ફેન્સને તેનો જવાબ મળી ગયો હશે. શાહરુખ ખાન નયનતારા, વિજય સેતુપતી, પ્રિયામણિ, સાન્યા મલ્હોત્રા, રિદ્ધિ ડોગરા, લહર ખાન અને સંજય દત્તની ફિલ્મે તેના પહેલા દિવસે શોની સાથે સાથે બોક્સ ઓફિસમાં ગદરને ટક્કર મારી છે. ફિલ્મ વિશે શરુઆતના આંકડા બતાવી રહ્યા છે કે એસઆરકેની ફિલ્મે પહેલા દિવસે બોક્સ ઓફિસ પર ૧૦૦ કરોડ રુપિયાની કમાણી કરી લીધી છે.

## મણિપુરમાં અશાંતિનો માહોલ હજુ પણ યથાવત્

# મણિપુરના તેંગનોઉપલ જિલ્લામાં દળો-હથિયારધારી વચ્ચે ગોળીબાર

### આસામ રાઈફલ્સ, શંકાસ્પદ મૈતેઈ અને કુકી બદમાશો વચ્ચે ભીષણ ગોળીબાર, ગોળીબારની સાથે બૉંબ પણ ફેંકવામાં આવી રહ્યા છે

। ઈમ્ફાલ, તા.૮ ।

મણિપુરમાં અશાંતિનો માહોલ હજુ પણ યથાવત્ જોવા મળી રહ્યો છે... રાજ્યમાં આજે ફરી હિંસાની ઘટના બની હોવાના અહેવાલો મળ્યા છે... અધિકારીઓના જણાવ્યા મુજબ મણિપુરના તેંગનોઉપલ જિલ્લાના પલ્લેલ વિસ્તારમાં આજે સુરક્ષા દળો અને હથિયારધારી લોકો વચ્ચે ગોળીબાર શરૂ થઈ ગયો છે... ફાયરિંગની ઘટના સવારે ૬.૦૦ વાગ્યાથી શરૂ થઈ હતી, જે હજુ પણ ચાલુ હોવાનું કહેવાય છે... અધિકારીઓએ જણાવ્યું કે, આ ઘટનામાં હજુ કોઈપણ મોટી ઘટના બની હોવાના અહેવાલો મળ્યા નથી.

સૂત્રોના જણાવ્યા મુજબ આસામ રાઈફલ્સ, શંકાસ્પદ મૈતેઈ અને કુકી બદમાશો વચ્ચે ભીષણ ગોળીબાર થઈ રહ્યો છે. મળતા અહેવાલો મુજબ ગોળીબારની સાથે બૉંબ પણ ફેંકવામાં આવી રહ્યા છે... આસામ રાઈફલ્સના જવાનો



બદમાશોને વળતો જવાબ આપી રહ્યા છે. ફાયરિંગની ઘટના વચ્ચે મોનલોઈ, પલ્લેલ વિસ્તારની આસપાસના ગામોના મોટી સંખ્યામાં કુકી ગ્રામીણ લોકોએ ગ્રામીણ બીએસએફના નેમખોચિન મેમોરિયલ સ્કૂલ, પલ્લેલ તેંગનૌપાલ જિલ્લાના સીએચક્યૂ સ્થળે પહોંચ્યા, જ્યાં ૨૫૦થી વધુ લોકોને આસરો લઈ રહ્યા છે. આ ભીડે આશ્રય કેમ્પો પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો છે. બીએસએફ જવાનોએ તેમને સમજાવવાનો પ્રયાસ કર્યો છતાં ભીડે હુમલો કરવાનો પ્રયાસ કર્યો... આસરો લઈ રહેલા લોકોની સુરક્ષાને ધ્યાને રાખી અંતે બીએસએફ જવાનોએ ભીડ પર ફાયરિંગ કરવું પડ્યું... હાલ આ ઘટનામાં કોઈ જાનહાનીના અહેવાલો સાંપડ્યા નથી. અગાઉ બિષ્ણુપુર જિલ્લાના ફૌગાક્ચાઓ ઈખાઈ વિસ્તારમાં બુધવારે હજારો પ્રદર્શનકારીઓ એકઠા થયા હતા અને તેઓ સેનાનો બળપૂર્વક વિરોધ કરી રહ્યા હતા. પ્રદર્શનકારીઓ પોતાના તોરબુંગમાં વિરાન ઘરો સુધી પહોંચવા માટે સેનાની બેરીકેડ્સ તોડવાનો પ્રયાસ કર્યો હતો. પ્રદર્શનકારીઓનું કહેવું છે કે, નાકાબંધીના કારણે તેઓ તેમના પોતાના ઘરે પરત ફરી શકતા નથી. આ દરમિયાન પ્રદર્શનકારીઓએ બેરીકેટ્સ પણ તોડવાનો પ્રયાસ કર્યો હતો. છેવટે પ્રદર્શનકારીઓને વેરવિખેર કરવા માટે સેના અને પોલીસે ટીયર ગેસના સેલ છોડવા પડ્યા હતા. આ ઘટનામાં ૪૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા, જેમને નજીકની હોસ્પિટલ લઈ જવાયા હતા. આ ઘટનાના બે દિવસ બાદ એટલે કે આજે આ ફાયરિંગની ઘટના સામે આવી છે.

અધિકારીઓએ જણાવ્યું કે, વિસ્તારમાં તણાવની સ્થિતિ છે અને રેપિડ એક્શન ફોર્સ (આરએએફ), આસામ રાઈફલ્સ, સુરક્ષા દળો અને મણિપુર પોલીસે સ્થિતિ પર કાબુ મેળવવા ટિયર ગેસના સેલ પણ છોડ્યા... આ પ્રદર્શનના એક દિવસ પહેલા સાવધાનીના ભાગરૂપે મણિપુરની તમામ ૫ ખીણમાં સંપૂર્ણ કર્ફ્યૂ લગાવી દેવાયો હતો. આસામ રાઉફલ્સના જવાનો પણ બદમાશોને વળતો જવાબ આપી રહ્યા છે. કોઓર્ડિનેટિંગ કમિટી ઓન મણિપુર ઈન્ટીગ્રિટી (સીઓસીઓએમઆઈ)એ દેખાવકારોને ભડકાવ્યા હતા.

### કોંગ્રેસના નેતા યુરોપના દેશોના પ્રવાસે

## રાહુલ ગાંધીની યુરોપિયન યુનિયનના સાંસદો સાથે મણિપુર સહિતના મુદ્દે ચર્ચા

। નવી દિલ્હી, તા.૮ ।

ભારતમાં જી-૨૦ સંમેલન માટે ચાલી રહેલી તડામાર તૈયારીઓ વચ્ચે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી યુરોપના દેશોના પ્રવાસે છે. રાહુલ ગાંધીએ બેલ્જિયમથી પ્રવાસની શરુઆત કરીને્ યુરોપિયન યુનિયનના સાંસદો જોડે બંધ ઓરડામાં બેઠક યોજી હતી. રાહુલ ગાંધીએ જે મુદ્દા પર યુરોપના સાંસદો સાથે ચર્ચા કરી હતી તેમાં મણિપુરના તોફાનોનો મુદ્દો પણ સામેલ છે. આ પહેલા જુલાઈમાં યુરોપિયન યુનિયને મણિપુરની સ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી હતી અ્ને પોતાની સંસદમાં તેનો ઉલ્લેખ પણ કર્યો હતો. કોંગ્રેસ પાર્ટીના સૂત્રોનુ કહેવુ છે કે, રાહુલ ગાંધીની સાંસદો સાથેની બેઠક સફળ રહી હતી.એ પછી



રાહુલ ગાંધીએ માનવાધિકારોના મુદ્દા પર સામાજીક સંગઠનો સાથે યોજાયેલા કાર્યક્રમમાં ભાગ લીધો હતો. એ પછી તેઓ ફ્રાંસ જવા રવાના થયા હતા. આજે તેઓ રાજધાની પેરિસમાં મીડિયાને સંબોધિત કરવાના છે. ૧૧ સપ્ટેમ્બરે તેઓ નોર્વે જવાના છે. નોર્વેની રાજધાની ઓસ્લોમાં તેઓ સાંસદો સાથે મુલાકાત કરશે તેમજ ભારતીય મૂળના લોકોને પણ મળશે. ઓસ્લો યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ સાથે પણ રાહુલ ગાંધી સંવાદ કરશે.

### રાષ્ટ્રપતિ દ્વારા જી૨૦ સમિટમાં ડિનરનું આયોજન

## જી૨૦ના ડિનરમાં દેશના ૭૮ પરંપરાગત વાદ્ય વાદકો ભાગ લેશે

### ગાંધર્વ અતોદ્યમ ગ્રુપ દ્વારા ભારત વાદ્ય દર્શનમ કાર્યક્રમ

। નવી દિલ્હી, તા.૮ ।

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા જી૨૦ સમિટમાં ભાગ લેનારા નેતાઓના સન્માનમાં ડિનરનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે દેશના સંગીતના વારસાની ઝલક દર્શાવતા, ઉત્કૃષ્ટ વાદ્યવાદકોનું જૂથ શાસ્ત્રીય સંગીત અને સમકાલીન સંગીતની વિવિધ શૈલીમાં જી૨૦માં હાજરી આપનારા નેતાઓ માટે પ્રદર્શન અને રજૂઆત કરશે.

દેશભરમાંથી ૭૮ પરંપરાગત વાદ્ય વાદકો આ કાર્યક્રમમાં ભાગ લેશે. આ પ્રસંગે ગાંધર્વ અતોદ્યમ ગ્રુપ દ્વારા ભારત વાદ્ય દર્શનમ (ભારતની સંગીત યાત્રા) કાર્યક્રમ રજૂ કરવામાં



આવશે. તૈયાર કરવામાં આવેલા ભોજન સમારંભ કાર્યક્રમના બ્રોશર અનુસાર કાર્યક્રમમાં જે મુખ્ય શૈલીઓ દર્શાવવામાં આવશે તેમાં હિન્દુસ્તાની, કર્ણાટક લોક અને સમકાલીન સંગીતનો સમાવેશ થાય છે. તેમાં સંતૂર, સારંગી, જલ તરંગ અને શહનાઈ જેવા ભારતીય શાસ્ત્રીય સંગીતનાં વાદ્યોનો સમાવેશ કરવામાં આવશે. આ કાર્યક્રમ ભારતના સમૃદ્ધ સંગીત વારસાને પ્રદર્શિત કરશે.

કાર્યક્રમ સંગીતના ધીમા લયની રચનાઓ સાથે શરૂ થશે. ત્યાર બાદ મધ્યમ લયની રચનાઓ અને અંતમાં ઝડપી લયની કેટલીક રચનાઓ સાથે સમાપ્ત થશે. બ્રોશરમાં જણાવવામાં આવ્યું છે કે વાદ્યકોના વાદ્યમાં સમગ્ર ભારતમાંથી ૩૪ હિન્દુસ્તાની સંગીતનાં વાદ્ય, ૧૮ કર્ણાટક સંગીતનાં વાદ્ય અને ૨૬ લોક સંગીતનાં વાદ્યનો સમાવેશ થાય છે. ૭૮ વાદ્ય કલાકારોમાં ૧૧ બાળકો, ૧૩ મહિલાઓ, ૬ વિકલાંગ કલાકારો, ૨૬ યુવાનો અને ૨૨ વ્યાવસાયિકોનો સમાવેશ થાય છે. આ વાદ્યકો તેઓ જે પ્રદેશ કે રાજ્ય સાથે સંબંધિત છે એ રાજ્યનો પરંપરાગત પોશાકમાં સંગીત પીરસશે.

### ભૂતપૂર્વ વડાપ્રધાને મોદી સરકારની પ્રસંશા કરી

## નવી વિશ્વ વ્યવસ્થાને ચલાવવામાં ભારતની ભૂમિકા મહત્વપૂર્ણ છે

। નવી દિલ્હી, તા.૮ ।

ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહે કહ્યું કે રશિયા-યુક્રેન યુદ્ધના પગલે નવી વિશ્વ વ્યવસ્થાને ચલાવવામાં ભારતની ભૂમિકા મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું કે ભારતે શાંતિની અપીલ કરતી વખતે પોતાના સાર્વભૌમ અને આર્થિક હિતોને પ્રથમ સ્થાને રાખીને યોગ્ય કામ કર્યું છે.

જી-૨૦ સમિટ પહેલા ધ ઈન્ડિયન એક્સપ્રેસને આપેલા ઈન્ટરવ્યુમાં પૂર્વ વડાપ્રધાને રશિયા-યુક્રેન યુદ્ધ, આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની ભૂમિકા અને ચીન સાથેના સરહદ વિવાદ પર વાત કરી હતી. રશિયા-યુક્રેન યુદ્ધ અંગે મનમોહન સિંહે કહ્યું કે જ્યારે બે કે તેથી વધુ દેશો વચ્ચે તણાવ હોય છે ત્યારે અન્ય દેશોને એક બાજુ પસંદ કરવાની ફરજ પડે છે.



તેમણે કહ્યું, 'મને લાગે છે કે શાંતિ માટે અપીલ કરીને, ભારતે તેના સાર્વભૌમ અને આર્થિક હિતોને પ્રથમ સ્થાન આપીને વધુ સારી રીતે યોગ્ય કાર્ય કર્યું છે.' મનમોહન સિંહે કહ્યું કે રશિયા-યુક્રેન સંઘર્ષ અને ચીન અને પશ્ચિમી દેશો વચ્ચેના તણાવને કારણે વિશ્વ વ્યવસ્થામાં ઘણું પરિવર્તન આવ્યું છે. આ નવી સિસ્ટમના સંચાલનમાં ભારતે મહત્વની ભૂમિકા ભજવી છે અને આજે વૈશ્વિક સ્તરે ભારતની વિશ્વસનીયતા વધી છે.












## ન્યુઝ બોક્ષ

### ગુજરાતના કુલ ૨૦૬ જળાશયોમાં સરેરાશ ૭૧.૮૬ ટકા પાણીનો સંગ્રહ

। અમદાવાદ,તા.૮ ।

ગુજરાતમાં ડેમની શું સ્થિતિ છે તેના પર નજર કરીએ તો રાજ્યના કુલ ૨૦૬ જળાશયોમાં સરેરાશ ૭૧.૮૬ ટકા પાણીનો સંગ્રહ છે. સૌથી વધુ સૌરાષ્ટ્રના ડેમમાં પાણીનો સંગ્રહ નોંધાયો છે. સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમમાં હાલ સરેરાશ ૮૧.૭૨ ટકા પાણીનો જથ્થો છે. જ્યારે મધ્ય ગુજરાતના ડેમની સ્થિતિ ચિંતાજનક છે. મધ્ય ગુજરાતના ૧૭ ડેમમાં હાલ માત્ર ૪૪.૪૯ ટકા પાણીનો જ જથ્થો છે. છેલ્લા ઘણા સમયથી ગુજરાતમાં વરસાદે વિરામ લીધો હતો. રાજ્યમાં મેઘરાજાની સિઝનની બીજી ઈનિંગનો પ્રારંભ થઈ ચૂક્યો છે. જળાશયોમાં સતત ઘટી રહેલા જળસ્તરે તંત્રની ચિંતા વધારી હતી. જોકે મેઘાની ધમાકેદાર એન્ટ્રી બાદ રાજ્યના જળાશયોમાં પાણીનો સારો એવો સંગ્રહ થયો છે. ગુજરાતમાં ડેમની શું સ્થિતિ છે તેના પર નજર કરીએ તો રાજ્યના કુલ ૨૦૬ જળાશયોમાં સરેરાશ ૭૧.૮૬ ટકા પાણીનો સંગ્રહ છે. સૌથી વધુ સૌરાષ્ટ્રના ડેમમાં પાણીનો સંગ્રહ નોંધાયો છે. સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમમાં હાલ સરેરાશ ૮૧.૭૨ ટકા પાણીનો જથ્થો છે. જ્યારે મધ્ય ગુજરાતના ડેમની સ્થિતિ ચિંતાજનક છે.

### બનાસકાંઠામાં પ્રેમિકાને મળવા ગયેલા ૨ યુવકોને ગામલોકોએ સજા આપી

। બનાસકાંઠા, તા.૮ ।

અવાર નવાર પ્રેમિ-પ્રેમિકાને ચોરની જેમ લપાતો છુપાતો મળવા ગયા બાદ અચાનક જ ગ્રામજનોનાં હાથે ઝડપાઈ ગયા બાદ ગ્રામજનો દ્વારા તેને મેથીપાક ચખાડવામાં આવે છે. તેમજ ઘણી વખત તો ગ્રામજનો દ્વારા તેને ચપ્પલનો હાર પહેરાવી ગધેડા પર પણ બેસાડવામાં આવે છે. તો અમુક વખત તેને માથે મુંડન કરી ગામમાં પણ ફેરવવામાં આવે છે. આવા અનેક વીડિયો સોશિયલ મીડિયામાં અવાર નવાર વાયરલ થતા હોય છે. આવો જ એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થવા પામ્યો છે. આ બંને યુવકે પ્રેમિકાને મવા ગયા હતા અને પકડાઈ ગયો હોવાનું હાલ જાણવા મળી રહ્યું છે. બનાસકાંઠાનાં સરહદીય વિસ્તારનાં ગામમાં રાત્રીનાં સમયે પ્રેમિકાને મળવા ગયેલ પ્રેમી યુવકો ગ્રામજનોનાં હાથે ઝડપાઈ ગયા હતા. જે બાદ ગ્રામજનો દ્વારા બંને યુવકોની પૂછપરછ હાથ ધરતા તેઓ પોતાની પ્રેમિકાને મળવા આવ્યા હોવાનું સામે આવ્યું હતું. જે બાદ ગ્રામજનો દ્વારા બંને યુવકોને બરાબરનો મેથીપાક ચખાડ્યો હતો. તેમજ બંને યુવકોને સામ સામે બેસાડી મુંડન કરાવ્યું હતું. ત્યારે અવાર નવાર પ્રેમીકાને મળવા ગયેલ પ્રેમીઓ પકડાઈ જાય ત્યારે તેઓને સજાનાં ભાગરૂપે મુંડન કરવામાં આવે છે.

### વરસાદ વરસવાને કારણે લોકોમાં ભારે ઉત્સાહ

# રાજ્યમાં મેઘરાજાની મહેર થતા જગતનો તાત ખુશ

### લોકોને બફારા અને ગરમીમાંથી આંશિક રાહત મળી છે, તો બીજી બાજુ આ વરસાદને કારણે ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ છવાયો છે

। અમદાવાદ, તા.૮ ।

રાજ્યમાં ગુરુવારે જનમાષ્ટમીની ઉત્સાહભેર ઉજવણી થઈ. આ સાથે વરસાદે પણ અનેક જગ્યાએ પોતાની મહેર વરસાવી. અમદાવાદમાં પણ ગુરૂવારે સાંજે ધોધમાર વરસાદ વરસ્યો હતો. આ સાથે ભાવનગર, અરવલ્લી, રાજપીપળા, બોટાદ અને સુરત સહિત અનેક વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો.



જનમાષ્ટમીના દિવસે વરસાદ વરસવાને કારણે લોકોમાં ભારે ઉત્સાહ છવાયો હતો. લોકોને બફારા અને ગરમીમાંથી આંશિક રાહત મળી છે. તો બીજી બાજુ આ વરસાદને કારણે ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ છવાયો છે. ત્યારે હવામાન વિભાગે રાજ્યના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની પણ આગાહી કરી છે. આગામી ૪૮ કલાકમાં નર્મદા, ડાંગ, નવસારી, દમણ, તાપીમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ગુરૂવારે ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના ટાણા ગામ અને આજુબાજુ ગામમાં ધોધમાર વરસાદ વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ વરસ્યો હતો. જેના કારણે ગામમાં વીજળી પણ ગુલ થઈ ગઈ હતી. દિવસભરના ઉકળાટ અને અસહ્ય બફારા બાદ વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં આજે અતિભારે વરસાદની આગાહી છે. ખાસ કરીને વલસાડ જિલ્લામાં સતત બે દિવસથી વરસાદી માહોલ છે. મોડી રાત્રે પણ વાપી સહિત સમગ્ર વલસાડમાં મોડી રાતે ધોધમાર વરસાદ વરસ્યો હતો. વલસાડ તેમજ આસપાસના વિસ્તારમાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ વરસ્યો હતો. વાતાવરણમાં ઠંડક પ્રસરતા લોકોએ ગરમી અને બફારાથી રાહત અનુભવી હતી. આમ બે દિવસથી વરસાદની હેલીને કારણે ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે. જિલ્લામાં તમામ તાલુકાઓમાં સરેરાશ ૨ થી ૩ ઈંચ વરસાદ વરસ્યો છે. અરવલ્લીમાં રાત દરમિયાન મેઘરાજાએ પણ જાણે શ્રી કૃષ્ણ જન્મોત્સવ પ્રસંગે હાજરી નોંધાવી હતી. અરવલ્લીના શામળાજીમાં મેઘરાજાએ મહેર કરી હતી અને અસહ્ય ગરમી બાદ વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. વરસતા વરસાદ વચ્ચે પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભગવાનના દર્શન અર્થે ઉમટ્યા હતા. સુરેન્દ્રનગરના વઢવાણમાં મોડી રાત્રે વરસાદી માહોલ જામ્યો છે. શહેરમાં મોડી રાત્રે ધોધમાર વરસાદ વરસ્યો હતો. જન્માષ્ટમીની ઉજવણી સમયે જ વરસાદ થયો હતો. વરસાદ વરસતા લોકોને બફારાથી રાહત મળી હતી અને જનમાષ્ટમીનો ઉત્સાહ બેવડાયો હતો. નર્મદાના રાજપીપલામાં પણ વરસાદ વરસ્યો હતો. જન્માષ્ટમીની ઉજવણી સમયે જ વરસાદ થયો. જેથી ભક્તોએ મેઘમહેર વચ્ચે ઉજવણી કરી હતી. રાજપીપલા શહેરમાં અનેક જગ્યાએ કૃષ્ણ ઉત્સવ દરમિયાન વરસાદ થતા લોકોમાં ઉત્સાહ વધ્યો હતો. બોટાદ શહેર અને જિલ્લામાં છેલ્લાં ઘણાં દિવસોથી વરસાદે વિરામ લીધો હતો. જ્યારે આજે દિવસ દરમિયાન બફારો અને ઉકળાટ બાદ સાંજના કડાકા ભડાકા સાથે વરસાદ શરૂ થયો હતો.

### હવે વ્યાજ સાથે રકમ ચુકવવી પડશે

## બેન્કે NRI ખાતેદારના એકાઉન્ટમાંથી ખોટી રીતે ૨૪ લાખ રૂપિયા કાપી લીધા

### દિલીપ કુમાર પટેલે નવસારીની ભુલા ફળિયા બ્રાન્ચમાં ૩૦ મે ૨૦૧૨ના રોજ ફિક્સ ડિપોઝિટમાં ૬૦ મહિના માટે ૧.૧૪ કરોડ મુક્યા હતા

। સુરત, તા.૮ ।

ભારતમાં બેંક્રો ઘણી વખત ગ્રાહકની સાથે છેતરપિંડીભર્યું વલણ અપનાવતી હોય છે જેના કારણે ગ્રાહકને મોટું નુકસાન જાય છે. આવા કિસ્સામાં ગ્રાહકે ન્યાય મેળવવા માટે અદાલતની શરણે જવું પડે છે. સુરતના નવસારીમાં પણ આવી જ એક ઘટના બની છે. નવસારીના એક NRI ખાતેદારના એકાઉન્ટમાંથી બેંક્ર ઓફ બરોડાએ લગભગ ૨૪ લાખ રૂપિયા કપાત કરી લીધા બાદ ગ્રાહક સુરક્ષા પંચે એનઆરઆઈ ગ્રાહકને ૨૪ લાખ રૂપિયા પરત કરવા અને તેના પર ૯ ટકા લેખે વ્યાજ પણ ચુકવવા બેંક્રને આદેશ આપ્યો છે. આ કેસની વિગત એવી છે કે દિલીપ કુમાર પટેલ નામના એનઆરઆઈ ઝામ્બિયામાં વસે છે. તેમણે બેંક્ર ઓફ બરોડામાં ૨.૪૨ કરોડની ફિક્સ ડિપોઝિટ રાખી હતી. આ એફડીની મુદત પાકી ગઈ ત્યારે બેંક્ર ઓફ બરોડાએ ૨૪.૩૧ લાખ રૂપિયા ગેરકાયદે રીતે કાપી લીધા હતા તેવી ફરિયાદ છે. ગ્રાહક સુરક્ષા કમિશને દિલીપકુમાર પટેલને ૨૪.૩૧ લાખની રકમ ચુકવવા આદેશ આપ્યો છે એટલું જ નહીં, પટેલને જે માનસિક ત્રાસ મળ્યો છે તે બદલ ૨૫,૦૦૦ રુપિયા ચુકવવા અને કાનૂની ખર્ચ પેટે ૧૦,૦૦૦ રૂપિયા ચુકવવા ગ્રાહક સુરક્ષા પંચે આદેશ આપ્યો છે. દિલીપ કુમાર પટેલે નવસારીની ભુલા ફળિયા બ્રાન્ચમાં ૩૦ મે ૨૦૧૨ના રોજ ફિક્સ ડિપોઝિટમાં ૬૦ મહિના માટે ૧.૧૪ કરોડ રૂપિયા મુક્યા હતા. આ એફડી ૩૦ મે ૨૦૧૭ના રોજ પાકી ગઈ હતી જેને ફરીથી ૬૦ મહિના માટે એફડીમાં મુકવામાં આવી હતી જેનો વ્યાજદર ૬.૭૫ ટકા હતો. આ રકમ ૩૦ મે ૨૦૨૨ના રોજ મેચ્યોર થઈ હતી અને તેની રકમ વધીને ૨.૪૨ કરોડ થઈ ગઈ હતી. દિલિપ પટેલે ૨૦૧૮માં પોતાનું એકાઉન્ટ ઓનલાઈન ચેક કર્યું તો તેને જાણવા મળ્યું કે બેંક્રે વ્યાજદર ઘટાડી દીધો છે. પટેલે બેંક્રને મેઈલ કર્યો કારણ કે બેંક્ર ૬.૭૫ ટકા વ્યાજ ચુકવવા સહમત થઈ હતી. પટેલની એફડી રિન્યુએબલ હતી અને તેથી મે ૨૦૨૨ના રોજ આ એફડી પાકી ગઈ ત્યારે બંને પાર્ટીની મંજૂરી મુજબ એફડી રિન્યુ થઈ ગઈ હતી. નવેમ્બર ૨૦૨૨માં પટેલને રૂપિયાની જરૂર પડવાથી તેણે બેંક્ર પાસે માગણી કરી કે તે પાકતી મુદતે તેની જે એફડીની રકમ વધીને ૨.૪૨ કરોડ થઈ ગઈ છે તે આપવામાં આવે અને તેની ઉપર પાંચ મહિનાનો વ્યાજ પણ ચુકવવામાં આવે. જોકે, બેંક્રે કહ્યું કે પટેલને માત્ર ૨.૩૪ કરોડ રૂપિયા જ મળશે. તેથી પટેલે બેંક્રના અધિકારીઓને ફરિયાદ કરી પણ તેનો કોઈ ઉકેલ ન આપ્યો. બેંક્રની દલીલોથી કંટાળીને દિલીપ પટેલે ૧૧ નવેમ્બર ૨૦૨૨ના રોજ તેનું એફડી એકાઉન્ટ બંધ કરી દીધું અને બેંક્ર ઓફ બરોડા પાસેથી ૨.૪૨ કરોડ માગ્યા. ત્યારે બેંક્ર ઓફ બરોડા માત્ર ૨.૧૮ કરોડ ચુકવવા તૈયાર થઈ.

### રાજકોટના જેતપુરના લોકમેળાનો બનાવ

## લોકમેળામાં ચકડોળની મઝા માણી રહેલી યુવતીનું હાર્ટ એટેકથી મોત

। રાજકોટ, તા.૮ ।

રાજ્યમાં હાર્ટ એટેક આવતા યુવાનોના અચાનક મોતના કિસ્સા વારંવાર સામે આવી રહ્યા છે. ત્યારે જેતપુરની ૨૦ વર્ષીય યુવતીનું જન્માષ્ટમીનાં મેળામાં ચકડોળમાં બેઠી હતી ત્યારે હાર્ટ એટેકથી મોત નીપ જ્યુ છે. આ સમાચાર ફેલાતાની સાથે આખા ગામમાં શોક છવાઇ ગયો હતો. નોંધનીય છે કે, રાજકોટમાં જન્માષ્ટમીના દિવસે જ બે યુવાનોના પણ હાર્ટ એટેકથી મોત નીપજ્યા છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, રાજકોટના જેતપુરના લોકમેળામાં યુવતીને હાર્ટ એટેક આવતા મોત નીપજ્યુ છે. મેળામાં યુવતી ચકડોળમાં બેઠી હતી તે જ સમયે યુવતીને હાર્ટ એટેક આવ્યો હતો. અચાનક તેને ચક્કર આવ્યા હતા. જે બાદ યુવતીને સારવાર અર્થે પહેલા ખાનગી હોસ્પિટલ અને બાદમાં સરકારી હોસ્પિટલમાં ખસેડાઈ હતી. આ અંગે મળતી માહિતી પ્રમાણે, રાજકોટના જેતપુરના લોકમેળામાં યુવતીને હાર્ટ એટેક આવતા મોત



નીપજ્યુ છે. મેળામાં યુવતી ચકડોળમાં બેઠી હતી તે જ સમયે યુવતીને હાર્ટ એટેક આવ્યો હતો. અચાનક તેને ચક્કર આવ્યા હતા. જે બાદ યુવતીને સારવાર અર્થે પહેલા ખાનગી હોસ્પિટલ અને બાદમાં સરકારી હોસ્પિટલમાં ખસેડાઈ હતી. રાજ્યમાં યુવાનોમાં વધી રહેલા હાર્ટ એટેકના બનાવ વધતા ચિંતા વ્યાપી ગઈ છે. રાજકોટમાં જન્માષ્ટમીનાં કાર્યક્રમમાં ૨૫ વર્ષીય જતીન સરવૈયા નામના યુવકનું હાર્ટ એટેકથી નિધન થયું છે. રાજકોટના જુના માર્કેટિંગ યાર્ડ પાસે વીર હનુમાનજી ચોક પાસે આ બનાવ બન્યો હતો. જન્માષ્ટમીનો કાર્યક્રમ ચાલી રહ્યો હતો ત્યારે યુવાનને છાતીમાં દુખાવો ઉપડ્યો હતો.

## ભાવનગર જિલ્લામાં વહેલી સવારે ભૂકંપનો આંચકો અનુભવાયો

। ભાવનગર, તા.૮ ।

સૌરાષ્ટ્રમાં ફરી એકવાર ભૂકંપના આંચકા અનુભવાયા છે, આજે વહેલી સાવરે ભાવનગર જિલ્લામાં હળવો ભૂકંપ નો આંચકો અનુભવાયો છે, સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ભૂકંપનો આંચકો વહેલી સવારે અનુભવાયો છે, જો કે આ આંચકાથી કોઈ જાનહાનિના કે નુકસાનના સમાચાર નથી.સુત્રોમાંથી મળતા સમચાર મુજબ ભાવનગર સહિત ઘોઘા, તળાજા, પાલીતાણા તેમજ સિહોરમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આજે વહેલી સવારે ૪ વાગ્યાની આસપાસ આ ભૂકંપ ના આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્રબિંદુ પાલીતાણાથી લગભગ ૩૦ કિમી દૂર નોંધાયુ હતું. જો કે આ ભૂકંપના કારણે કોઈ જાનહાનિના સમાચાર નથી. આજે વહેલી સવારે ભૂકંપના આંચકાથી ધરા ધ્રુજી ઉઠતા લોકો પોતાના ઘરની બહાર દોડી ગયા હતા.

## ગુજરાત અને મધ્ય પ્રદેશ સહિત ભારતના ઘણા ભાગોમાં મધ્યમથી મજબૂત વાવાઝોડાની આગાહી

। અમદાવાદ, તા.૮ ।


સપ્ટેમ્બરનું બીજું અઠવાડિયું શરૂ થઈ ગયું છે અને ચોમાસું કેટલીક જગ્યાએ હળવા અને અન્ય સ્થળોએ ગરમ વલણ બતાવી રહ્યું છે. ચોમાસાના આ વલણને કારણે કેટલીક જગ્યાએ વરસાદ તો ક્યાંક દુષ્કાળ પડી રહ્યો છે. આવી સ્થિતિમાં ભેજવાળી ગરમી લોકોને પરેશાન કરી રહી છે. ભારતીય હવામાન વિભાગે મહારાષ્ટ્રના મુંબઈ, થાણે, પાલઘર, રાયગઢ, રત્નાગિરી, ધુલે, જલગાંવ અને નાસિક જિલ્લામાં વરસાદ માટે યલો એલર્ટ જાહેર કર્યું છે. હવામાન કચેરીએ ઉત્તર મહારાષ્ટ્ર, ગુજરાત અને મધ્ય પ્રદેશ સહિત ભારતના ઘણા ભાગોમાં મધ્યમથી મજબૂત વાવાઝોડાની આગાહી કરી છે. આ સાથે આજે હળવાથી મધ્યમ વરસાદની પણ આગાહી કરવામાં આવી છે.'X' પર IMD દ્વારા જારી કરવામાં આવેલી પોસ્ટમાં કહેવામાં આવ્યું છે કે, 'પશ્ચિમ મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં આગામી ૩ દિવસમાં ભારે વરસાદનો સામનો કરવો પડશે.' હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, સેટેલાઇટથી મળેલી નવીનતમ તસવીરો દર્શાવે છે કે દેશના વિવિધ ભાગોમાં વાદળો ફરી સક્રિય થઈ રહ્યા છે. જેના કારણે વિવિધ વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. ઉત્તર-પશ્ચિમ ઉત્તર પ્રદેશ, પૂર્વ ઉત્તર પ્રદેશ, દક્ષિણ બિહાર, ઉત્તર મહારાષ્ટ્ર, ગુજરાત પ્રદેશ, મધ્ય પ્રદેશના ભાગોમાં મધ્યમથી તીવ્ર વાવાઝોડાની શક્યતા છે. અનેક વિસ્તારોમાં વીજળી પણ પડી શકે છે. તેવી જ રીતે, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરામાં રાત્રિ દરમિયાન વીજળી પડવાની સંભાવના છે. ઉત્તર પ્રદેશના કેટલાક ભાગોમાં આજે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સિવાય કેરળ, તમિલનાડુ, આંધ્ર પ્રદેશ, આંદામાન અને નિકોબાર ટાપુઓ, સિક્કિમ, લદાખ, અરુણાચલ પ્રદેશ, રાજસ્થાન અને તેલંગાણામાં હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે.

**વિશેષ** ભગવાન શ્રી કૃષ્ણના જન્માષ્ટમી પર્વ ઉત્સવને પણ કેવડીયા ખાતે માણ્યો વિવિધ પ્રકલ્પો અને પ્રકૃતિ-સંસ્કૃતિ અને વિકાસને જોઇને અભિભૂત થયા

# ધ પ્રેસ ગેલેરી એડવાઈઝરી કમિટી ઓફ છત્તીસગઢ લેજીસ્લેટીવ એસેમ્બલીના ચેરમેન બાબુલાલ શર્માની આગેવાનીમાં ૧૮ જેટલા સભ્યોએ સ્ટેચ્યુ ઓફ યુનિટી મુલાકાત લીધી

### સિનિયર ઇન્ફોરમેશન ઓફિસર અન્ડર સેક્રેટરી સિનિયર રિપોર્ટર માર્શલશ્રી જી.એસ.સલુજાના નેતૃત્વમાં ગુજરાતમાં ત્રણ દિવસના સ્ટડી ટુર માટે પધાર્યા છે. એક દિવસ નર્મદા જિલ્લામાં કેવડીયા ખાતે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાના દર્શન મુલાકાત સાથે સરદાર સરોવર ડેમ, વેલી ઓફ ફ્લાવર અને મોન્સૂન મેઘ મલ્હાર ફેસ્ટીવલની લિધેલી મુલાકાત

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ધ પ્રેસ ગેલેરી એડવાઈઝરી કમિટી ઓફ છત્તીસગઢ લેજીસ્લેટીવ એસેમ્બલી અંડરટેકન સ્ટડી ટુર પ્રોગ્રામ માટે ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે પધાર્યા છે. તા.૬ થી ૯ દરમ્યાન આ સભ્યો કમિટીના ચેરમેનશ્રી બાબુલાલ શર્માની આગેવાનીમાં અમદાવાદ સર્કિટ હાઉસથી તા.૦૭/૦૯/૨૦૨૩ના રોજ બપોરે કેવડીયા ખાતે આવી પહોચતા નાયબ કલેક્ટર પ્રોટોકોલશ્રી એન.એફ. વસાવાએ તેમનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું અને ભોજન બાદ સ્ટેચ્યુ ઓફ યુનિટી મુલાકાત લીધી હતી અને વિશ્વના પ્રવાસન ફલક પર અંકિત થયેલી વિશ્વની સૌથી ઊંચી ૧૮૨ મીટરની પ્રતિમાને જોઈને અભિભૂત થયા હતા અને સરદાર સાહેબની વ્યૂઇંગ ગેલેરી જોઈને તથા નર્મદા મૈયાના દર્શન અને સરદાર સરોવર ડેમ જોઈને આનંદની ખુશીથી ભાવુક બન્યા હતા અને પ્રાકૃતિક નજારો જોઈને અચંબામાં પડી ગયા હતા અને ઠેર-ઠેર સ્થળોએ પ્રકલ્પોમાં સેલ્ફી લઈને પોતાના મોબાઈલમાં તસ્વીર ખેંચીને આ સ્થળની યાદગીરીને હર્ષથી કંડારી હતી આ પ્રતિનિધિ મંડળ સરદાર સરોવર ડેમ સાઈટ વેલી ઓફ ફલાવર અને





ગુજરાત પ્રવાસન વિભાગ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી દ્વારા આયોજીત મેઘ મલ્હાર ઉત્સવ-૨૦૨૩ની ઝાંખી મિહાળીને ખુશી વ્યક્ત કરી હતી તેમજ જન્માષ્ટમી તહેવારની ઉજવણી સાંસ્કૃતિક કાર્યક્રમને નિહાળીને ખૂબ ખુશ થયા હતા. તેઓએ પ્રતિભાવમાં જણાવ્યું હતું કે, પ્રધાન મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને ધરતી પર ઉતારેલા પ્રકલ્પોની ભરપુર પ્રશંશા કરી હતી એક ભારત શ્રેષ્ઠ ભારતના સ્વપ્રને સાકાર થતું જોઈને અને કેવડીયા ખાતે ઉમટેલા પ્રવાસીઓ અને સુવિધા તેમજ વિકાસથી પ્રભાવિત થયા હતા. અને સિનિયર ઈન્ફોરમેશન ઓફિસર અન્ડર સેક્રેટરી સિનિયર રિપોર્ટર માર્શલશ્રી જી.એસ. સલુજાએ અહીં આગતા સ્વાગત અને સુવિધા પુરી પાડવા બદલ આભારીની લાગણી વ્યક્ત કરી હતી. આ ટુર પ્રોગ્રામમાં વિધાન સભા છત્તીસગઢમાં કવરેજ કરતા વિવિધ ચેનલોના બ્યૂરો ચીફ અને રિપોર્ટરો આ પ્રવાસમાં જોડાયા હતા અને અહીં આવવાના મોકાને યાદગાર અને આનંદની પળ ગણાવી ચારેબાજું હરિયાળી અને પ્રાકૃતિક નઝારો તથા સહ્યાદ્રિ સાતપુડાની ટેકરીઓ જોઈને અત્યંત આનંદ સાથે સૌએ આભાર માન્યો હતો અને આ ટુર પ્રોગ્રામનું સમગ્ર કવરેજ માહિતી ટીમ નર્મદા દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ SOU ના ગાઈડ મિત્ર દ્વારા સમગ્ર વિવિધ પ્રકલ્પો અંગે વિસ્તૃતમાં માહિતી પુરી પાડી હતી

## પાકિસ્તાને વન-ડે રેન્કિંગમાં ટોચનું સ્થાન ગુમાવી દીધું

। નવી દિલ્હી, તા.૮ ।

એશિયા કપ-૨૦૨૩નો સુપર-૪ રાઉન્ડ શરૂ થઈ ગયો છે. ભારત અને કટ્ટર હરીફ પાકિસ્તાન વચ્ચે એશિયા કપ ના સુપર-૪ રાઉન્ડની મેચ આવતા રવિવારે એટલે કે ૧૦મી સપ્ટેમ્બરે રમાશે. માત્ર ભારત અને પાકિસ્તાન જ નહીં, દુનિયાભરના ક્રિકેટ ચાહકો આ મેચને લઈને ઉત્સાહિત છે. જો કે આ પહેલા બાબર આઝમની સુકાની ટીમને આઈસીસીરેંકિંગમાં મોટો ઝટકો લાગ્યો હતો. ૧૦ સપ્ટેમ્બરે ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાનારી મેચની સૌ કોઈ રાહ જોઈ રહ્યા છે. તેનું મુખ્ય કારણ એ છે કે બંને ટીમો વચ્ચેની છેલ્લી મેચ વરસાદને કારણે અનિર્ણિત રહી હતી. ભારત અને પાકિસ્તાન વચ્ચે ગ્રુપ લેવલ પર રમાયેલી મેચ વરસાદ અને ખરાબ હવામાનને કારણે હારી ગઈ હતી. ત્યારબાદ ભારતીય ટીમે બેટિંગ કરી પરંતુ પાકિસ્તાની બેટ્સમેનો દેખાવ કરી શક્યા ન હતા. ત્યારબાદ મેચ અનિર્ણિત જાહેર કરવી પડી હતી. હવે આ શાનદાર મેચ ૧૦મી સપ્ટેમ્બરે રમાવાની છે.

### ભારત-પાકિસ્તાન સુપર ફોર મેચ રવિવારે રમાશે

# ભારત-પાકિસ્તાન સુપર-૪ મેચ માટે રિઝર્વ ડે રાખવાનો નિર્ણય

। નવી દિલ્હી, તા.૮ ।

એશિયા કપ ૨૦૨૩માં ભારત પાકિસ્તાન વચ્ચે ત્રીજી સુપર ફોર મેચ રવિવારના રોજ કોલંબોમાં રમાશે. આ મેચને લઈને એક મહત્વના સમાચાર મળી રહ્યા છે જેમાં ભારત-પાકિસ્તાન વચ્ચે રમાનાર આ મેચ માટે એક રિઝર્વ ડે રાખવામાં આવ્યો છે. જો આ મેચ વરસાદના કારણે રદ્દ કરવામાં આવશે તો મેચ બીજા દિવસે રિઝર્વ ડેના દિવસે રમાશે. ભારત-પાકિસ્તાન વચ્ચે રમાયેલી અગાઉની મેચ વરસાદના કારણે રદ્દ થઈ હતી. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ એશિયા કપ ૨૦૨૩ના સુપર ફોરમાં ફક્ત એક મેચ માટે રિઝર્વ ડે રાખવામાં આવ્યો છે. ભારત-પાકિસ્તાન વચ્ચે અગાઉની મેચમાં વરસાદને કારણે પુરી થઈ શકી ન હતી. આ કારણે સુપર ફોર મેચમાં રિઝર્વ ડે રાખવામાં આવ્યો છે. સુપર ફોરમાં અન્ય મેચમાં રિઝર્વ ડે રાખવામાં આવ્યો નથી. ભારત-પાકિસ્તાન મેચ ૧૦મી સપ્ટેમ્બરે રવિવારના રોજ કોલંબોમાં રમાશે. આ મેચ પર પણ વરસાદનું સંકટ છે. જો વાતાવરણ સાફ હશે તો મેચ સરળતાથી રમાશે. જો વરસાદના થોડીવાર માટે આવે અથવા ઓવરને કાપીને મેચ પુરો થઈ શકે તો એ રીતે પણ કરવામાં આવશે, પણ જો વધુ વરસાદ વરસે અને મેચ રદ્દ કરવામાં આવે તો મેચ રિઝર્વ ડેના દિવસે રમાશે.




**સુપર ફોરમાં ફક્ત એક મેચ માટે રિઝર્વ ડે રખાયો છે**

**એશિયા કપ ૨૦૨૩માં ભારતીય ટીમ સુપર ફોરમાં ત્રણ મેચ રમશે, જેમાં તેની પહેલી મેચ પાકિસ્તાન સાથે છે. આ બાદ બીજી મેચ શ્રીલંકા સામે ૧૨મી તારીખે કોલંબોમાં રમાનાર છે. આ બાદ ત્રીજી મેચ ભારત અને બાંગ્લાદેશ વચ્ચે કોલંબોમાં ૧૫મી સપ્ટેમ્બરના રોજ રમાશે. ટૂર્નામેન્ટની ફાઈનલ મેચ ૧૭ સપ્ટેમ્બરના રોજ રમાનાર છે. આ મેચ પણ કોલંબોમાં રમાનાર છે.**

### યુવરાજ સિંહનું કહેવું છે કે

# વર્લ્ડ કપ ભારતમાં રમવાનો છે તેથી ટીમ ઉપર વધારાનું દબાણ રહેશે

। નવી દિલ્હી, તા.૮ ।



છેલ્લી વખત જ્યારે ભારતમાં આઈસીસી વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપ યોજાયો હતો, ત્યારે મહેન્દ્ર સિંહ ધોનીની આગેવાની હેઠળની ટીમે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં વર્લ્ડ કપની ટ્રોફી ઉપાડીને ૨૮ વર્ષની લાંબી રાહનો અંત આણ્યો હતો. આવું ૧૨ વર્ષ પહેલા થયું હતું. આ દરમિયાન ભારતે દરેક ફોર્મેટમાં રમાયેલા વર્લ્ડકપમાં નિરાશાજનક પ્રદર્શન કર્યું છે. આ વર્ષે ઓક્ટોબરમાં રોહિત શર્મા પાસે ધોનીની સિદ્ધિનું પુનરાવર્તન કરવાની અને ICC ટાઈટલ માટેની દાયકા લાંબી રાહનો અંત લાવવાની તક છે. જોકે, સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું રોહિતની આગેવાની હેઠળની ટીમમાં આ ક્ષમતા છે? આ જ પ્રશ્ન ભારતના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર અને ૨૦૧૧માં ભારતની જીતના હીરો રહેલા યુવરાજ સિંહે પણ પૂછ્યો હતો. આના પર ૨૦૧૧ની ચેમ્પિયન ટીમના ઓપનર વિરેન્દ્ર સેહવાગે આપેલો જવાબ રોહિત સેના માટે ખાસ છે. યુવરાજ સિંહે ગુરુવારે એક્સ (અગાઉ ટ્વિટર) પર વર્તમાન ભારતીય ટીમની દબાણને હેન્ડલ કરવાની અને ઘરના પ્રેક્ષકો સામે પ્રદર્શન કરવાની ક્ષમતા પર સવાલ ઉઠાવ્યા, જે તેની ટીમે ૧૨ વર્ષ પહેલાં કર્યું હતું. તેણે લખ્યું હતું કે, આપણે બધાૈં ઝઝ વર્લ્ડ કપ ૨૩માં ૨૦૧૧નું પુનરાવર્તન કરવા માંગીએ છીએ, પરંતુ ૨૦૧૧માં ભારતે દબાણમાં સારું પ્રદર્શન કર્યું હતું. ટીમ પર ૨૦૨૩માં ફરીથી આવું જ પ્રદર્શન કરવાનું દબાણ છે.

### એશિયાકપની ૧૭ સપ્ટેમ્બરે ફાઈનલ મેચ

# વરસાદને લીધે ફાઈનલ ન થાય તો ટ્રોફી બે દેશોને અપાશે

। નવી દિલ્હી, તા.૮ ।

એશિયા કપ ૨૦૨૩ના અધિકાર કોઈપણ રીતે પાકિસ્તાન પાસે છે. પરંતુ ભારતે સુરક્ષાના કારણોસર પાકિસ્તાનની મુલાકાત લેવાનો ઈનકાર કર્યો હતો. આવી સ્થિતિમાં આ વખતે એશિયા કપ ફરીથી હાઈબ્રિડ મોડલમાં યોજાઈ રહ્યો છે. જ્યાં એશિયા કપની મેચો પાકિસ્તાનની સાથે શ્રીલંકામાં પણ રમાઈ રહી છે. ભારત તેની તમામ મેચ શ્રીલંકામાં જ રમી રહ્યું છે. એશિયા કપની કુલ ૧૩ મેચોમાંથી પાકિસ્તાન ૪ મેચનું આયોજન કરી રહ્યું છે જ્યારે શ્રીલંકા ૯ મેચોની યજમાની કરી રહ્યું છે. ફાઈનલ પણ ૧૭ સપ્ટેમ્બરે શ્રીલંકાના કોલંબોના આર પ્રેમદાસા ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે. જોકે, આ સમયે શ્રીલંકામાં ભારે વરસાદ પડી રહ્યો છે, જેની અસર એશિયા કપ પર પણ પડી છે. શ્રીલંકાની લગભગ દરેક મેચમાં વરસાદે વિક્ષેપ પાડ્યો છે. ભારતની બંને મેચ વરસાદથી ગ્રસ્ત રહી હતી. ભારત અને પાકિસ્તાન વચ્ચેની ગ્રુપ સ્ટેજની મેચ વરસાદને કારણેરદ્દ થઈ ગઈ હતી. તો એમાં કોઈ શંકા નથી કે મેઘરાજાએ એશિયા કપની મજા બગાડી નાખી છે. પરંતુ હવે સવાલ એ ઉઠે છે કે જો ફાઈનલમાં પણ વરસાદ પડશે તો મેચનું પરિણામ કેવી રીતે આવશે. અથવા જો ૧૭મી સપ્ટેમ્બરે વરસાદ પડે અને એક પણ બોલ ફેંકવામાં ન આવે તો પછીના દિવસે મેચ રિઝર્વ ડે તરીકે રમાશે કે નહીં? તમને જણાવી દઈએ કે એશિયન ક્રિકેટ કાઉન્સિલ પહેલા જ સ્પષ્ટ કરી ચૂક્યું છે. કે એશિયા કપ ૨૦૨૩ની ફાઈનલ માટે કોઈ રિઝર્વ ડે નથી. એટલે કે, જો ૧૭ સપ્ટેમ્બરના રોજ ફાઈનલના દિવસે વરસાદ પડે અને મેચ ન થઈ શકે. તેથી ફાઈનલિસ્ટ બે ટીમો વચ્ચે ટ્રોફી વહેંચવામાં આવશે.

એશિયા કપના ઈતિહાસમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે એક પણ વખત ફાઈનલ મેચ રમાઈ નથી. આ પોતાનામાં જ ચોંકાવનારી બાબત છે. પરંતુ આ વખતે તમામ ચાહકો એવી આશા રાખી રહ્યા છે કે ફાઈનલ ભારત અને પાકિસ્તાન વચ્ચે થવી જોઈએ જેથી ચાહકોને બંને ટીમો વચ્ચે બીજી કઠિન મેચ જોવાની તક મળે.



બીસીસીઆઈના સચિવ જય શાહે સચિન તેંડુલકરને ક્રિકેટ વર્લ્ડકપની ગોલ્ડન ટિકિટ આપી.

### ભારતીય ક્રિકેટ ટીમનો પૂર્વ સુકાની અમેરિકાના પ્રવાસે

# ધોનીએ યુએસના પૂર્વ પ્રમુખ ટ્રમ્પ સાથે ગોલ્ફની મજા માણી



। વોશિંગ્ટન, તા.૮ ।

ભારતીય ક્રિકેટ ટીમના મહાન કેપ્ટનોમાંથી એક એવા મહેન્દ્ર સિંહ ધોનીના પ્રશંસક ભારતમાં જ નહીં વિશ્વમાં પણ છે. ધોનીએ ક્રિકેટમાં ઘણી સિદ્ધિ હાંસલ કરી છે. ધોની આઈસીસીની ત્રણ મેજર ટુર્નામેન્ટ જીતાડનાર વિશ્વના એકમાત્ર કેપ્ટન છે. ધોનીને ક્રિકેટ સિવાય અન્ય રમતો પણ પસંદ કરે છે. ધોનીનો પ્રથમ પ્રેમ ફુટબોલ છે આ સિવાય તે ટેનિસ અને ગોલ્ફ રમવાનું પણ ચુક્તો નથી. ચેન્નઈ સુપરકિંગ્સના કેપ્ટન હાલ યુએસ ઓપન જોવા પહોંચ્યો હતો. હવે તેની એક નવી તસવીર વાયરલ થઈ રહી છે જેમાં તે અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની સાથે જોવા મળી રહ્યા છે. ધોની હાલમાં અમેરિકાના પ્રવાસે છે ત્યારે કેપ્ટન કુલ ધોનીએ યુએસ ઓપનનો મેચ જોવા સિવાય ગોલ્ફ રમવાનો પણ આનંદ માણ્યો હતો. આ દરમિયાન ધોની સાથે અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પ પણ જોવા મળ્યા હતા. બંનેની તસવીર સોશ્યલ મીડિયા પર વાયરલ થઈ હતી. ભારતના પૂર્વ કેપ્ટન ધોનીને અને પૂર્વ અમેરિકી પ્રમુખ ટ્રમ્પે ગોલ્ફ ક્લબ બેડમિંસ્ટરમાં ગોલ્ફ રમવા માટે બોલાવ્યા હતા. ધોનીના નજીકના વ્યક્તિ હિતેશ સાંઘવીને આ તસવીરને ઈન્સ્ટાગ્રામ પર શેર કરી હતી. આ ઉપરાંત સાંઘવીએ એક વીડિયો પણ પોસ્ટ કર્યો હતો જેમાં ધોની અને ટ્રમ્પ બંને એક સાથે ગોલ્ફ રમતા જોવા મળી રહ્યા છે. દુબઈ સ્થિત વ્યવસાયી સાંઘવી એમએસ ધોનીની સાથે જ હતા અને તેમણે પોતાના સોશ્યલ મીડિયા એકાઉન્ટ પર ભારતના પૂર્વ ક્રિકેટ કેપ્ટનની સાથે તસવીર પણ શેર કરી હતી.

### ભારતીય ટેનિસ સ્ટારનો યુએસ ઓપનમાં ઈતિહાસ

# રોહન બોપન્ના યુએસ ઓપનની ડબલ્સની ફાઈનલમાં પહોંચ્યો

**૪૩ વર્ષીય બોપન્ના પહેલા અન્ય કોઈ પુરુષ ખેલાડી મોટી વયે ઓપન યુગમાં ગ્રાન્ડસ્લેમની ફાઈનલમાં પહોંચ્યા નથી**

। વોશિંગ્ટન, તા.૮ ।

ભારતીય ફેન્સ માટે યુએસઓપનમાંથી એક સારા સમાચાર આવ્યા છે જેમાં ભારતના રોહન બોપન્ના અને તેના ઓસ્ટ્રેલિયાના પાર્ટનર મેથ્યુ એબ્ડેનની જોડીએ ગઈકાલે યુએસ ઓપનના મેન્સ ડબલ્સની ફાઈનલમાં પહોંચી ગયા છે. આ સાથે જ રોહન બોપન્નાએ ઈતિહાસ રચતા એક રેકોર્ડ પણ બનાવ્યો છે. બોપન્ના પહેલા અન્ય કોઈ પુરુષ ખેલાડી આ ઉમ્રમાં ઓપન યુગમાં કોઈપણ ગ્રાન્ડસ્લેમની ફાઈનલમાં પહોંચ્યા નથી.

રોહન બોપન્ના અને મેથ્યુ એબ્ડેનની જોડીએ ગઈકાલે યુએસઓપનની સેમી ફાઈનલમાં ફ્રેન્ચ જોડીને ૭-૬, ૬-૨થી હરાવીને ફાઈનલમાં જગ્યા બનાવી લીધી હતી. આ સાથે રોહન બોપન્ના ૧૩ વર્ષની લાંબી રાહ બાદ ગ્રાન્ડ સ્લેમમાં મેન્સ ડબલ્સની ફાઈનલમાં પહોંચી ગયો છે. ૪૩ વર્ષીય રોહન બોપન્ના માત્ર બીજી વખત મેન્સ ડબલ્સની ફાઈનલમાં રમશે. આ પહેલા ૨૦૧૦માં પણ બોપન્નાએ યુએસઓપનમાં મેન્સ ડબલ્સની ફાઈનલ મેચ રમી હતી.

યુએસઓપન ૨૦૨૩ના મેન્સ ડબલ્સની ફાઈનલમાં બોપન્ના અને એબ્ડેનની ટક્કર ત્રીજા ક્રમાંકિત અમેરિકાના રાજીવ રામ અને બ્રિટેનના જો સેલિસ્બરી સામે આર્થર એશ સ્ટેડિયમમાં થશે. રામ અને સેલિસ્બરી બે વખત યુએસઓપન મેન્સ ડબલ્સ ચેમ્પિયન છે.



## જૂનથી ઓગસ્ટમાં કેરલ-પુડુચેરીમાં મહત્તમ તાપમાન ત્રણ ડિગ્રી વધુ

। તિરૂવનંતપુરમ, તા.૮ ।

આ વર્ષે કેરલ, પુડુચેરી અને અંદામાન-નિકોબાર દ્વીપસમૂહમાં જૂનથી ઓગસ્ટ સુધી મહત્તમ તાપમાન ત્રણ ડિગ્રી વધુ નોંધાયુ છે, જે વિશ્વમાં સૌથી વધુ છે. ગઈકાલે એક નવા રિપોર્ટમાં આ દાવો કરવામાં આવ્યો હતો. ક્લાઈમેટ સેન્ટ્રલ દ્વારા તૈયાર કરવામાં આવેલી એક રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે આબોહવા પરિવર્તનના કારણે આ ત્રણ ભારતના ક્ષેત્રોમાં ૬૦થી વધારે દિવસો સુધી ત્રણ કરતા વધારે ક્લાઈમેટ ચેન્જ ઈન્ડેક્સ સ્તર નોંધાયું હતું. આબોહવા પરિવર્તન સૂચકાંકમાં અવલોકન તેમજ અનુમાનિત તાપમાનની તુલના એવા મોડલો દ્વારા ઉત્પાદિત તાપમાનથી કરવામાં આવે છે જે માનવીય આબોહવા પરિવર્તનના પ્રભાવને દૂર કરે છે.

### મહારાષ્ટ્રના પ્રધાન લંડનની મુલાકાત લેશે

# શિવાજીએ અફઝલખાનને જેનાથી માર્યો તે વાઘ નખ ભારત લાવવાની તૈયારી

। મુંબઈ, તા.૮ ।

છત્રપતિ શિવાજી મહારાજે બીજાપુર સલ્તનતના અફઝલખાનને જે વાઘના નખ વડે મારી નાખ્યો હતો તેને ભારત લાવવાની તૈયારી ચાલી રહી છે. ૧૬૫૯માં બીજાપુર સલ્તનતના કમાન્ડર અફઝલ ખાનને મારવા માટે છત્રપતિ શિવાજી મહારાજે વાઘ નખનો ઉપયોગ કર્યો હતો. જો સૂત્રોનું માનીએ તો બ્રિટિશ અધિકારીઓ તેને ભારત પરત કરવા સંમત થયા છે. રાજ્યના સાંસ્કૃતિક બાબતોના પ્રધાન સુધીર મુનગંટીવાર વિક્ટોરિયા અને આલ્બર્ટ મ્યુઝિયમ સાથે એમઓયુ પર હસ્તાક્ષર કરવા માટે આ મહિનાના અંતમાં લંડનની મુલાકાત લેશે. જો બધું યોજના મુજબ ચાલે છે, તો પ્રખ્યાત વાઘ નાખ આ વર્ષે જ ભારત આવી શકે છે. મંત્રીએ કહ્યું કે અમને બ્રિટિશ સત્તાવાળાઓ તરફથી એક પત્ર મળ્યો છે



જેમાં કહેવામાં આવ્યું છે કે તેઓ અમને છત્રપતિ શિવાજી મહારાજના વાઘા નખ પાછા આપવા માટે સંમત થયા છે. અમે તેને હિંદુ કેલેન્ડરના આધારે શિવાજીએ અફઝલ ખાનને મારી નાખ્યા તે દિવસની વર્ષગાંઠ સુધી લાવી શકીએ છીએ. કેટલીક અન્ય તારીખો પર પણ વિચારણા કરવામાં આવી રહી છે અને વાઘ નખને પરત લાવવાની રીત પર પણ કામ કરવામાં આવી રહ્યું છે. એમઓયુ પર હસ્તાક્ષર ઉપરાંત, અમે શિવાજીની જગદંબા તલવાર જેવી અન્ય વસ્તુઓ પણ જોઈશું જે યુકેમાં છે. તેમને પરત લાવવા માટે પણ પગલાં ભરશે. વાઘ નખની પરત ફરવું એ મહારાષ્ટ્ર અને તેના લોકો માટે એક મોટું પગલું છે. અફઝલ ખાનની હત્યાની તારીખ ગ્રેગોરિયન કેલેન્ડર પર આધારિત ૧૦ નવેમ્બર છે, પરંતુ અમે હિન્દુ તારીખ કેલેન્ડર પર આધારિત તારીખો પર કામ કરી રહ્યા છીએ. સુધીર મુનગંટીવારે કહ્યું કે છત્રપતિ શિવાજી મહારાજની વાઘ નખ એ ઈતિહાસનો અમૂલ્ય ખજાનો છે. તેમની સાથે રાજ્યની જનતાની લાગણી જોડાયેલી છે. ટ્રાન્સફર વ્યક્તિગત જવાબદારી અને કાળજી સાથે થવી જોઈએ. આ માટે, સંસ્કૃતિ વિભાગના અગ્ર સચિવ (ડૉ. વિકાસ ખડગે) મુનગંટીવાર અને રાજ્યના પુરાતત્વ અને સંગ્રહાલયના નિયામક ડૉ. તેજસ ગર્ગ લંડનમાં વીએન્ડએઅને અન્ય મ્યુઝિયમોની મુલાકાત લેશે.

### બેન્ક, પીએસયુ અને ઈન્ફ્રાસેક્ટરના શેરમાં ખરીદી

# સેન્સેક્સ ૩૩૩ પોઈન્ટના વધારા સાથે બંધ, નિફ્ટી ૧૯૮૦૦ને પાર

### કેપિટલ ગુડ્સ, ઓઇલ એન્ડ ગેસ, પાવર અને રિયલ એસ્ટેટ ઇન્ડેક્સમાં ૧.૫-૨ ટકાનો ઉછાળો જોવા મળ્યો

। મુંબઈ, તા.૮ ।

શુક્રવારે સ્થાનિક શેરબજારો ઉછાળા સાથે બંધ થયા છે. બીએસઈસેન્સેક્સ ૩૩૩.૩૫ પોઈન્ટ્સ અથવા ૦.૫૦ ટકાના વધારા સાથે ૬૬,૫૯૮.૯૧ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. એ જ રીતે એનએસઈનિફ્ટી ૯૨.૯૦ પોઈન્ટ અથવા ૦.૪૭ ટકાના વધારા સાથે ૧૯,૮૧૯.૯૫ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. નિફ્ટી પર એનટીપીસી, કોલ ઈન્ડિયા અને બીપીસીએલના શેર ૨-૨ ટકાથી વધુના વધારા સાથે બંધ થયા છે. તે જ સમયે, યુપીએલ અને આઈશર મોટર્સના શેરમાં લગભગ એક ટકાનો ઘટાડો થયો હતો.

જો વિવિધ ક્ષેત્રોની વાત કરીએ તો કેપિટલ ગુડ્સ, ઓઈલ એન્ડ ગેસ, પાવર અને રિયલ એસ્ટેટ ઈન્ડેક્સમાં ૧.૫-૨ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. તે જ સમયે, ફાર્મા ઈન્ડેક્સમાં ૦.૩ ટકાનો ઘટાડો નોંધાયો હતો. BSE મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૯ ટકાનો વધારો જોવા મળ્યો હતો. તે જ સમયે, સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૪ ટકાનો વધારો નોંધાયો હતો.

બીએસઈ સેન્સેક્સ પર એનટીપીસી અને ટાટા મોટર્સના શેર ૨-૨ ટકાથી વધુના વધારા સાથે બંધ થયા છે. આ સિવાય લાર્સન એન્ડ ટુબ્રો, બજાજ ફિનસર્વ, ભારતી એરટેલના શેર એક ટકાથી વધુના વધારા સાથે બંધ થયા હતા. આ સિવાય એચડીએફસીબેંક, ટાઇટન, SBI, રિલાયન્સ, પાવરગ્રીડ, આઈસીઆઈસીઆઈબેંક, એચસીએલટેક, બજાજ ફાઈનાન્સ, મારુતિ, ઈન્ડસઈન્ડ બેંક, કોટક મહિન્દ્રા બેંક, એક્સિસ બેંક અને હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડના શેર લીલા નિશાન સાથે બંધ થયા હતા. અલ્ટ્રાટેક સિમેન્ટનો સ્ટોક સૌથી વધુ ઘટાડા સાથે બંધ થયો હતો.

## તંત્રી લેખ...

# લાઘવમાં કહેવા દો, મહર્ષિ માધવ

સાંપ્રત સમયે ફરીથી આપણે દૃઢપણે સ્વીકારવાની શરુઆત કરી દીધી છે કે શિક્ષણ જ જીવનના સર્વાંગી વિકાસ માટે અતિ અગત્યનું પરિબળ છે. એમાં અધ્યાત્મની આવશ્યકતા છે જ. કારણ... જો આપણે આપણી ભાવિ પેઢી અને આપણી ભારતીય સંસ્કૃતિને બચાવવી હશે અને એની આધારશિલા એવા જીવન મૂલ્યોનો સર્વાંગી વિકાસ ઈચ્છતા હોઈએ તો અધ્યાત્મ એ જીવનનું કેન્દ્ર તત્વ હોવું જ જોઈએ.એટલે ન માત્ર જન્માષ્ટમી જેવા પવિત્ર તહેવારે, બલ્કી હંમેશાં આપણને સ્મરણ થયા જ કરે કે શ્રી કૃષ્ણ એટલે શાસ્ત્રોમાં ભલે ભગવાનનો અવતાર ગણાતો હોય,પણ તેઓ એ સમયે લોકપ્રિય લોકનાયક તથા સાચા સમાજ શિક્ષક હતા,આજ પર્યંત છે અને ભવિષ્યમાં રહેશે. ભગવાન શ્રી કૃષ્ણની ગહનતા સુધી પહોંચવા, વિદ્યાવાચસ્પતિઓએ પણ પનો ટૂંકો પડયાનું સ્વીકાર્યું છે. એટલે સમયાવધિએ અહીં હું એમના અંશરુપ સમાજ શિક્ષક શ્રી કૃષ્ણના જીવનાંશ વિષય ઉપર પણ છીછરા જળમાં ધૂબકા કેમ મારી શકું ? એટલે આપ સૌ સુજ્ઞા વાચકો આગળ લાઘવમાં મહર્ષિ માધવ ને પ્રસ્તુત કરું છું. મારી વિચાર યાત્રાનો આરંભ તથા વિષયનું હાર્દ એવાં બે પાસાં... ૧. સમાજ અને ૨.શિક્ષકની સ્પષ્ટતા સાથે કરું. એ જ વધુ ઉચિત રહેશે. સમાજ એટલે પરસ્પર સમાન પરંતુ અન્યોથી વિશિષ્ટ સંસ્કૃતિ ધરાવતા,નિશ્ચિત ભૌગોલિક વિસ્તારમાં રહેતા,એકત્વની લાગણી ધરાવતા અને પોતાને બીજાથી વિશેષ માનતા જૂથના લોકો કે એવો સમૂહ.ટૂંકમાં....જ્યાં પારિવારિક, સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક અને રાજકીય મૂલ્યો, ધોરણો, રિવાજો અને સંસ્કૃતિ રચતું જૂથ. જ્યારે શિક્ષક એટલે સમાજ અને રાષ્ટ્રનો સૂત્રધાર. એનું કાર્ય સમાજનું અમૂલ્ય ઘડતર કરવાનું છે. અણઘડ પથ્થરરુપ માનવને શ્રેષ્ઠતમ,ચારિત્ર્યવાનમૂર્તિમાં પરિવર્તન કરતી પ્રક્રિયાનો કર્ણધાર. ટૂંકમાં....જ્ઞાન,કર્મ અને ભક્તિનો ત્રિવેણી સંગમ રચતું પાત્ર. શિસ્ત, ક્ષમા અને કર્તવ્ય નિષ્ઠાનો પ્રથમ અક્ષર એટલે શિક્ષક.એનું શ્રેષ્ઠતમ સ્વરુપ એટલે જ મહર્ષિ. હવે જોઈએ વિષયનું મહત્વનું,પાવન અને પરિપક્વ પાત્ર શ્રી કૃષ્ણની આછી સમજ.શાસ્ત્રોક્ત અર્થ સૂચવે છે કે કર્મ મર્મ ધર્મની ધારામાં, મૈત્રીપૂર્ણ જીવનમાં સમન્વયયુક્ત ભાવવાળું ધબકતું જીવન એટલે શ્રી કૃષ્ણ. એના અવતારનો હેતુ જ કર્મનું જ્ઞાન,મર્મની શીખના માધ્યમથી ધર્મની સ્થાપના કરી માનવ જીવનના ઉદ્દેશને સ્પષ્ટ કરવો. આપ સુજ્ઞા વાચકો સમક્ષ હીરેકી પરખ સિર્ફ જોહરી હી જાને સમજી શ્રી કૃષ્ણ વિશે ગાગરમાં સાગરની ભાવનાને ટૂંકમાં મૂકી છે. છતાં અહીં, પ્રાથમિક તબક્કે દરેક લાઘવમાં સમજી જ શક્યા હશો એવી તૃપ્તિ નહીં થતાં....એક-બે અન્ય બાબતે પણ સમજ સ્પષ્ટ કરું. શ્રી કૃષ્ણ એટલે ભગવાનરૃપે અવતાર,ગૂઢ તત્વજ્ઞાનના માર્ગદર્શનનો મહાસાગર, યોગેશ્વર,જગદ્દુરુ. હવે થોડી વિગતે વાત.એમના જીવનની ઘટમાળ સાથે સમાજ શિક્ષણના અનાયાસ સંબંધને સમજવા પ્રયાસ કરીએ.આપ સૌ સજ્જનો સમક્ષ એમના જન્મ.... સ્થળ,સમય,માતા-પિતા,ઉછેરથી લઈ અંત સુધીની ઘટનાઓનું પુનરાવર્તન ન કરતાં,વિશેષ બાબતો ઉપર જ પ્રકાશ પાથરવો યોગ્ય રહેશે અને આપને પણ એ બધું ગમશે,એમ માનું છું. કેમ,ખરુને? લોકનીતિ,સમાજ તથા અધ્યાત્મને એકસૂત્રે ગૂંથીને સમગ્ર રાષ્ટ્રને ક્રાંતિના શંખનાદ વડે જગાડનાર શ્રી કૃષ્ણનું જીવનવૃતાંત એટલે એવો સમય કે એ સમયે સમગ્ર ભારતખંડને એક સુદ્રઢ સામાજિક અને રાજનૈતિક ઈકાઈમાં બાંધનાર-પરોવનાર કોઈ ન હતું. મથુરા, મગધ, ચેદિદેશ, છેલ્લે હસ્તિનાપુર વગેરે વગેરેમાં કંસ, જરાસંઘ, શિશુપાલ, કૌરવો વગેરે દુષ્ટ, વિલાસી, દુરાચારી, તથા ઐશ્વર્ય-મદિરા અને પ્રમત્ત હતા. સમકાલીન સમયે સામાજિક દુરાવસ્થા, વિષમતા તથા નષ્ટ નૈતિક મૂલ્યોનું સામ્રાજ્ય હતું. એવા કાળખંડે જેલમાં જન્મ, ગોકુળમાં ઉછેર, આશ્રમી શિક્ષા-દીક્ષા અને અનેક વિઘ્નવંટોળમાંથી પસાર થનાર શ્રી કૃષ્ણ વિશિષ્ટ પ્રતિભા તરીકે ઉપસી આવ્યા.

## જે ભોગવે તેની ભુલ

કુદરતના નિયમો આપણે સમજી શકતા નથી અને એટલે અનેક કર્મોના બંધનોમાં પડીએ છીએ. કુદરતનો સાદો નિયમ એ છે કે સારું કામ કરો તો સારું ફળ મળે ખરાબ કામ કરો તો ખરાબ ફળ મળે. બંન્ને ના ફળ તો ભોગવવા જ પડે. એવું કદી થતું નથી કે સારા કામ કરવાથી ખરાબ કર્મોનું ફળ ધોવાઈ જાય. અત્યંત નીચ પ્રકારના કર્મો કર્યા હશે અને પ છી એ ધોવા માટે ગમે તેટલા સદકર્મો કરો અને રાજી થાવ કે હવે ચિંતા નહીં. ના આવું નથી તમારાં સદકર્મો નું ફળ તમને ચોક્કસ મળશે પણ ખરાબ કર્મોનું ફળ તો ભોગવવું જ પડશે. આ વાત અત્યારે એટલે કરું છું કે વર્તમાન આપણે સૌ અત્યંત દયનીય પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છીએ. કોરોના એ ચારે બાજુ કાળો કેર વર્તાવ્યો છે. વાવાઝોડા આવી રહ્યા છે. જાણે અજાણે આપણે કરેલા કર્મોની જ સજા કુદરત આપણને આપી રહી છે. મલ્ટીપ્લેક્સ થિયેટરમાં તેનાં માલિકોએ નફાની હદ કરી દીધી હતી ૨૦ રૂપિયાની પાણીની બોટલ ૫૦ માં , ૧૦૦ ગ્રામ ધાણી- પોપકોર્નના નામે ૪૦૦ માં (બજારમાં આટલા રૂપિયામાં એક મણ મકાઈ મળે છે. ખરું ને?) એ લોકો વેચતા હતા હાલ કુદરતનો ન્યાય જુઓ, કરોડોના થિયેટર ધુળ ખાય રહ્યા છે. પાર્ટીપ્લોટ વાળા મોં માંગ્યા રૂપિયા લેતાં હતા. નકકી થયાં પછી ૧૦-૧૦ નું એક વધારાનું કાપડ બાંધે તો ફરાસખાના વાળા તોતિંગ બિલ આપી દેતાં. હાલ ઈશ્વરનો ન્યાય જુઓ આ લોકો પાસે કોર્પોરેશન નો ટેક્સ ભરવાના પણ પૈસા નથી. કેટરીંગ વાળા, નફો વધારવા તેમને જેટલી લુચ્ચાઈ આવડતી હતી તે બધી વાપરી નાખતાં . પનીર ની સબ્જીમાં ડુબકી મારો ત્યારે બે ચાર પનીરના ટુકડા દેખાય ,પનીર પણ મિલાવટ વાળું, અને ગ્રેવીની તો વાત જ છોડો. હાલ આ લોકોને પોતાના ઘરમાં શાક બનાવવાના સાંસા છે. મોટા મોટા મોલમાં એક શર્ટ ૩૦૦૦ નું ,એક પેન્ટ ૪૫૦૦નું , બાળકોના કપડાંમાં તો જાણે સોનાના દોરાની સિલાઈ કરી હોય તેવા ભાવ. હાલ આ લોકોની દશા ખુબ દયનિય છે વર્ષોથી લોકોને લૂંટયા તે વ્યાજ સહીત ભોગવી રહ્યા છે. ટ્રાવેલ્સ વાળા કોઈને ગાંઠતા નહોતા , હાલ તેમની ગાડીઓના હપ્તા નથી ભરાતા. વેચવી છે પણ કોઈ ગાડી લેનાર નથી. પ્રવાસ આયોજકો, રીતસર ઉઘાડી લુંટ ચલાવતા હતા અત્યારે ઓફીસનું ભાડું ભરવાના ફાંફા છે. બિલ્ડરો ,જેને કેટલો નફો રાખવો તે કહેનાર જ કોઈ નહતું. આજે એમને ત્યાં પણ ચકલાં ઊડે છે. સોનાના શોરૂમો આવતાંય લુટે ને જતાંય લુંટે ,આજે શટર ઊંચું નથી કરી શકતા. વીડિયો શુટિંગ વાળાજ્યાં જુઓ ત્યાં માત્ર ને માત્ર લુંટ મચી હતી. કોઈ ગરીબ કે લાચાર વ્યક્તિ ને મજબૂરીવશ કોર્ટ-કચેરીમાં જવાનું થતું તો વકીલો જાણે ગિદ્ધ હોય તેમ તેની ઉપર તૂટી પડતા અને તેના હાડ-માંશ ચૂસવામાં કોઈ કમી નહોતા રાખતા.

## વિશેષ લેખ

શીર્ષક- શિવાલયનો મહિમા

# ત્રંબકેશ્વરની દંતકથા મુજબ ક્યારેક ઈર્ષા એ નિંદાનું કારણ આ રીતે શુભ અને સૌના હિત માટેનું પણ મળે



સદગુરુ વચનામૃત

સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)



શ્રાવણ હવે પૂરો થાય છે ત્યારે વિચાર આવે છે, કે શ્રાવણ જેવી જ ભક્તિ ભાવના દરેકના મનમાં કાયમ રહે તો કોઈ પણ પ્રકારની બાધા જીવનમાં આવે નહીં અને, મહાકાળના સાનિધ્યથી કાળનું સંકટ પણ ટળે. આજકાલ માનવજીવનમાં ભોગ એ જ રોગનું કારણ બની ગયું છે, અને ભોગનો અતિરેક થતાં લગભગ દરેકના જીવનમાં કોઈને કોઈ સ્વાસ્થ્યની રીતે શારીરિક અથવા માનસિક બીમારી આવી ગઈ છે, અને જ્યારે માનવની કોઈ કારી ફાવે નહીં, ત્યારે અંતે માનવ ઈશ્વરનું શરણ પકડતો હોય છે. આપણે ત્યાં શિવલિંગ ઘણા પ્રકારના છે, અને તેની પૂજનવિધીમાં પણ ઘણા પ્રકારો છે. પરંતુ કંઈ ન થાય તો ભોળા ભાવે જે પણ કંઈ થાય તે ભોળોનાથ કબૂલ કરે છે. યુગોયુગોથી ચતુર માનવી ભોળા માણસને સતાવવાનું અન્ય કોઈ કારણ ગોતતો હોય છે. સદીઓ પહેલા ઋષિઓમાં પણ આવું બન્યું હતું, અને એને કારણે આપણને નાસિક આગળ આવેલા ત્રંબકેશ્વરનું જ્યોતિર્લિંગ પ્રાપ્ત થયું હતું, તો આજે આપણે એને વિષે વાત કરીશું.

ત્ર્યંબકેશ્વર જ્યોતિર્લિંગ એ મહાદેવના બાર જ્યોતિર્લિંગોમાનુ એક છે, અને મહારાષ્ટ્રનાં નાસિક શહેરમા સ્થિત છે. આ જ્યોતિર્લિંગ મંદિર ગોદાવરી નદીના કાંઠે છે. શ્રાવણ મહિનામાં લાખો લોકો અહી આવે છે અને શિવલિંગની પૂજા કરે છે. આ જ્યોતિર્લિંગ મંદિર સાથે જોડાયેલી માન્યતાઓ મુજબ શિવલિંગ પોતે જ આ સ્થાન પર પ્રગટ થયું હતું, અને અહીં આવીને શિવલિંગની પૂજા કરવાથી દરેક મનોકામના પૂર્ણ થાય છે. મોટેભાગે શિવલિંગ પાછળ કોઈ વિધર્મીઓના આક્રમણની વાત હોય અથવા તો ગાયના આંચળમાંથી દૂધનો અભિષેક થતો હોય, કે પછી ભમરાં ઉડ્યા નંદી દોડ્યો એવી એવી બધી પરંપરાઓ જોડાયેલી છે. એટલે ક્યાંય સાક્ષર એટલે કે જ્ઞાની ઋષિઓના ઝઘડાને કારણે સ્વયંભૂ શિવલિંગ પ્રાપ્ત થયું હોય, એવી વાત આવી નથી. ત્ર્યંબકેશ્વર જ્યોતિર્લિંગ સાથે આવી જ એક વાર્તા જોડાયેલી છે, અને આ વાર્તા નીચે મુજબ છે.

ત્ર્યંબકેશ્વર જ્યોતિર્લિંગની પૌરાણિક કથા મુજબ આ જ્યોતિર્લિંગ સાથે સંબંધિત લોકપ્રિય કથા મુજબ ઋષિ ગૌતમ પોતાની પત્ની અહલ્યા સાથે આ સ્થળે રહેતા હતા. ઋષિ ગૌતમને અન્ય ઋષીઓ પસંદ કરતાં ના હતાં, તેથી તેઓ તેને અહીંથી કાઢવા માંગતા હતા. આથી તેઓએ ભગવાન ગણેશનું તપ કર્યું, અને દરેકે પોતાના મનની વાત કરી, ભગવાન ગણેશજ એ ગાયનું રૂપ લીધું અને ગૌતમ ઋષિના આશ્રમમાં ચરવા લાગ્યાં ઋષિએ ઘાસના પૂળાથી તે ગાયને હાંકી કાઢી તો એ ગાય ત્યાં જ પડીને મૃત્યુ પામી, અને બધા જ ઋષિઓ એક સાથે બોલવા લાગ્યા કે, તમને ગૌ હત્યાનું પાપ લાગ્યું છે, માટે હવે તમારે ગંગાને પ્રગટ કરવી પડશે. ગાયની હત્યાના પાપનું પ્રાયશ્ચિત કરવા માટે ઋષિમુનિઓએ ઋષિ ગૌતમને દેવી ગંગા નદીને આ સ્થાન પર લાવવા કહ્યું. ગંગા નદી અહી આવ્યા પછી જ તેઓ આ પાપથી મુક્ત થશે,તેમજ બરહ્મગીરી પર્વતની પ્રદક્ષિણા કરવી પડશે. દેવી ગંગાને નાસિકમા લાવવાં ગૌતમે ઋષિ એ તથા તેમની ઋષિ પત્ની અહલ્યા એ ભગવાન શિવ અને માતા પાર્વતીને તપસ્યા કરી હતી. આ તપશ્ચર્યાથી પ્રસન્ન થઈને પ્રભુ શિવ અને પાર્વતીજી પ્રગટ થયાં, અને તેમને તેમની ઈચ્છા જણાવવા માટે કહ્યુ. ત્યારબાદ ઋષિ ગૌતમે પ્રભુ શિવને ગંગા માતાને આ સ્થળે મોકલવા કહ્યુ પરંતુ, જ્યારે ગંગા માતાને આ વિશે જાણ થઈ, ત્યારે તેમણે મહાદેવને કહ્યુ કે, જો તે આ સ્થાન પર રહેશે તો જ તે અહીં આવશે. ત્યારબાદ પ્રભુ મહાદેવ ત્ર્યંબકેશ્વર જ્યોતિર્લિંગ તરીકે સ્થાપિત થયાં, અને ગંગા નદી અહીં ગૌતમી તરીકે વહેવા માંડી. ગૌતમી નદીને ગોદાવરી નદી પણ કહેવામાં આવે છે. અહી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એકસાથે સ્થાપિત છે,આ મંદિરમાં ત્રણ નાના શિવલિંગ છે, જે બ્રહ્મા, વિષ્ણુ અને શિવનું પ્રતીક માનવામાં આવે છે. એટલું જ નહીં, આ મંદિરની પાસે ત્રણ પર્વતો પણ છે, જેને બ્રહ્મગિરિ, નીલગિરી અને ગંગા દ્વાર કહેવામાં આવે છે. દૂર-દૂરથી લોકો આ મંદિરની મુલાકાત લે છે અને શિવલિંગની મુલાકાત લે છે. આ ઉપરાંત શિવરાત્રી અને શ્રાવણ મહિના દરમિયાન મોટી સંખ્યામાં લોકો આ મંદિરની મુલાકાત લે છે.મંદિરના પરિસરમાં આવેલો કુંડ કુશાવર્ત ગોદાવરી નદીનો સ્રોત ગણાય છે. ગોદાવરી નદી દખ્ખણ પ્રદેશમાં આવેલી સૌથી લાંબી નદી છે. હાલનું મંદિર પેશ્વા બાલાજી રાવ નાનાસાહેબ દ્વારા બાંધવામાં આવ્યું હતું.

આ મંદિર પંદરેક ફૂટ ઊંચા કિલ્લાથી રચાયેલ છે. ઉત્તરમાં આવેલ સિંહદ્વારમાંથી દાખલ થતાં જ વિશાળ પટાંગણ આવે છે. અને તેની વચ્ચે ૯૦ ફૂટ પહોળું, ૧૧૫ ફૂટ લાંબુ અને ૯૫ ફૂટ ઊંચુ અદ્ભૂત કોતરણીવાળું કાળમીંઢ પથ્થરનું ભવ્ય મંદિર આવેલ છે. આ જયોર્તિલિંગ પરંપરાગત શિવલિંગ જેવું નથી. ગર્ભગૃહની અંદર વિશાળ થાળામાં અડધો ફૂટ પહોળો અને દોઢેક ફૂટ ઊંડો ખાડો છે. જે મોટેભાગે આ જયોર્તિલિંગના પેટાળમાં વહેતી ગૌતમી નદીના પાણીથી ભરાયેલો જ રહે છે. એથી જ્યાથી જળનો સ્રાવ થાય છે, તે મુખને હાથથી બંધ કરી દેવામાં આવે તો તેની અંદરની દિવાલ પર થોડા ઊંડે આવેલ મોટા લીંબુ જેવડા ત્રણ લિંગો અને ચોથો ખાડો સ્પષ્ટ દેખાય છે. અહીં સ્ત્રીઓને જયોર્તિલિંગની પૂજા કરવાની મનાઈ છે. શિલાદ નામના એક મુનિ હતાં, જે બ્રહ્મચારી હતાં. વંશ સમાપ્ત થતો જોઈને તેમના પિતૃઓએ તેમને સંતાન ઉત્પન્ન કરવાનું જણાવ્યું. શિલાદ મુનિએ ભગવાન શિવને પ્રસન્ન કરી મૃત્યુહીન પુત્ર માંગ્યો. ભગવાન શિવે શિલાદ મુનિને આ વરદાન આપી દીધું. એક દિવસ જ્યારે શિલાદ મુનિ જમીન ખેડી રહ્યા હતા,ત્યારે તેમને એક બાળક મળ્યું.શિલાદે તેનું નામ નંદી રાખ્યું. આ સાંભળીને નંદી મહાદેવની આરાધના કરવા લાગ્યો પ્રસન્ન થઈને ભગવાન શિવ પ્રકટ થયા અને કહ્યું કે, તું મારો જ અંશ છે, એટલે તને મૃત્યુ નો ભય કેવી રીતે હોઇ શકે? આવું જણાવીને ભગવાન શિવે નંદીને પોતાનો ગણાધ્યક્ષ પણ બનાવી લીધો.

મંદિર સુધી પહોંચવા માટે આ મંદિર એ મહારાષ્ટ્ર રાજ્યના નાશિક શહેરમાં છે. આ મંદિરની મુલાકાત લેવાનો શ્રેષ્ઠ સમય માર્ચ થી મે અને સપ્ટેમ્બર થી નવેમ્બર વચ્ચેનો હોય છે. તેથી, આ સમય દરમિયાન તમે આ મંદિરની મુલાકાત લેવાની યોજના કરી શકો. મંદિરની નજીક રહેવા માટે તમને ધર્મશાળા સરળતાથી મળી જશે. મુકતિ ધામની પણ ઉત્તમ વ્યવસ્થા છે, અને અહીંથી સૌનાં પ્યારા પીર ગણાતા શીરડી સ્થિત સાઈ મંદિર પણ નજીક પડે છે. નાસિક-ત્રંબક અવિભાજય બની ગયેલા અંગ છે. ગોદાવરી નદીના તટે વસેલું નાસિક દક્ષિણનું બનારસ પણ કહેવાય છે. કારણ કે અહીં સંખ્યાબંધ મંદિરો છે. જોવાલાયક મંદિરોમાં સુંદર નારાયણ મંદિર, કાલારામ મંદિર, ગોરારામ મંદિર, મુકિતધામ, પંચવટી અને તપોવન મુખ્ય છે. દર બાર વર્ષે અહીં કુંભમેળો ભરાય છે.

ક્યારેક ઈર્ષા નિંદાનું પરિણામ આ રીતે શુભ અને સૌના હિત માટેનું પણ મળે તેવું કદાચ સૌ પ્રથમવાર સાંભળવા મળ્યું, અને એવું આ જ્યોતિર્લિંગની દંતકથા પરથી કહી શકાય. આમ તો અહીં સૌ કોઈ ઈશ્વર લીલા નાં એક ભાગ રૂપે જ જીવન રંગમંચ પર જીવતા હોય છે. પછી તે મુનિ હોય કે ઋષિ, ક્યારે કોની જીભે ઈશ્વર સરસ્વતી રૂપે આવીને બેસી જાય, અને શ્રાપ કે વરદાન બની શબ્દો સરે, અને એ મુજબ એની લીલા કરાવતો રહે છે. પરંતુ સાર રૂપ એક જ વાત યાદ રાખવી કે સીધા સાદા શબ્દો થકી તેને પામી શકાતો હોય તો અન્ય શબ્દો શું કામ બોલવા! તો બોલો ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય, હર હર ભોલે, હર હર ભોલે, હર હર ભોલે.

## શ્રાવણ માસના શિવ મહિમા ૨૩

# ભિમેશ્વર જ્યોતિ લીંગનો મહિમા જાણવા પ્રયત્ન કરીએ



વિશેષ

યશપાલસિંહ ટી. વાઘેલા




શ્રાવણ માસમાં સદા શિવ ભોળા નાથ દેવોધિદેવ મહાદેવે ખેડૂતો-પશુપાલકો અને શિવ ભકતોની પ્રાર્થના સાંભળેને મેઘરાજા સારી પધરામણી કરે તો બનાસકાંઠા જિલ્લામાં આનંદની લાગણી ફેલાય કૃષ્ણ ભગવાનના જન્મો ત્સવ જન્માષ્ટમીની ઉજવણી ધામધૂમથી કરી પણ શ્રાવણ માસ કોરો ધાકોર પસાર થઇ રહયો છે ત્યારે દક્ષિણ ગુજરાત અને સાબર કાંઠાના કેટલાક વિસ્તારોમાં વરસાદી માહોલ છવાઈ ગયો છે જેનાથી ખેડૂતો-પશુપાલકોમાં કંઈક આશા નું મોજું જોવા મળે છે.હે દેવાધિદેવ મહાદેવ કૃપા દ્દષ્ટિ કરો આપ ણે શ્રાવણ માસની શિવ આરાધના કલમ થકી કરી રહયા છીએ ત્યારે આજે શ્રાવણ માસમાં શિવ મહિમા-૨૩માં ભિમેશ્વર જ્યોતિલીંગનો મહિમા જાણવા પ્રયત્ન કરીએ.

ભિમેશ્વર જ્યોતિર્લીંગ - પૂર્વે કર્કટી નામે રાક્ષસની પત્નીએ કટિ નામ ની પુત્રીને જન્મ આપ્યો.એના લગ્ન વિરાધ થયાં હતા. રામ દ્વારા એનો વધ થયો બાદ કર્કટી માતા પિતા સાથે રહેવા લાગી.એનાં માતા પિતા અગસ્ત્ય મુનિના શિષ્ય સૂતિક્ષણને ભક્ષણ કરવા ગયા ત્યારે મુનિએ તેમને ભસ્મ કરી નાખ્યા .એકલી પડેલી કર્કીટને જોઈ કુભકર્ણે એનાં પર બળાત્કાર કર્યો અને તેને ત્યાં ત્યજી લંકામાં ચાલ્યો ગયો . પછી કર્કટીએ ભીમ નામના બાળકને જન્મ આપ્યો. ભીમ નાનપણથી જ ખૂબ ભયંકર અને પરાક્રમી હતો તેણે માતા પાસેથી જાણ્યું કે તેના પિતા કુંભકર્ણને શ્રી રામે મારી નાખ્યાં છે,તેથી તેણે વિષ્ણુના અવતાર સમા શ્રીરામને હરાવવા મનથી સંકલ્પ કરી તપ કરવા રવાના થયો .તેણે એક હજાર વર્ષ સુધી તપ કરી બ્રહ્માને પ્રસન્ન કરી અતુલ બળ માગ્યું .તેણે અપાર બળ વડે સર્વ દેવોને જીતી સ્વર્ગ માંથી કાઢી મૂકયા .તેણે શ્રી હરિને પણ યુદ્ધમાં જીતી કામરૂ દેશના રાજા સુદક્ષિણને હરાવી તેનું સર્વ સ્વ લઈ કેદ કર્યો. આ રાજા ભોળા નાથનો ભક્ત હતો, તેણે કેદખાના માં ભોળાનાથની પાર્થિવ મુર્તિ બનાવી એકાંતમાં શંભુનું પૂજન શરૂ કર્યું . તેની પત્ની દક્ષિણા ‘એ પણ શિવ પૂજા કરવામાં મશગુલ બની ગઈ . તેમણે શિવને પ્રસન્ન કર્યા અને ભીમનો નાશ કરવા પ્રાર્થના કરી શિવે કહ્યું અભિમાની ભીમને હું અવશ્ય હણીશ ત્યાં શિવ ભિમે શ્વર કહેવાયા.શિવની આરાધના કરતાં સુદીક્ષણને જોઈ કોઈએ ભીમ દૈત્ય પાસે જઈ કહ્યું ;રાજા તમારા માટે આભિચારિક (મરણ) પ્રયોગમાં મગ્ન છે.

આ સાંભળીને ભીમ દૈત્ય તલવાર લઈ તેની હત્યા કરવા તેની પાસેઆવ્યો ત્યારે પાર્થિવ શિવલિંગમાંથી શિવે પ્રકટ થઈ તેની રક્ષા કરી.ભીમની તલવારનાં શિવે પિનાક ધનુષથી કટકા કર્યા.તે પછી શિવગણો તથા રાક્ષસનાં સૈન્ય વચ્ચે ભીષણ યુદ્ધ થયું. ભીમે શિવ સામે ત્રિશુળ ફેંક્યું, ત્યારે શિવે પોતાના આયુધો ફેંકી તેના ટુકડા કરી નાખ્યાં .આ વખતે નારદજીએ કહ્યું ;-ભોળા નાથ ,આ ભીમ દૈત્યનો જલ્દી નાશ કરવો યોગ્ય ગણાશે ભોળા નાથે મોટો હાકોટારૂપી આગથી રાક્ષસોના ટોળાં સાથે ભીમને ભસ્મ કરી નાખ્યો, ત્યારે દેવો તથા મુનિઓ પ્રસન્ન થઈ તેમણે ત્યાં સ્થિત રહેવા પ્રાર્થના કરી.તેથી શિવ ત્યાં ભીમશંકર નામે રહ્યા.આ રીતે ભિમેશ્વર જ્યોતિર્લીંગ પૂજવા યોગ્ય છે. વાચક ચાહક શુભેચ્છક મિત્રો વડીલો આપના સુધી શ્રાવણ માસનો શિવ મહિમા વર્ણવા નાનકડો પ્રયાસ કરું છું. પાર્થિવ શિવલિંગ બનાવતાં પહેલાં બાદ ગણેશજી, વિષ્ણુ ભગવાન, નવગ્રહ અને માતા પાર્વતી વગેરેનું આહવાન પૂજન કરવું જોઈએ. પાર્થિવ શિવલિંગ બનાવ્યાં બાદ તેને પરમ બ્રહ્મ માનીને પૂજા અને ધ્યાન કરો. પાર્થિવ શિવલિંગ બધી જ મનોકામનાઓને પૂર્ણ કરે છે. સપરિવાર પાર્થિવ બનાવીને શાસ્ત્ર વત વિધિથી પૂજન કરવાથી પરિવારમાં સુખ વધે છે.રોગથી પીડિત લોકોએ મહામૃત્યુંજય મંત્રનો જાપ કરવો પાર્થિવ શિવલિંગ સામે શિવમંત્રનો જાપ કરી શકાય છે. રોગથી પીડિત લોકો મહામૃત્યુંજય મંત્રનો જાપ કરી શકાય છે. દુર્ગાસપ્તશતીના મંત્રોનો જાપ પણ કરી શકાય છે. સર્વલીગોમાં પાર્થિવ લિંગ ઉત્તમ છે, તેના પૂજનથી અનેક લોકો સિધ્ધી પામ્યા છે. આઠ પ્રકારની મુર્તિઓમાં પાર્થિવ લિંગની આરાધના પવિત્ર, ધન્ય, આયુષ્ય વધારનારી,સંતોષ અને પુષ્ટિ આપનારી તથા લક્ષ્મીનો વધારો કરનારી છે. તેથી તેની પુજા અવશ્ય કરવી જોઈએ. પાર્થિવ લિંગ અખંડ જ બનાવવું,તેને ખંડિત કરવું નહિ જે ખંડિત લિંગ બનાવે છે તેને પુજાનું ફળ મળતું નથી .બ્રાહમણ પાર્થિવ શિવલિંગ નું પૂજન કરતો નથી, તે શૂલપ્રોત નામના અતિ ભયંકર ઘોર નરક માં જાય છે .પાર્થિવ લિંગની પુજા નદી કિનારે કે તળાવે,પર્વત ઉપર, જંગલમાં,શિવાલય માં કે કોઈ પવિત્ર સ્થાનમા કરવી પાર્થિવ પ્રતિમા નું પૂજન; મુનીઓએ ભગવાન સદા શિવના પાર્થિવ પ્રતિમાની પૂજન વિધિ જાણવાની ઈચ્છા વ્યક્ત કરી.સુતજી બોલ્યા ; હે બ્રાહ્મણો! તળાવ,નદી કે કૂવાના જળની અંદર ની માટી લાવી તેને સુગંધિદાર દ્રવ્યોથી પવિત્ર બનાવી તેમજ દૂધ થકી ભીજવીને પાર્થિવ પ્રતિમા બનાવવી. પ્રતિમાને દરેક અંગ,પ્રત્યંગ તેમજ આયુયુક્ત બનાવવી ત્યાર બાદ સુંદર મંડપ બનાવી આદર પૂર્વક પ્રતિમાની સ્થાપના કરી,તેનું પોડસોપચારથી પ જન કરવું .જેના પુષ્પ થકી પ્રોક્ષણ અને મંત્ર થકી અભિષેક કલ્પવા .અભિષેક થી આત્માની શુદ્ધિ થાય.ગંધથી પુણ્ય મેળવાય, નૈવેધથી આયુષ્ય અને સિદ્ધી મળે,ધૂપ કરવાથી ધન મળે, દિવા ના પ્રાકટ્યથી જ્ઞાન અને પાનબીડા થી ભોગ મેળવાય છે . ભગવાન સદાશિવની શ્રધ્ધા ભાવથી ભક્તિ અર્ચન કરવાથી તે પ્રસન્ન થાય છે. તેમની દયા ઉતરે, મનોકામના સિધ્ધ થાય.સદા શિવની ભક્તિ પૂર્વક પુજા કરવાથી મોક્ષ મળે છે.પાર્થિવ લિંગની સંખ્યા, ફળ; હે મુનિઓ ! વિધ્યા ઈચ્છતા પુરુષે એક હજાર પાર્થિવ શિવલિંગ બનાવી તેનું પૂજન કરવું.ધન ઈચ્છ નારે પાંચસો પાર્થિવ લિંગનું,પુત્ર પંદર પાર્થિવલિંગનું સોનું અને વસ્ત્ર ઈચ્છનારે પાંચસો,પૃથ્વીની ઈચ્છવાળાએ એક હજાર,મોક્ષ ઈચ્છનારે એક કરોડનું,દયાની ઈચ્છવાળાએ ત્રણ હજારનું, તીર્થની ઈચ્છવાળાએ બે હજાર નું,મિત્ર ઈચ્છનારે ત્રણ હજારનું, કોઈને વશ કરવાની ઈચ્છાવાળાએ આઠસોનું, મરણ ઈચ્છનારાએ સાતસોનું,મોહ ન ઈચ્છનારે આઠસોનું,ઉચાટન કરવા તૈયાર થયેલાએ એક હજાર નું,સ્તંભન ઈચ્છનારે એક હજારનું, દ્વેષ ઈચ્છનારે પાંચસો નું,બંધનથી છૂટવા ઈચ્છનારે દોઢ હજારનું મહારાજાના ભય સમયે પાંચસોનું, ચોર ના સંકટ સમયે બસોનું,ડાકણ વગેરેનો ભય દૂર કરવા પાંચસોનું, દરિદ્રતા દૂર કરવા પાંચ હજારનું, દરેક પ્રકારની કામના પૂર્ણ કરવા દર્શ હજાર પાર્થિવ શિવલિંગોનું પૂજન કરવું જોઈએ. પાર્થિવ શિવલિંગોનું પૂજન કરોડો યજ્ઞોનું ફળ મળે છે, તથા કામનાવાળા મનુષ્યોને કાયમી ભોગને મોક્ષ બંને આપે છે.

## ચંદ્ર પર ભારતના ઐતિહાસિક ઉતરાણની ઉજવણી કરવા યુવા રજૂ કરે છે લિમિટેડ એડિશન 'ચંદ્રયાન-૩ લૉન્ગ બુક'




। મુંબઈ, તા.૮ ।

અવકાશ સંશોધનમાં ભારતની નોંધપાત્ર સિદ્ધિની યાદગીરીને બિરદાવતાં નવનીતની બ્રાન્ડ યુવા અત્યંત ગર્વની લાગણી અનુભવે છે. ચંદ્રયાન-૩ મિશન સાથે ઈસરોને મળેલી અદભુત સફળતાને પગલે લિમિટેડ ઍડિશન 'ચંદ્રયાન-૩ લૉન્ગ બુક' રજૂ કરવાની જાહેરાત કરતા યુવા રોમાંચનો અનુભવ કરે છે.

૨૩મી ઑગસ્ટ, સાંજે ૬:૦૪ વાગ્યે, ચંદ્રયાન-૩ મિશનને ચંદ્રની સપાટી પર સફળ ઉતરાણ કરાવી ભારતે ઈતિહાસ રચ્યો હતો. આ અસાધારણ સિદ્ધિનું મહત્વ એ કારણસર છે કે, ભારતે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર 'સૉફ્ટ લૅન્ડિંગ' કર્યું હતું અને આવું નોંધપાત્ર સીમાચિહ્ન પ્રાપ્ત કરનાર પ્રથમ અને એકમાત્ર દેશ બન્યો હતો.

''યુવા ખાતે અમારા માટે, ભારતના યુવાનોને પ્રેરિત કરવા એ માત્ર એક પ્રતિબદ્ધતા નથી, એ અમારૂં જનૂન છે,'' એમ યુવાના ચિફ સ્ટ્રૅટેજી ઑફિસર, અભિજિત સાન્યાલે જણાવ્યું હતું. ''જ્ઞાનની શક્તિ અને યુવાન માનસની અપાર અને અમાપ શક્યતાઓમાં અમને દૃઢ વિશ્વાસ છે. 'ચંદ્રયાન-૩ લૉન્ગ બુક' એ આપણા રાષ્ટ્રના યુવાનોની અજેય ભાવના પ્રત્યેનું અમારૂં ઋણપ્રદર્શન છે. અમે આશા રાખીએ છીએ કે આ બુક્સ આપણે અવકાશમાં પ્રાપ્ત કરેલી સિદ્ધિઓ અંગેની મૂલ્યવાન માહિતી પૂરી પાડવાની સાથે દરેક યુવાન ભારતીયમાં જિજ્ઞાસા અને મહત્વાકાંક્ષાની જ્યોત પણ પ્રગટાવશે. ''

આ લિમિટેડ ઍડિશન એ૪ સાઈઝની બુક્સ ચંદ્રયાન-૩ મિશન વિશેના જ્ઞાનનો પ્રસાર કરવા માટે બનાવવામાં આવી છે, જે વાચનારને ચંદ્ર સંશોધનના રસપ્રદ વિશ્વની ઝાંખી કરાવે છે.

'ચંદ્રયાન-૩ લૉન્ગ બુક્સ' હવે ભારતનાં પસંદગીનાં શહેરોમાં રિટેલ આઉટલેટ્સ ખાતે ઉપલબ્ધ છે. આ વિશેષ બુક્સ મેળવી ઐતિહાસિક ક્ષણનો હિસ્સો બનવા તથા અવકાશ વિજ્ઞાનમાં ભારતની નોંધપાત્ર સિદ્ધિની ઉજવણીમાં જોડાવા માટે યુવા સૌને આમંત્રિત કરે છે.

## મોટર બાઈકસ અને પ્રકૃતિ પ્રત્યે જબરદસ્ત પેશન રાખનાર સદગુરુ મોટોજીપી ભારતના ઉદ્ઘાટન સમારોહનું મુખ્ય આકર્ષણ હશે



। નવી દિલ્હી, ૮ ।

દેશમાં પ્રથમવાર આયોજિત થઈ રહેલી મોટોજીપી ભારત રેસના આયોજક ફેયરસ્ટ્રીટ સ્પોર્ટ્સએ કહ્યું કે, આ બહુપ્રતિક્ષિત રેસના ઉદઘાટન સમારોહમાં પ્રસિદ્ધ ભારતીય યોગી અને સ્વપ્રદ્રષ્ટા સદગુરુ ઉપસ્થિત રહેશે. સગદુરુનું આ કાર્યકર્મમાં ભાગ લેવું ફેયરસ્ટ્રીટ માટે એક ગર્વની પળ છે અને એમને સન્માનિત મહેસૂસ થઈ રહ્યું છે.

ખાસ વાત એ છે કે શુક્રવાર, ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ સદગુરુ બાઈક પર બુદ્ધ ઈન્ટરનેશનલ સર્કિટ (BIC)ના થોડા રાઉન્ડ લઈને ઈવેન્ટનું ઉદ્ઘાટન કરશે. આ રેસ ૨૨ થી ૨૪ સપ્ટેમ્બર દરમિયાન યોજાશે. મોટરસાયકલ પ્રત્યે સદગુરુનો જુસ્સો આજે પણ એટલો જ છે, જેટલો તેમના કોલેજકાળ દરમિયાન હતો. અહીં તેઓ આ યાદ કરે છે કે કેવી રીતે તેમની મોટરબાઈક ઘણીવાર માત્ર એક વાહન કરતાં પણ વધુ કામ કરતી હતી.

મોટરસાયકલોની સાથે તેમનો લગાવ ત્યારે એક મોટાં ઉદ્દેશ પર પહોંચી જ્યારે ગયા વર્ષે સદગુરુએ સેવ સોઈલ-માટી બચાવો અભિયાનનું નેતૃત્વ કરીને લોકોમાં જન જાગૃતિ લાવવા માટે લંડનથી દક્ષિણ ભારત સુધી યુરોપ, મધ્ય એશિયા, મધ્ય પૂર્વ અને ભારતના ૨૭ દેશોને કવર કરતા ૧૦૦ દિવસની ૩૦,૦૦૦ કિમીની એક કઠીન મોટરસાયકલ યાત્રા હાથ કરી હતી.

## તનિષ્કે અમદાવાદમાં તેના ગ્રાન્ડ સ્ટોરનું પુન : લોકાર્પણ કર્યું



તાતા ગ્રૂપની દેશની સૌથી મોટી જ્વેલરી રિટેલ બ્રાન્ડ, તનિષ્કે આજે તેના ભવ્ય સ્ટોરના પુનઃલોકાર્પણ સાથે અમદાવાદ, ગુજરાતમાં તેના રિટેલ બજારમાં વિસ્તાર કર્યો છે. આ સ્ટોરનું ઉદ્ઘાટન ટાઈટન કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સી.કે. વેંકટરામન, ટાઈટન કંપની લિ. રિટેલ હેડ વિજેશ રાજન અને રિઝનલ બિઝનેસ હેડ-વેસ્ટ શ્રી નિરજ ભાકર દ્વારા સવારે ૧૧:૦૦ વાગ્યે કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટનના ભાગરૂપે, બ્રાન્ડ અનિવાર્ય ઑફર્સ ચલાવી રહી છે જેમાં ગ્રાહકો ડાયમંડ જ્વેલરીની કિંમત પર ૨૦% છૂટ સાથે* દરેક જ્વેલરીની ખરીદી પર મફત સોનાના સિક્કા* મેળવી શકે છે. આ ઑફર ૮મીથી ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૨૩ સુધી માન્ય છે. આ સ્ટોર તનિષ્ક શિવરંજની, ઈસ્કોનસેન્ટર, દુકાન નંબર ૪ અને ૫, રોડ, શિવરંજની ક્રોસ આરડી, સેટેલાઈટ, અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૧૫ પર સ્થિત છે. ૧૨૦૦૦ ચોરસ ફૂટમાં વિસ્તરિત, આ સ્ટોર વાઈબ્રન્ટ કલર સ્ટોન્સ, સોનું, ચમકતા હીરા, ઉત્કૃષ્ટ પોલ્કી અને કિંમતી કુંદન જ્વેલરી સહિતની આઈકોનિક તનિષ્ક ડિઝાઈનની વિશાળ રેન્જ રજૂ કરે છે. તેમાં **'Celeste x Sachin Tendulkar'solitaire collection'** પણ છે જેમાં રિંગ્સ, ઈયરિંગ્સ અને બ્રેસલેટ સહિત મહિલાઓ અને પુરુષો બંને માટે અદભૂત ડિઝાઈનનો સમાવેશ થાય છે. દરેક ભાગ અનન્ય ડિઝાઈન સાથે વૈભવી સમૃદ્ધ કલાના વારસાના આકર્ષક કારીગરી સાથે આવે છે. સ્ટોરમાં વિશિષ્ટ ઉચ્ચ-મૂલ્યના સ્ટડેડ ઝોન પણ છે.

## કોંગ્રેસે લઘુમતી તુષ્ટિકરણની રાજનીતિ કરી, મોદી સરકારમાં દેશના સંસાધનો પર આદિવાસીઓ અને દલિતોનો પ્રથમ અધિકાર : અમિત શાહ



મંગળવારે મધ્યપ્રદેશના મંડલામાં ભાજપની 'જન આશીર્વાદ યાત્રા'નું ઉદ્ઘાટન કરતાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે સ્પષ્ટ કર્યું હતું કે, કોંગ્રેસ હંમેશા લઘુમતી તુષ્ટિકરણની રાજનીતિમાં સંડોવાયેલી છે, જેણે સામાજિક ન્યાયનો વિનાશ કર્યો છે. કોંગ્રેસ સરકારના તત્કાલિન વડાપ્રધાન મનમોહન સિંહે તેમના કાર્યકાળ દરમિયાન કહ્યું હતું કે, દેશના સંસાધનો પર લઘુમતીઓનો પ્રથમ અધિકાર છે. સાલ ૨૦૧૪માં જ્યારે મોદીજી વડાપ્રધાન બન્યા ત્યારે તેમણે વિચારધારા બદલી અને દેશના સંસાધનો પર દલિતો, આદિવાસીઓ, ગરીબો અને વંચિતોના અધિકારની વાત કરી.

છેલ્લા ૯ વર્ષમાં સાબિત થઈ ગયું છે કે, મોદી સરકાર આદિવાસીઓ, પછાત, દલિતો અને ગરીબોની સરકાર છે. ભગવાન બિરસા મુંડાની જન્મજયંતીને ગૌરવ દિવસ તરીકે જાહેર કરવાની હોય કે ગરીબ આદિવાસી પુત્રી દ્રૌપદી મુર્મુને રાષ્ટ્રપતિ બનાવવાની વાત હોય, મોદીજીની દૂરંદેશી અને અમિત શાહના કાર્યક્ષમ સંચાલન હેઠળની ભાજપ સરકારે આદિવાસી સમાજને હંમેશા સન્માન અને કલ્યાણ આપ્યું છે.

મધ્યપ્રદેશના લોકો જાણે છે કે કોંગ્રેસના શાસનમાં રાજ્યની હાલત બીમાર રાજ્ય જેવી થઈ ગઈ હતી. ભ્રષ્ટાચાર, કૌભાંડો, લૂંટફાટ, વીજળી વિના ગરીબોના ઘર, સિંચાઈ વિનાની ખેતી એ મધ્યપ્રદેશની ઓળખ બની ગઈ હતી.

# નેક્સસ મોલ અમદાવાદ વન દ્વારા 'ધ ગ્લોસ બોક્સ'ની જાહેરાત, જે ગ્રાહકો માટે ખાસ બ્યુટી અને વેલનેસ ઓફર રજૂ કરે છે

ઝડપથી પરિવર્તન પામતી દુનિયામાં જ્યાં સૌંદર્ય અને સુખાકારી એ માત્ર સારા શબ્દો કરતાં ઘણું વધારે બની ગયું છે, જો તમે તમારા સોનદારયા પ્રસાધનોમાં વધારો કરવા માંગતા હોવ અને કોસ્મેટિક્સ અને વેલનેસ બ્રાન્ડ્સની ભરમારમાંથી પસંદગી કરવા માંગતા હોવ તો, નેક્સસ અમદાવાદ વન એ ૮ સપ્ટેમ્બરથી તે માટેનું ઉત્તમ સ્થળ છે. તહેવારોમાં, શ્રેષ્ઠ બ્યુટી બ્રાન્ડ્સ સપ્ટેમ્બર મહિના



દરમિયાન તેમના ઉત્પાદનો પર ડીલ ઓફર કરશે. નેક્સસ મોલ્સ, ભારતનું સૌથી મોટું રિટેલ પ્લેટફોર્મ સૌંદર્ય અને સુખાકારી ઉદ્યોગના ભાવિને પુનઃવ્યાખ્યાયિત કરવા અને તમને સુંદરતામાં ડૂબી જવા માટે બ્રાન્ડ પોર્ટફોલિયો હેઠળ ૧૭ મોલ્સમાં 'ધ ગ્લોસ બોક્સ', સમગ્ર વિશ્વભરમાં અનન્ય કોસ્મેટિક્સ, ગ્રૂમિંગ અને વેલનેસ ઝુંબેશ શરૂ કરવા માટે સજ્જ છે.

'ધ ગ્લોસ બોક્સ'જે ૮ સપ્ટેમ્બરથી લાઈવ થશે તેનો હેતુ અગ્રણી ભારતીય અને આંતરરાષ્ટ્રીય સૌંદર્ય અને વેલનેસ બ્રાન્ડ્સ, પ્રખ્યાત મેક-અપ કલાકારો, સૌંદર્ય નિષ્ણાતો અને બ્લોગર્સને હોસ્ટ કરીને સુંદરતા અને સુખાકારીની દુનિયામાં એક નવો માપદંડ સ્થાપિત કરવાનો છે. ઉત્સાહીઓ માટે અદભૂત અનુભવ બનાવવા માટે નેક્સસ મોલ્સ પોર્ટફોલિયોમાં. પ્રીમિયમ સૌંદર્ય પ્રસાધનો અને વેલનેસ ઉત્પાદનોની ક્યુરેટેડ પસંદગી, નેક્સસ અમદાવાદ વન પર સૌથી વધુ ઈચ્છિત બ્રાન્ડને એકસાથે લાવી.

BOLLYWOOD NEWS FLASH

## ચિલ્ડ્રન હોસ્પિટલ ઓફ ફિલાડેલ્ફિયા અનુસાર, નેઝલ સેપ્ટમ કાર્ટિલેઝથી બનેલું હોય છે તે બે નાકને ચેમ્બરમાં વહેંચે છે



## અભિનેત્રી રણબીર કપૂરને બાળપણથી હતી દુર્લભ બીમારી

। મુંબઈ, તા.૮ ।

બોલિવૂડ ચોકલેટી બોય રણબીર કપૂર કરોડો દિલો પર રાજ કરે છે, એક્ટિંગના બળે પોતાનું ફેન ફૉલોઈંગ તગડું બનાવનાર કપૂર ખાનદાનના વારસદારને લોકો ખૂબ જ પસંદ કરે છે. પરંતુ ખૂબ જ ઓછા લોકોને એ જાણકારી છે કે, તેને બાળપણમાં જ એક દુર્લભ બીમારી થઈ હતી, જેના કારણે તે આજે પણ ઝડપથી વાત કરે છે અને ઝડપથી ભોજન લે છે. રિપોર્ટ્સ અનુસાર, રણબીરને બાળપણમાં નેઝલ ડિવિએટેડ સેપ્ટમ હતું, જે ઓલાફેક્ટરી વિકાર છે. જેમાં બંને નોસ્ટ્રીલ્સની વચ્ચેનું હાડકું ડિવિએટ થઈ જાય છે. જેનો ઈલાજ માત્ર સર્જરીથી જ શક્ય છે. જો કે, રણબીર કપૂરને બાળપણમાં સર્જરી કરાવવી ન હતી. અહીં જાણો, આ દુર્લભ બીમારી શું છે અને તેનાથી કેવી પરેશાની થઈ શકે છે. ચિલ્ડ્રન હોસ્પિટલ ઓફ ફિલાડેલ્ફિયા અનુસાર, નેઝલ સેપ્ટમ કાર્ટિલેઝથી બનેલું હોય છે તે બે નાકને ચેમ્બરમાં વહેંચે છે. ડિવિએટેડ સેપ્ટમમાં કાર્ટિલેજ અસામાન્ય થઈ જાય તો શ્વાસ લેવામાં તકલીફ થાય છે. આ સમસ્યા જન્મજાત હોઈ શકે છે અથવા બાળપણમાં કોઈ ઈજાના કારણે પણ થઈ શકે છે. ક્લિવલેન્ડ ક્લિનિક અનુસાર, તેનું સૌથી સામાન્ય લક્ષણ છે શ્વાસ લેવામાં પરેશાની થવી. આ સિવાય કેટલાંક કેસમાં સાયનસ ઈન્ફેક્શન પણ થઈ શકે છે. જેના ઈલાજ માટે સેપ્ટોપ્લાસ્ટી સર્જરી કરવામાં આવે છે જેમાં નાકના નેઝલ સેપ્ટમને ઠીક કરવામાં આવે છે. માયો ક્લિનિક અનુસાર, આ સર્જરી નોસ્ટ્રિલ્સ દ્વારા કરવામાં આવે છે. જેમાં સેપ્ટમના ડિવિએટ થયેલા ભાગને અથવા સપૂર્ણ રીતે દૂર કરી દેવામાં આવે છે.

## ભૂમિ પેડનેકર kromkaya સલૂન બહાર થઈ સ્પોટ

। મુંબઈ, તા.૮ ।

બોલિવૂડ એક્ટ્રેસ ભૂમિ પેડનેકર મુંબઈના જાણીતા સલૂન બહાર જોવા મળી હતી. એક્ટ્રેસને જોતાં જ ત્યાં હાજર ફોટોગ્રાફર ઘેરી વળ્યા હતા. એક્ટ્રેસ સલુન બહાર તેના ફેંસ સાથે સેલ્ફી પણ પડાવી હતી. કરણ બુલાની દ્વારા નિર્દેશિત ફિલ્મ 'થેંક્સ ફોર કમિંગ' માટે દરેક લોકો ઉત્સાહિત છે. આમાં ભૂમિ પેડનેકર જેવી ઘણી અભિનેત્રીઓ લીડ રોલમાં જોવા મળશે. થોડા દિવસો પહેલા 'થેંક્સ ફોર કમિંગ'ના ફર્સ્ટ લુકએ સર્વત્ર સનસનાટી મચાવી દીધી હતી. ત્યારથી ભૂમિ પેડકરની આ ફિલ્મની ચર્ચા દરેક જગ્યાએ થઈ રહી છે. હવે ભૂમિએ 'થેંક્સ ફોર કમિંગ'ના ટ્રેલર રિલીઝને લઈને મોટો ખુલાસો કર્યો છે. અભિનેત્રીએ મંગળવારે તેના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર આ ફિલ્મનું લેટેસ્ટ પોસ્ટર શેર કર્યું. 'થેંક્ર યુ ફોર કમિંગ'



એક મલ્ટી-સ્ટારર ફિલ્મ છે, જેમાં ભૂમિ પેડનેકર સિવાય કુશા કપિલા, શહેનાઝ ગિલ, શિબાની બેદી, ડોલી સિંહ, અનિલ કપૂર અને કરણ કુન્દ્રા જેવા કલાકારો છે. ભૂમિ પેડનેકરે ફિલ્મોમાં જબરદસ્ત રોલ કરીને ફેન્સમાં એક અલગ ઓળખ બનાવી છે. ભૂમિની એક્ટિંગ જેટલી જબરદસ્ત છે તેટલો જ દેખાવ પણ સુંદર છે. દર વખતે નવી સ્ટાઈલ રજૂ કરીને ફેશન ગોલ સેટ કરે છે. ભૂમિ પેડનેકર લગભગ ૮ વર્ષથી બોલિવૂડમાં કામ કરી રહી છે. અત્યાર સુધી તે ઘણી ફિલ્મોમાં સ્ક્રીન પર જોવા મળી છે. જોકે તેની એક પણ ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપરહિટ સાબિત થઈ નથી. ભૂમિ પેડનેકર તેની પ્રથમ ફિલ્મ દલ લગા કે હઈશામાં આયુષ્માન ખુરાના સાથે જોવા મળી હતી. આ ફિલ્મમાં સંજય મિશ્રા, અલકા અમીન જેવા સ્ટાર્સ પણ જોવા મળ્યા હતા.

## સોશ્યલ મીડિયા પર કેટલીક તસવીરો સામે આવી છે જેમાં રશ્મિકા મંદાના તેના સહાયક અને તેની પત્ની સાથે પોઝ આપતી જોવા મળી રહી છે

## રશ્મિકા સાડી પહેરીને પોતાના આસિસ્ટન્ટના લગ્નમાં પહોંચી

। મુંબઈ, તા.૮ ।

સાઉથ સુપરસ્ટાર એક્ટ્રેસ અને નેશનલ ક્રશ બની ચૂકેલી રશ્મિકા મંદાનાનો એક વીડિયો અત્યારે વાયરલ થઈ રહ્યો છે, જેમાં ખુબ કૉમેન્ટ્સ આવી રહી છે, ખરેખરમાં, રશ્મિકા મંદાના તેના આસિસ્ટન્ટના લગ્નમાં હાજરી આપવા હૈદરાબાદ પહોંચી હતી. આ દરમિયાન અભિનેત્રી એકદમ સિમ્પલ સાડી લૂકમાં જોવા મળી હતી. તેમના લગ્નની કેટલીક તસવીરો અને વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. આમાં રશ્મિકા મંદાના નવા પરિણીત કપલ સાથે



પૉઝ આપતી જોવા મળી રહી છે. એક વીડિયોમાં રશ્મિકા મંદાનાના આસિસ્ટન્ટ અને તેની પત્ની એક્ટ્રેસના પગ સ્પર્શ કરતા જોઈ શકાય છે. રશ્મિકા મંદાના તેના આસિસ્ટન્ટના લગ્નમાં એકદમ સિમ્પલ સાડી લૂકમાં પહોંચી હતી. આ ઈવેન્ટ માટે તેને નારંગી રંગની કૉટન સાડી પહેરી હતી અને તેને સ્લીવલેસ બ્લાઉઝ સાથે જોડી હતી. રશ્મિકા ખુલ્લા વાળ, કપાળ પર મોટી લાલ બિંદી અને ગળામાં નાનું પેન્ડન્ટ સાથે ખૂબ જ સુંદર લાગી રહી હતી. તેના આ લૂકએ તેના ચાહકોનું દિલ જીતી લીધું હતું. સોશ્યલ મીડિયા પર કેટલીક તસવીરો સામે આવી છે જેમાં રશ્મિકા મંદાના તેના સહાયક અને તેની પત્ની સાથે પૉઝ આપતી જોવા મળી રહી છે. તે જ સમયે, એક વીડિયો ખૂબ વાયરલ થઈ રહ્યો છે જેમાં નવવિવાહિત કપલ ?? અભિનેત્રીના ચરણ સ્પર્શ કરી તેમના આશીર્વાદ લેતા જોવા મળે છે.

## કેબીસીમાં જીતેલ વ્યક્તિનાં હાથમાં નથી આવતી પૂરેપૂરી રકમ

। મુંબઈ, તા.૮ ।

સુપરસ્ટાર અમિતાભ બચ્ચનના મેગા શો કૌન બનેગા કરોડપતિમાં ભાગ લઈને કરોડો કમાવવાનું દરેક વ્યક્તિનું સપનું હોય છે. કેટલાક લોકો તેમાં ભાગ લઈ શકે છે અને ઈનામની રકમ પણ મેળવી શકે છે, પરંતુ શું તમે જાણો છો કે તમને ખરેખર કેટલી ઈનામની રકમ મળે છે? જીતેલા પૈસા પર કેટલો આવકવેરો ભરવો પડશે? પંજાબના રહેવાસી જસકરણે KBCની ૧૫મી સીઝનમાં ૧ કરોડ રૂપિયા જીત્યા છે. જો કે, તે ૭ કરોડના છેલ્લા પ્રશ્ન પર અટવાઈ ગયો હતો અને તેણે ૧ કરોડ લઈને રમત બંધ કરવાનું વધુ સારું માન્યું હતું. પરંતુ જસકરણને ૧ કરોડ



રૂપિયાની ઈનામની રકમમાંથી કેટલી રકમ મળી હશે અને જો તેણે ૭ કરોડ રૂપિયા જીત્યા હોત તો તેના બેંક ખાતામાં કેટલી રકમ આવી હોત? એ પ્રશ્નનો જવાબ જાણવામાં પણ ઘણાને રસ હોય છે. ઈક્મ ટેક્સનાં કાયદા મુજબ આપણે ઈનામની રકમ પર પણ ટેક્સ ભરવો પડે છે. હવે તમે વિચારતા હશો કે જે વ્યક્તિએ ઈનામની રકમ જીતી છે તેના સ્લેબ પ્રમાણે ટેક્સ વસૂલવામાં આવે છે, તો તે ખોટું છે. આવકવેરા વિભાગ આ નાણાં પર કોઈપણ સ્લેબને બદલે સીધો ૩૦% ટેક્સ વસૂલે છે. આટલું જ નહીં, એકત્ર કરાયેલા ટેક્સ પર ૪ ટકાનો સેસ પણ લેવામાં આવે છે. પંજાબના જસકરણ સિંહ KBCની ૧૫મી સિઝનના પ્રથમ કરોડપતિ વિજેતા બન્યો હતો.

## માધુરી દીક્ષિતે અમિતાભ બચ્ચન સામે કરી હતી વિચિત્ર પ્રકારની માગ

। મુંબઈ, તા.૮ ।

માધુરી દીક્ષિતે તેની કારકિર્દીમાં રામ લખન, તેઝાબથી લઈને હમ આપકે હૈ કૌન જેવી ઘણી બ્લોકબસ્ટર ફિલ્મોમાં કામ કર્યું છે. એક સમય એવો હતો જ્યારે તે ઈન્ડસ્ટ્રીની સૌથી વધુ કમાણી કરતી અભિનેત્રી હતી. માધુરી તેના ડાન્સ અને એક્ટિંગ બંને માટે પ્રખ્યાત છે. તેણે પોતાના દમદાર અભિનયથી ઘણી ફિલ્મોમાં લીડ હીરોને પાછળ છોડી દીધો. માધુરીએ તેની કારકિર્દીમાં ઘણી મુશ્કેલ ભૂમિકાઓ પણ ભજવી હતી. પરંતુ, એક ફિલ્મમાં કામ કરતી વખતે માધુરી ખૂબ જ પરેશાન થઈ ગઈ હતી. આ વાતનો ખુલાસો



ડિરેક્ટર ટીનુ આનંદે કર્યો છે. કાલિયા અને શહેનશાહ જેવી લોકપ્રિય ફિલ્મોમાં મેગાસ્ટાર અમિતાભ બચ્ચન સાથે કામ કરનાર ટીનુ આનંદે ૧૯૮૯માં 'શનપ્ત' નામની ફિલ્મ માટે બિગ બી અને માધુરી દીક્ષિતને મુખ્ય ભૂમિકામાં પસંદ કર્યા હતા. ટીનુએ તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં ખુલાસો કર્યો હતો કે, શૂટિંગના પહેલા જ દિવસે તેની માધુરી દીક્ષિત સાથે એક સીનને લઈને ઉગ્ર દલીલ થઈ હતી. મામલો એટલો વધી ગયો કે, તેઓએ અભિનેત્રીને લગભગ ફિલ્મમાંથી કાઢી નાખી. ટીનુ આનંદે રેડિયો નશા સાથેની વાતચીતમાં આ ઘટનાનો ખુલાસો કર્યો હતો. ટિનુ એ દ્રશ્ય યાદ કરે છે જેમાં અમિતાભ બચ્ચન સાંકળોથી બાંધેલા છે. તે માધુરીને બચાવવાનો પ્રયત્ન કરે છે, પરંતુ ગુંડાઓ તેના પર કાબૂ મેળવી લે છે. આવી સ્થિતિમાં માધુરીએ વચ્ચે આવીને કહેવું પડ્યું - 'સાંડીથી બાંધેલા એકલા માણસ પર શા માટે હુમલો કર્યો, જ્યારે તેની સામે એક મહિલા ઉભી છે. ટીનુએ દાવો કર્યો હતો કે, તેણે ફિલ્મ સાઈન કરતા પહેલા જ માધુરીને આખો સીન સમજાવ્યો હતો. તે કહે છે- 'મેં માધુરીને કહ્યું હતું કે, તારે પહેલીવાર તારું બ્લાઉઝ ઉતારવું પડશે. અમે તમને બ્રામાં બતાવીશું. અને હું ઘાસની ગંજી કે, કોઈ પણ વસ્તુ પાછળ કંઈપણ છુપાવીશ નહીં. કારણ કે જે માણસ તમને મદદ કરવાનો પ્રયાસ કરી રહ્યો છે તેને મદદ કરવા માટે તમે તમારી જાતને ઓફર કરી રહ્યા છો. તેથી આ ખૂબ જ મહત્વપૂર્ણ પરિસ્થિતિ છે.

### નગરના દરેક મંદિરોમાં ભજન કીર્તન તેમજ મટકી ફોડના કાર્યક્રમો રાખવામાં આવ્યા

# ઝાલોદ નગરના સહુ મંદિરો નંદ ઘેર આનંદ ભયોના ગગનભેદી નાદથી ગુંજી ઉઠયા

### શ્રી કૃષ્ણના જન્મોત્સવને ગગન માંથી વરસાદ વરસાવી દેવી દેવતાઓ દ્વારા પણ વધાવી લેવાંમાં આવ્યો

| પંકજ પંડિત ઝાલોદ, તા.૮ |





શ્રી કૃષ્ણ જન્માષ્ટમીના પાવન ઉત્સવને ઉજવવા માટે ગુરુવારના રોજ સવારથી જ નગરના મંદિરોમાં દર્શન અને પૂજા કરવા ભાવિક ભક્તો ઉમટી પડ્યા હતા. નગરના દરેક મંદિરોમાં ભવ્યાતિભવ્ય સજાવટ કરવામાં આવી હતી. ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવને ઉજવવા ભક્તોમાં થનગનાટ જોવા મળતો હતો. નગરના દરેક મંદિરોમાં ભજન કીર્તન કરી રાત્રે ફટાકડાની આતસબાજી કરવામાં આવી હતી તેમજ રાત્રે મંદિરોમાં આરતી કરી મટકી ફોડ જેવા કાર્યક્રમો પણ રાખવામાં આવેલ હતા.

શ્રી કૃષ્ણનો જન્મ ઉત્સવ શ્રાવણના પવિત્ર મહિનામાં આવતા ભક્તોમા શ્રદ્ધા અને આસ્થા વિશેષ જોવા મળતી હોય છે. શ્રી કૃષ્ણના પૃથ્વી પર અવતારમાં બાળ લીલાંઓ ની ભક્તોમાં વિશેષ છાપ જોવા મળે છે. ભગવાન શ્રી કૃષ્ણના બાળ અવતારને માણવા પૃથ્વી પર દરેક દેવી દેવતાઓ કોઈને કોઈ સ્વરૂપે આવેલ હોવાના દ્રષ્ટાંત દંતકથાઓમા જોવા મળે છે.

નગરના દરેક મંદિરોમાં શ્રી કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી ખૂબ જ ભક્તિભાવ પૂર્વક કરવામાં આવતી હોય છે. પરંતુ નગરનું સહુ થી જૂનું અને પૌરાણિક એવું ગીતામંદિર પ્રત્યે ભક્તોને વિશેષ આસ્થા જોડાયેલ છે. નગરના સહુ લોકો ગીતામંદિર ખાતે ભગવાન કૃષ્ણના જન્મોત્સવને નિહાળવા જરૂર આવતા હોય છે. ગીતામંદિર કમિટિ દ્વારા મંદિરને વિશેષ આકર્ષણ રૂપી સજાવટ કરવામાં આવતી હોય છે. મંદિરના પટાંગણમાં પગ મૂકતાં જ ભક્તો આનંદિત મુદ્રા સાથે પોતાના મુખ પર ભગવાનના સાક્ષાત ધામમાં આવ્યા હોવાનો અહેસાસ થાય છે. મંદિરમાં રાત્રે ૮ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધી ભજન મંડળ દ્વારા ભજન કીર્તન કરવામાં આવે છે. રાત્રે બારના ટકોરે ભગવાન શ્રી કૃષ્ણ ભગવાન ના જન્મોત્સવને શંખનાદ કરી વધાવી લેવામાં આવે છે. આખું મંદિર નંદ ઘેર આનંદ ભયોના ગગનભેદી નારા સાથે ગુંજી ઉઠે છે. ત્યારબાદ ભગવાન શ્રી કૃષ્ણની પૂજા આરતી કરવામાં આવે છે અને દરેક ભક્તો ભગવાનને ઝૂલો ઝૂલાવી ધન્યતા અનુભવતા હતા. ગીતા મંદિર ખાતે ભગવાન શ્રી કૃષ્ણના જન્મને જોવા અને માણવા મોટાં પ્રમાણમાં માનવ મહેરામણ ઉમટી પડેલ હતું. સહુ કોઈ ઉપસ્થિત ભાવિક ભક્તો શ્રી કૃષ્ણના જન્મોત્સવ નિમિતે મંદિરમાં નાચી ઝૂમી ઉઠેલ જોવા મળતા હતા. આખું મંદિર પરિસર નંદ ઘેર આનંદ ભયોના નાદ થી ગુંજી ઉઠેલ હતું. છેલ્લે નગરના અલગ અલગ મંદિરોમાં માટલી ફોડના કાર્યક્રમ રાખવામાં આવેલ હતા ત્યાં વિવિધ કાનુડાની ટીમ દ્વારા શ્રદ્ધાભેર જન્માષ્ટમીના પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

## ઝઘડિયાના જુનાપોરા ગામે વનવિભાગ દ્વારા મુકવામાં આવેલ પાંજરામાં દિપડો ઝડપાયો

મલેક યસદાની

| ભરૂચ, તા.૮ |



ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના જુનાપોરા ગામે એક મકાનના વાડા નજીક બે દિવસ અગાઉ રાત્રી દરમિયાન એક દિપડાની હાજરી જોવા મળી હતી. લટાર મારતો દિપડો નજરે પડતા કોઈએ તેનો વિડીયો મોબાઈલમાં ઉતાર્યો હતો. ત્યારબાદ જૂનાપોરા ગામના અગ્રણી અક્ષયભાઈ વસાવાએ ઝઘડિયા વન વિભાગને આ બાબતે જાણ કરી હતી. જાણ થતા વન વિભાગની ટીમે જ્યાં દિપડાની હાજરી જોવા મળી હતી ત્યાં ગઈકાલે પાંજરું ગોઠવ્યું હતું. વનવિભાગ દ્વારા ગોઠવવામાં આવેલ પાંજરામાં ગણતરીના કલાકોમાં દિપડો ઝડપાતા લોકોએ રાહત અનુભવી હતી. પાંજરામાં દિપડાનું ધ્યાન દોરવા ખોરાક મુકવામાં આવ્યો હતો. પાંજરુ ગોઠવાયા બાદ રાતના ૧૧ વાગ્યાના અરસામાં દિપડો પાંજરામાં પુરાયો હતો. વનવિભાગ દ્વારા દિપડાને ઝઘડિયા વનવિભાગની કચેરી ખાતે લઈ જવાયો હતો. પાંજરે પુરાયેલ આ દિપડો આશરે સવા વર્ષ જેટલી ઉંમરની માદા દિપડી હોવાનું જાણવા મળ્યું હતું.વન વિભાગ દ્વારા આ દીપડીને ખોરાક પાણી મળી રહે તેવા સલામત સ્થળે છોડી દેવામાં આવશે એમ જણાવાયું હતું. ઉલ્લેખનીય છેકે ઝઘડિયા તાલુકામાં લાંબા સમયથી દિપડાઓની વસતિ જોવા મળે છે. હાલમાં વણખુંટા ગામના એક આઠ વર્ષીય બાળકનું દિપડાના હુમલામાં મોત થતાં તાલુકાની જનતામાં ભયની લાગણી જોવા મળે છે. ખાસ કરીને ખેતરોમાં એકલદોકલ કામ કરતા ખેડૂતો અને ખેતમજુરો માં વણખુંટાની ઘટના બાદ ડર ફેલાયેલો જોવા મળે છે.

### સુરત જિલ્લા મહિલા સુરક્ષા સમિતિમા બિન સરકારી સભ્ય તરીકે

# ઓલપાડ તાલુકાના એરથાણ ગામના મહિલા સરપંચ સ્વીટીબેન જયેશભાઈ પરમાર નિયુક્તિ કરાઈ

| ભરૂચ, તા.૮ |



સુરત જિલ્લાનાં ઓલપાડ તાલુકાના એરથાણ ગામનાં યુવા શિક્ષિત અને અનુસૂચિત જાતિ માહ્યાવંશી સમાજ મહિલા સરપંચ સ્વીટી બેન જયેશ ભાઈ પરમારની સુરત જિલ્લા મહિલા સુરક્ષા સમિતિ માં બિન સરકારી સભ્ય તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.

સમાજમાં બનતાં મહિલા અત્યાચાર નિવારણમાં મહિલા સશક્તિકરણ અને મહિલા કાર્યકરોનાં અનુભવનો લાભ મેળવી શકાય અને પોલીસ તપાસ ની વિશ્વનીયતા વધે તથા મહિલા વિરોધી ગુન્હા ઓમાં સંડોવાયેલા તત્વોને ખુલ્લા પાડી તેમને સજા થાય તે હેતુ થી ગુજરાત સરકારનાં ગુહ વિભાગ દ્વારા સુરત જિલ્લા મહિલા સુરક્ષા સમિતિ ની રચના કરવામાં આવી છે. આ સમિતિ માં માહ્યાવંશી સમાજની યુવા અને શિક્ષિત મહિલા સરપંચ સ્વીટી બેન જયેશ ભાઈ પરમારની નિયુક્તિ કરવામાં આવી છે જે બદલ ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ સાહેબ, સુરત જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ ભરત ભાઈ રાઠોડ સાહેબ, તેમજ ગુજરાત સરકારનાં મંત્રી મુકેશ ભાઈ પટેલ સાહેબ તેમજ ઓલપાડ તાલુકાના ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ તેમ જ કાર્યકર મિત્રો નો ખુબ ખુબ આભાર વ્યક્ત કરવામાં આવે છે.

આ મહિલા સુરક્ષા સમિતિ માં બિન સરકારી સભ્ય તરીકે નિયુક્તિ થઈ છે જેથી ખાસ કરીને માહ્યાવંશી સમાજમા આનંદ અને ગૌરવની લાગણી વ્યાપી ગઈ છે માહ્યાવંશી સમાજ તરફથી હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે .

### "નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકી"ના નાદ સાથે

# ભરૂચના વિવિધ મંદિરોમાં ભગવાન શ્રી કૃષ્ણના ૫૫૫૨ માં જન્મોત્સવની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી



| કેતન મહેતા ભરૂચ, તા.૮ |

ભરૂચના વિવિધ મંદિરોમાં જન્માષ્ટમી પર્વની ધાર્મિક હર્ષોલ્લાસ સાથે પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી હતી.ભગવાન શ્રી કૃષ્ણના જન્મની રંગારંગ ઉજવણી માટે ભરૂચના વિવિધ મંદિરોમાં અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, ભરૂચના વિવિધ મંદિરો – હવેલીઓમાં મંગળા આરતી, મહા અભિષેક, મહાઆરતી, જાપ, કૃષ્ણ દર્શન સહિતના કાર્યક્રમો યોજાયા હતા. ભરૂચના વિવિધ મંદિરોમાં ઉજવણીના ભાગરૂપે મંદિરોને રોશનીથી શણગારવામાં આવ્યાં હતાં.ભરૂચના મંદિરોમાં સવારથી જ મોટી સંખ્યામાં ભક્તોનું ઘોડાપુર ઉમટટું જોવા મળ્યું હતું.

ભરૂચમાં ઘેર ઘેર કૃષ્ણ જન્મના વધામણા કરવામાં આવ્યાં હતાં, અનેક સોસાયટીઓ, ફ્લેટોમાં મટકીફોડના કાર્યક્રમો યોજાયા હતાં. શૈક્ષણિક સંસ્થાઓમાં ગઈકાલે જન્માષ્ટમી ઉજવણી નિમિત્તે મટકી ફોડ, મટકી ડેકોરેશન, ડ્રેસ કોમ્પીટીશન સહિતના અનેક કાર્યક્રમો યોજાયા હતા. લોકોમાં જન્માષ્ટમીની ઉજવણી માટે અનેરો આનંદ જોવા મળી રહ્યો હતો.

છેલ્લી ઘડી સુધી ભકતો દ્વારા ભગવાન શ્રી કૃષ્ણના વસ્ત્રો, હિંડોળા અને શણગારની ખરીદી માટે ભરૂચના બજારોમાં ભારે ભીડ જોવા મળી હતી.આ સમગ્ર તહેવારો દરમિયાન રાજયભરમાં યોજાતા જન્માષ્ટમીના લોકમેળામાં વહીવટીતંત્ર દ્વારા નાગરીકોની સુરક્ષા માટે વિશેષ આયોજનો કરવામાં આવ્યાં હતાં.

ભગવાન શ્રી કૃષ્ણ જે ભગવાન વિષ્ણુના અવતાર છે.શ્રીકૃષ્ણના જન્મદિવસને જન્માષ્ટમીના તહેવારના રૂપમાં ઉજવવામાં આવે છે. શ્રાવણ વદ આઠમ ભારતભરમાં ખૂબ જ ઉત્સાહથી ઉજવાતો તહેવાર છે. તેથી તે કૃષ્ણ જન્મોત્સવ તરીકે પણ ઓળખાય છે. જન્માષ્ટમી હિંદુઓના વાર્ષિક તહેવારના રૂપમાં ઉજવાય છે. આ દિવસે લોકોએ ઘરમાં અને મંદિરોમાં ભવ્ય ઉજવણી કરી હતી. લોકોએ ઘરમાં પણ શ્રીકૃષ્ણનું ગોકુળિયું સજાવ્યું હતું અને આખો દિવસ ઉપવાસ કર્યો હતો.અને જુદી-જુદી વાનગીઓનો ભોગ કે ૫૬ ભોગ ધરાવ્યો હતો.

જન્માષ્મીની રાત્રે ૧૨ વાગ્યે શ્રીકૃષ્ણનો જન્મ થયો હતો. તેથી રાત્રે ૧૨ વાગ્યે મંદિરોમાં અને ઘરોમાં પણ લોકોએ શ્રીકૃષ્ણને અભિષેક, પૂજન અને આરતી કરી હતી.અને મટકી ફોડી હતી. ફૂટેલી મટકીનાં ટુકડાને તિજોરીમાં રાખવો શુકનવંતો માનવામાં આવે છે.

જન્માષ્ટમીનો તહેવાર ખૂબ ધામધૂમથી ઊજવાયો હતો. આ દિવસે લોકોએ ઉપવાસ કર્યો હતો. મંદિરોને શણગારવામાં આવ્યા હતા. રાતે ભજન-કીર્તન કરવામાં આવ્યા હતા. બરાબર રાતે બાર વાગે કૃષ્ણજન્મ થતાં લોકો નાચ્યા હતા, કૂદ્યા હતા, ગુલાલ ઉડાડ્યો હતો. અને "નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકી."ગાઈને કૃષ્ણ જન્મની વધામણી કરી હતી.

પછી પંજરીનો પ્રસાદ વહેંચ્યો હતો. લોકોએ પારણામાં ઝૂલતા કનૈયાનાં દર્શન કર્યા હતા. ભરૂચના મેઘરાજાનો મેળો ભરાતા લોકો હોંશથી મેળામાં ગયા હતા આનંદ કર્યો હતો.અને ગોરસ ભરેલી મટકી ફોડી હતી. ભરૂચના વિવિધ મંદિરોમાં બરાબર રાત્રે ૧૨ ના ટકોરે નંદ ઘેર આનંદ ભયોના નાદ સાથે ભગવાન શ્રી કૃષ્ણનો ભવ્ય જન્મોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

### ગુજરાત રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક મેળવી

# સમગ્ર મહીસાગર જિલ્લાના નામ રોશન કરતાં નરસીંગપુર મુખ્ય પ્રાથમિક શાળાનાં શિક્ષક રમેશકુમાર બી ચૌહાણ

| સંતોષભાઈ જોષી સંતરામપુર, તા.૮ |



મહીસાગર જિલ્લાની સંતરામપુર તાલુકાની પાદરી ફળિયા પગાર કેન્દ્રની મને ગમતી શાળા નરસીંગપુર મુખ્ય પ્રાથમિક શાળાના શિક્ષકને પાંચમી સપ્ટેમ્બર શિક્ષક દિવસે રાજ્યકક્ષા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિકથી સન્માનિત કરવામાં આવ્યા.મને ગમતી શાળા નરસીંગપુર મુખ્ય પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી રમેશકુમાર બદામીલાલ ચૌહાણ કે જેઓ "કરવું તો શ્રેષ્ઠ જ કરવું" જીવનસૂત્રના આધારે પોતાની શાળામાં બાળકો સાથે અસરકારક શૈક્ષણિક કાર્ય કરી રહ્યા છે. જેમણે પોતાની શિક્ષક તરીકેની ૨૨ વર્ષની કારકિર્દીમાં બાળકો સાથે રહીને રમકડા મેળો - રાષ્ટ્ર કક્ષા, એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલ - રાજ્ય કક્ષા, ગણિત વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન - રાજ્ય કક્ષા વિવિધ શૈક્ષણિક અભ્યાસિક અને સહ અભ્યાસિક પ્રવૃત્તિઓનું અસરકારક અમલીકરણ, બાળ સંચાલિત વિવિધતા સભર પ્રાર્થના સંમેલન, શાળા કક્ષાએ બાળકોનો શબ્દ ભંડોળ વિકસે તે હેતુથી શરૂ કરેલ "આજનો શબ્દ" પ્રોજેક્ટ વિવિધ નૈતિક અને મૂલ્યલક્ષી પ્રોજેક્ટ જેવા કે ખોયા પાયા, અક્ષયપાત્ર, અક્ષય દ્રવ્ય, ચબૂતરો હાલમાં શાળામાં કાર્યરત છે. અન્ય સામાજિક સેવાઓમાં તેમણે બાવીસ વખત રક્તદાન કરી માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડેલ છે. અને ફાટેલા હોઠ અને ફાટેલા તાળવાવાળા અંદાજિત ૭૦ જેટલા બાળકોના વડોદરા જીવન અક્ષય ચેરીટેબલ ટ્રસ્ટ મારફતે નિશુલ્ક ઓપરેશન કરાવી, આવા બાળકોના ચહેરા પર હાસ્ય લાવવાનું કાર્ય પણ કરેલ છે. શાળા કક્ષાએ તેમને કયુ આર કોડ આધારિત પેપરલેસ ડિજિટલ ડોક્યુમેન્ટરી અને અહેવાલ તથા શાળાની યુ ટ્યુબ ચેનલ અને શાળાનો બ્લોગ પણ બનાવેલ છે. તેઓશ્રીની આ કામગીરીને ધ્યાને લઈને ક્રમશઃ તાલુકા કક્ષા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક, જિલ્લા કક્ષા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક, વિશ્વ વંદનીય સંત શ્રી મોરારી બાપુના હસ્તે ચિત્રકૂટ પારિતોષિક, પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી મહામહિમ શ્રી રામનાથ કોવિંદના હસ્તે અચલ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક પ્રાપ્ત થયેલ છે. આઈ. આઈ.એમ અમદાવાદ અને સાર્થ ટુ ઓનલાઈન તાલીમમાં સમાવેશી શિક્ષણ અંતર્ગત એમના કેસ સ્ટડીનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. ઉપરોક્ત તમામ શૈક્ષણિક, સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓને ધ્યાને લઈ ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લા કક્ષાએ રૂબરૂ મુલાકાત, રાજ્ય કક્ષા રૂબરૂ મુલાકાત, શાળા રૂબરૂ મુલાકાત જેવા વિવિધ તબક્કાઓમાંથી પસાર થઈ સફળતા મેળવી પાંચમી સપ્ટેમ્બર શિક્ષક દિનના રોજ વિદ્યા સમીક્ષા કેન્દ્ર ગાંધીનગર ખાતે સન્માનનીય રાજ્યપાલ મહામહિમ શ્રી આચાર્ય દેવવ્રતજી, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કેબિનેટ કક્ષાના માનનીય શિક્ષણમંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર, રાજ્યકક્ષા શિક્ષણમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા તથા શિક્ષણ નિયામક શ્રી એમ આઈ જોશીના વરદ હસ્તે શાલ, પ્રશસ્તિપત્ર, શિલ્ડ અને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા.

## વિખ્યાત તીર્થધામ શ્રી ઘેલાં સોમનાથ મહાદેવને તહેવારના દિવસોમાં હજારો લોકોએ શીશ ઝુકાવ્યું



હુસામુદ્દીન કપાસી

| જસદણ, તા.૮ |

જસદણ નજીક આવેલ વિખ્યાત તીર્થધામ શ્રી ઘેલાં સોમનાથ મહાદેવ મંદિર ખાતે સાતમ આઠમના તહેવારોમાં દેશભરના હજજારો લોકોએ આવી મહાદેવને શીશ ઝુકાવ્યું હતું ખાસ કરીને વહીવટીતંત્રએ સવ્યમસેવકોને સાથે રાખી જે કામ કર્યું તેનાથી અહી આવનાર દરેક ભાવિકોને પાણીથી લઈ ચા ભોજન દર્શનના કાર્યમાં ભારે રાહત પહોંચી હતી. ખાસ કરીને જસદણના નવાગામના શાસ્ત્રી શ્રી આશિષકુમાર ભટ્ટ

રાજકોટથી પરિવાર સાથે દર્શન માટે આવ્યાં હતાં તેમણે ઘેલાં સોમનાથ મહાદેવ મંદિરમાં માનદ્ વહીવટદાર તરીકે વર્ષોથી સેવા આપતા મનુભાઈ શીલુની કામગીરી બિરદાવી હતી. આમ તો પવિત્ર શ્રાવણ માસના પ્રથમ દિવસથી મોટી સંખ્યામાં આસ્થાળુંઓ ની ભીડ જામી હતી પણ સાતમ આઠમના તહેવારોમાં હજજારો લોકો દેશભરમાંથી આવ્યાં હતાં.

## ખેડા જિલ્લાના પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર જન્માષ્ટમીના પર્વે પણ ખુલ્લા રહ્યા

| નડિયાદ, તા.૮ |

ખેડા જિલ્લાની તમામ સસ્તા અનાજની દુકાનો પરથી જન્માષ્ટમી તહેવારની રાજ્ય સરકારશ્રી તરફથી થયેલ ખાંડ, તેલ સહિતની ખાદ્ય સામગ્રી રેશનકાર્ડ ધારકોને વિતરિત કરવામાં આવી હતી. અગ્રસચિવશ્રી, અન્ન નાગરિક પુરવઠા વિભાગ દ્વારા થયેલ માર્ગદર્શન મુજબ અને કલેકટરશ્રીના સુચનો મુજબ જિલ્લા પુરવઠા અધિકારીએ ખેડા જિલ્લાના ૮ ગોડાઉનો રજાના દિવસે ચાલુ રાખવામાં આવ્યા હતા. દરેક દુકાનો ઉપર આવશ્યક ચીજ વસ્તુઓનો જથ્થો પહોંચતો કરીને કાર્ડધારકોને તહેવાર ટાણે જથ્થો મળી રહે તે હેતુથી ખેડા જિલ્લાના તમામ મામલતદારને વિતરણ કરાવવા અને સુચારુ આયોજન કરવા જણાવાયું હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. જો તમે યાત્રા પર જવાવાળા હો તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે ચોરી થવા ની શક્યતા છે, ખાસ કરીને પર્સ નું ધ્યાન રાખો? તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. જેઓ સંવેદનશીલ પુનરાશ્વાસન શોધી રહ્યા છે તેમની મદદે તેમના વડીલો આવશે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે, તો જ ખુશીનું ખરૂં મૂલ્ય સમજાશે. તમે જો અન્યોના શબ્દો પર ધ્યાન આપીને રોકાણ કરશો તો આજે આર્થિક નુકસાનની શક્યતા જોવાય છે. તમારું મનપસંદ સંગીત સાંભળવું એ તમને ચાના કપ કરતા વધારે તાજું અનુભવી શકે છે. મિત્રો તથા પરિવારના સભ્યો તમારો મોટાભાગનો સમય લેશે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારી જાતને એવી પ્રવૃત્તિઓમાં મશગુલ રાખો જે તમને તમારૂં મગજ શાંત રાખવામાં મદદરૂપ થાય. જો તમે છાત્ર છો અને વિદેશ માં જયી ને ભણતર કરવા માંગતા હોવ તો ઘર ની નાણાકીય કટોકટી તમને હેરાન કરી શકે છે. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો? જો તમે આવું નહિ કરો તો શક્ય છે કે તમારો પ્રેમી તમારા થી ગુસ્સે થયી જાય.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે મોતિયાના દરદીઓએ પ્રદૂષિત વાતાવરણ હોય તેવા સ્થળની મુલાકાત લેવાનું ટાળવું જોઈએ, કેમ કે ધુમાડાને કારણે આંખોને વધુ નુકસાન થઈ શકે છે. શક્ય હોય તો સૂર્યપ્રકાશ સાથે સંપર્ક પણ ટાળવો. આજે નાણાં સંભાળવામાં તમને મુશ્કેલી પડશે- તમે વધુ પડતો ખર્ચ કરી બેસશો કાં તમારૂં વૉલૅટ ખોવાઈ જશે- બેદરકારીને કારણે કેટલુંત નુકસાન ચોક્કસ છે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. સમજદારીપૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે-આથી તમે તમારી પરસેવાની કમાણી ક્યાંય રોકો તે પૂર્વે પૂરેપૂરી ખાતરી કરી લેજો. આજે તમે જે કાર્ય પૂર્ણ કરી શકશો તે ટાળો નહીં, તો તે તમારા માટે સારું રહેશે. તમારા વ્યક્તિગત મોરચે મહત્વની ઘટના બનશે જે તમારા તથા તમારા આખા પરિવાર માટે પ્રફૂલ્લતા લાવશે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારી સૌથી મોટી મૂડી છે તમારી રમૂજવૃત્તિ, તમારી બીમારીને સાજી કરવા તેનો ઉપયોગ કરો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. તમારા જીવનસાથી આજે અનાયાસે જ કશુંક અદભુત કરશે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. આજ ના દિવસે ભૂલી ને પણ કોઈ ને પૈસા ઉધાર ના આપો અને જો આપવું જરૂરી હોય તો પૈસા આપતી સમયે સામેવાળા થી લખાણ લ્યો કે તે ક્યારે પૈસા પાછા આપશે? અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે નાની-નાની બાબતોને તમારા મગજ પર અસર કરવા ન દેતા. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો. તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપવું એ આજના દિવસની પ્રાથિમકતા હોવી જોઈએ.



**મકર (ખ,જ) :**

આજના દિવસે જાતે જ પોતાની દવા કરવી એ બાબત ડ્રગ ડિપેન્ડન્સીનું કારણ બની શકે છે. કોઈપણ દવા લેવા પૂર્વે ફિઝિશિયનની સલાહ લો અન્યથા ડ્રગ ડિપેન્ડ્ન્સીની શક્યતા ખાસ્સી વધારે છે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો. પ્રેમ જીવન આશા લાવશે. તમારી તરફ મદદ માટે મીટ માંડનારાઓને તમે વચન આપશો.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. મિત્રો તથા જીવનસાથી આરામ તથા ખુશીઓ લાવશે, એ સિવાય નિસ્તેજ અને ધીમો દિવસ. તમે તમારા વ્યક્તિત્વ ને નિખારવા માટે થોડો સમય પસાર કરી શકો છો, કારણ કે સ્વ-નિર્માણ માં આકર્ષક વ્યક્તિત્વ નો મહત્વપૂર્ણ ફાળો છે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે મિત્ર સાથે તમારી ગેરસમજ કેટલાક અપ્રિય પ્રત્યાઘાતોને આમંત્રણ આપશે-કોઈ પણ નિર્ણય જોહેર કરતા પહેલા સંતુલિત મંતવ્ય મેળવો. કોઈ નજીકના મિત્રોથી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે. તમારી હાજરી તમારા પ્રિયપાત્ર માટે આ વિશ્વ યોગ્ય સ્થળ બનાવશે.

# શ્રીનગરના લાલ ચોકમાં પણ નીકળી જન્માષ્ટમીની શોભાયાત્રા



। નવી દિલ્હી, તા.૮ ।

જમ્મુ અને કાશ્મીરમાં જન્માષ્ટમીનો તહેવાર ધામધૂમથી ઉજવવામાં આવ્યો અને શોભાયાત્રા પણ કાઢવામાં આવી. શ્રીનગરમાં, શહેરના મધ્યમાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી અને લાલ ચોક ખાતે સમાપ્ત થઈ. જમ્મુ-કાશ્મીરની રાજધાની શ્રીનગરની સડકો પર હિન્દુ-મુસ્લિમ એકતાનું ઉદાહરણ જોવા મળ્યું. જન્માષ્ટમીના અવસર પર કાશ્મીરી પંડિત સમુદાયના લોકોએ ગુરુવારે (૭ સપ્ટેમ્બર) ભગવાન કૃષ્ણની શોભાયાત્રા કાઢી હતી. જેમાં મુસ્લિમ સમાજના લોકોએ પણ ભાગ લીધો હતો. યાત્રા દરમિયાન ભગવાન કૃષ્ણની પુષ્પોથી શણગારેલી ઝાંખી કાઢવામાં આવી હતી. યાત્રામાં મોટી સંખ્યામાં મહિલાઓ તેમજ કાશ્મીરી પંડિત સમુદાયના પુરુષોએ ભાગ લીધો હતો અને ભગવાન કૃષ્ણના ભક્તિ સંગીત પર પરંપરાગત કાશ્મીરી નૃત્યો રજૂ કર્યા હતા. આ દરમિયાન ભક્તો હાથમાં ઢોલ અને ઘંટડી લઈને જોવા મળ્યા હતા. ઘણા વર્ષો પછી આવી ભવ્ય યાત્રા કાશ્મીરમાં જોવા મળી હતી, જેમાં સ્થાનિક લોકોએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ યાત્રા શ્રીનગરના હબ્બા કદલ સ્થિત કમલેશ્વર મંદિરથી નીકળી હતી અને શ્રીનગર શહેરના મુખ્ય વિસ્તારોમાંથી પસાર થઈને લાલ ચોક પહોંચી હતી.

કાશ્મીરી પંડિત નેતા સંદીપ માવાએ કહ્યું કે આ યાત્રા પહેલા પણ સમાજના લોકો નિકળી જતા હતા, પરંતુ આ વખતે મુસ્લિમ સમુદાયના લોકોએ પણ તેમાં મોટા પ્રમાણમાં ભાગ લીધો હતો. ખાસ કરીને મોહરમના ચેહલુમના કારણે મોટી સંખ્યામાં શિયા સમુદાયના લોકોએ યાત્રામાં ભાગ લીધો હતો. યાત્રા દરમિયાન કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી અને મોટી સંખ્યામાં સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા હતા. કાશ્મીર ખીણમાં ૯૦ના દાયકામાં સરઘસ કાઢવામાં આવ્યું ન હતું, પરંતુ ૨૦૦૪થી તેને ફરીથી કાઢવામાં આવ્યું.



કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે નવી દિલ્હીમાં નાઈજિરીયાના અર્થતંત્રના મંત્રી અને સંકલન મંત્રી એડેબાયો ઓલાવાલે એડન સાથે દ્વિપક્ષીય બેઠકમાં હાજર રહ્યા હતાં.

### જી-૨૦ સમિટમાં નહી થઇ શકે સામેલ

# જી-૨૦ સમિટમાં આવ્યા પહેલા સ્પેનના રાષ્ટ્રપતિ કોરોના પોઝિટીવ

### અમેરિકાના રાષ્ટ્રપતિ બાઇડન, બ્રિટિશ વડાપ્રધાન ઋષિ સુનક અને ચીનના વડાપ્રધાન સહિત વિશ્વના ટોચના નેતાઓ હાજરી આપી રહ્યા છે

। નવી દિલ્હી, તા.૮ ।

નવી દિલ્હીમાં ૯ અને ૧૦ સપ્ટેમ્બરે યોજાનારી ૨-૨૦ સમિટમાં ભાગ લેવા માટે અમેરિકાના રાષ્ટ્રપ તિ જો બાઈડન ભારત આવવા રવાના થયા હતા. બાઈડન ભારતમાં ત્રણ દિવસ રોકાશે. તેઓ આજે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય વાતચીત કરશે.



બંને નેતાઓ શુક્રવારે (૮ સપ્ટેમ્બર) સાંજે ૭.૩૦ વાગ્યે લોક કલ્યાણ માર્ગ સ્થિત પીએમ મોદીના નિવાસસ્થાને મળશે. જો બાઈડન જી-૨૦ સંમેલનમાં ભાગ લેવા માટે સાંજે ભારત પહોંચશે અને ત્યારબાદ પીએમ મોદી સાથે ડિનર કરશે. બંને નેતાઓ વચ્ચે આજે દ્વિપક્ષીય બેઠક પણ થવાની છે. આ સમિટનું આયોજન ઈન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટર ખાતે કરવામાં આવશે, જેને ભારત મંડપ તરીકે પણ ઓળખવામાં આવે છે. તાજેતરમાં પીએમ મોદીએ તેનું ઉદ્‌ઘાટન કર્યું હતું. અમેરિકાના રાષ્ટ્રપતિ બાઈડન, બ્રિટિશ વડાપ્રધાન ઋષિ સુનક અને ચીનના વડાપ્રધાન સહિત વિશ્વના ટોચના નેતાઓ હાજરી આપી રહ્યા છે.

## મુંબઈમાં ૫૦૦૦ કરોડની મેગા રિયલ્ટી ડીલ

। મુંબઈ, તા.૮ ।

મુંબઈના ઈતિહાસમાં અત્યાર સુધીની સૌથી મોટી રિયલ એસ્ટેટ ડીલ પૈકી એકની વિગતો બહાર આવી છે. આ સોદામાં વરલી ખાતે બોમ્બે ડાઈંગ મિલની ૧૮ એકર જમીન જાપાની ઉદ્યોગજૂથ સુમિટોમોને વેચવામાં આવે તેવી શક્યતા છે. આ સોદાની કુલ વેલ્યૂ ૫૦૦૦ કરોડ રૂપિયા આંકવામાં આવે છે. આ વિશે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ નથી થઈ, પરંતુ વાડિયાનું વરલી હેડક્વાર્ટર જાપાની કંપનીને વેચાઈ રહ્યું છે. આ જમીન પાંડુરંગ બુધકર માર્ગ પર આવેલી છે અને ત્યાં ભવિષ્યમાં અદભૂત વિકાસ થઈ શકે તેમ છે. તાજેતરમાં લો કંપની વાડિયા ગાંધી દ્વારા તેના ક્લાયન્ટ વતી એક નોટિસ પ્રકાશિત થઈ હતી જેમાં બોમ્બે ડાઈંગ એન્ડ મેન્યુફેક્ચરિંગ કંપનીની જમીનમાં કોઈના રાઈટ, ટાઈટલ કે ઈન્ટરેસ્ટ છે કે નહીં તેની પૂછપરછ કરવામાં આવી છે. વરલી ખાતેની આ જમીનનો એરિયા એક લાખ ચોરસ મીટર કરતા વધારે થાય છે. હાલમાં બોમ્બે ડાઈંગ મિલ પર આવેલા હેડક્વાર્ટરને ખાલી કરવાનું કામ ચાલે છે. ગઈકાલે અહીં ઢગલાબંધ ટેમ્પો એક લાઈનમાં હતા અને બિલ્ડિંગમાંથી સામાન કાઢીને તેમાં ભરવામાં આવતો હતો. કંપનીના ચેરમેનની ઓફિસ દાદર નાઈગાવ ખાતે આવેલી બોમ્બે ડાઈંગની પ્રોપર્ટી પર શિફ્ટ થઈ રહી છે. વાડિયા હેડક્વાર્ટરની પાછળ શિલ્પા શેટ્ટીની રેસ્ટોરન્ટ છે તે પણ અત્યારે બંધ છે. સૂત્રોનું કહેવું છે કે મુંબઈના રિયલ્ટી ઈતિહાસમાં આ અત્યાર સુધીનો સૌથી મોટો સોદો છે. કેટલાક વર્ષો અગાઉ બ્રૂકફિલ્ડ એસેટ મેનેજમેન્ટ કંપનીએ પોવેઈમાં ૬૭૦૦ કરોડમાં હીરાનંદાણી ગ્રૂપની ઓફિસ અને રિટેલ સ્પેસ ખરીદી હતી.

### જન ધન ખાતા, આધાર, ડિઝિટલ પેમેન્ટ ઈન્ફ્રા.માં સિદ્ધિ

# ભારતે ૪૭ વર્ષનું કામ ૭ વર્ષમાં કર્યુ: વિશ્વ બેંક દ્વારા પ્રસંશા થઈ

। નવી દિલ્હી, તા.૮ ।

જન ધન બેંક ખાતા, આધાર અને મોબાઈલ ફોન જેના ડિઝિટલ પેમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વગર ભારત ૮૦ ટકા નાણાકીય સમાવેશન દર હાસિલ કરવા માટે ૪૭ વર્ષ લાગે છે જેને ભારતે માત્ર ૬ વર્ષોમાં હાસિલ કરી દીધુ છે.

આ વાત વિશ્વ બેંક દ્વારા તૈયાર કરવામાં આવેલ એક જી૨૦ પોલીસી ડોક્યુમેન્ટમાં કરવામાં આવી છે. વિશ્વ બેંકના આ ડોક્યુમેન્ટમાં આ પણ નોધવામાં આવ્યું છે કે છેલ્લા નાણાકીય વર્ષમાં યુપીઆઈ ટ્રાંજેક્શનની કુલ વેલ્યુ ભારતની નોમિનલ જીડીપીનો લગભગ ૫૦ ટકા હતો. મળતી માહિતી પ્રમાણે વિશ્વ બેંકના દસ્તાવેજમાં કહેવામાં આવ્યું છે તે પ્રમાણે ભારતમાં ડિઝિટલ પેમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રચરના ઉપયોગથી ગ્રાહકોને જોડવામાં બેંકોનો ખર્ચ ૨૩ ડોલરથી ઘટીને ૦.૧ ડોલર થઈ ગયો છે. માર્ચ ૨૦૨૨ સુધી ભારતને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાંસફર (ડીબીટી) દ્વારા ૩૩ વિલિયન ડોલરની કુલ બચત થઈ છે. જે તેની જીડીપીના લગભગ ૧.૧૪ ટકા ના બરાબર છે. જી૨૦ ગ્લોબલ પાર્ટનરશિપ ફોર ફાઈનાન્શિયલ ઈંક્લુઝન (જીપીએફઆઈ) માટે આ દસ્તાવેજ વિશ્વ બેંક દ્વારા ભારતના નાણાં મત્રાલય અને રિઝર્વ બેંક (આરબીઆઈ)ના પ્રતિનિધિત્વવાળા જી૨૦ ઈન્ડિયાના માર્ગદર્શન અને ઈનપુટ સાથે તૈયાર કરવામાં આવ્યો છે. ભારત નવી દિલ્હીમાં ૯ અને ૧૦ સપ્ટેમ્બરના રોજ યોજાઈ રહેલ જી૨૦ શિખર સમ્મેલનમાં ડિઝિટલ પેમેન્ટ અને ફાઈનાન્શિયલ ઈંક્લુઝનના બાબતમાં પોતાની સફળતાઓને પ્રદશિત કરવાની યોજના બનાવવામાં આવી રહી છે.

### મોટેલોમાં જગ્યા શોધવા લાગ્યા

# કેનેડામાં ભારતીય સ્ટુડન્ટ્સ માટે હોસ્ટેલ રૂમ શોધવા પણ મુશ્કેલ

### કેનેડા પહોંચ્યા ત્યારે ઓથોરિટીએ જણાવ્યું કે રૂમ પહેલેથી બૂક છે અને તેમણે રોજના ૧૪૦થી ૨૦૦ ડોલરનો ખર્ચ કરીને મોટેલમાં રહેવું પડશે

। નવી દિલ્હી, તા.૮ ।

તાજેતરમાં કેનેડામાં દેશવિદેશના સ્ટુડન્ટની સંખ્યા એટલી બધી વધી ગઈ છે કે હાઉસિંગની કટોકટી પેદા થઈ છે. તમામ મોટી કોલેજો અને યુનિવર્સિટીઓ સાથે હોસ્ટેલ સંકળાયેલી હોય છે, પરંતુ અત્યારે હોસ્ટેલમાં પણ કોઈને રૂમ નથી મળતા. તેના કારણે ભારતીય સ્ટુડન્ટ્સની હાલત કફોડી થઈ છે. આના કારણે જ તાજેતરમાં કેનેડાએ જાહેરાત કરવી પડી હતી કે તે વિદેશી સ્ટુડન્ટની સંખ્યા પર લિમિટ મુકવાનું વિચારે છે. હાયર એજ્યુકેશન માટે કેનેડા ગયેલા ભારતીય વિદ્યાર્થીઓ સંકટમાં



હોવાનું જાણવા મળ્યું છે. એક અહેવાલ પ્રમાણે ઓન્ટારિયોમાં ભણતા સ્ટુડન્ટ્સે તેમની યુનિવર્સિટીઓને સબસિડીના દરે રહેઠાણ પૂરું પાડવા માટે જણાવ્યું છે કારણ કે તેઓ જંગી ભાડું આપી શકે તેમ નથી. આ સ્ટુડન્ટ્સ કેનેડોર કોલેજ અને નિપિસિંગ યુનિવર્સિટીમાં એનરોલ થયેલા છે. સપ્ટેમ્બર ૨૦૨૩માં એડમિશન લેનારા સ્ટુડન્ટ્સનું કહેવું છે કે તેમણે પોતાની કોલેજ કે યુનિવર્સિટીને પહેલાથી જણાવી દીધું છે કે તેમના માટે રહેવાની વ્યવસ્થા કરવામાં આવે. કેટલાક વિદ્યાર્થીઓએ કહ્યું કે તેમને પહેલાં તો વચન આપવામાં આવ્યું હતું કે તેમને રહેવાની વ્યવસ્થા મળી રહેશે. પરંતુ તેઓ જ્યારે કેનેડા પહોંચ્યા ત્યારે ઓથોરિટીએ જણાવ્યું કે રૂમ પહેલેથી બૂક છે અને તેમણે રોજના ૧૪૦થી ૨૦૦ ડોલરનો ખર્ચ કરીને મોટેલમાં રહેવું પડશે. ભારતના વિદ્યાર્થીઓ એવી મુશ્કેલીમાં પડી ગયા છે કે તેઓ બધી જગ્યાએ મદદ માંગી રહ્યા છે. કારણ કે મોટેલમાં રહેવાનું કોઈને પોસાય તેમ નથી.

# બ્રિટનના બીજા સૌથી મોટા શહેર બર્મિંઘમે નાદારી જાહેર કરી

। નવી દિલ્હી, તા.૮ ।

બ્રિટનથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. અહીંના બીજા સૌથી મોટા શહેર બર્મિંઘમે દેવાળું ફૂંક્યું છે. બર્મિંઘમ સિટીના કાઉન્સિલે પોતે આ વાત કબૂલી છે. મંગળવારે તેમણે સેક્શન ૧૧૪ની નોટિસ જાહેર કરી હતી. જે મુજબ, શહેરમાં આવશ્યક સેવાઓને બાદ કરતાં બધા જ ખર્ચા ઉપર તાત્કાલિક ધોરણે રોક લગાવવામાં આવી છે. બ્રિટનના બીજા સૌથી મોટા શહેર બર્મિંઘમે કુલ ૯૫૪ મિલિયન ડોલરનું સમાન વેતન આપવાનો દાવો કર્યો હતો અને હવે પોતાને દેવાળિયું જાહેર કરતાં તમામ નકામા ખર્ચ બંધ કર્યા છે. સિટી કાઉન્સિલે જાહેર કરેલી નોટિસમાં આ પાછળનું કારણ આપતાં જણાવ્યું કે, સમાન વેતનના દાવાના ખર્ચના કારણે વર્તમાનમાં આ નકારાત્મક આર્થિક સ્થિતિ ઊભી થઈ છે. સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો, બર્મિંઘમ સિટી કાઉન્સિલ પાસે જેટલા પણ આર્થિક સંસાધનો છે તે ખૂબ જલ્દી ખર્ચ થઈ ગયા. આ જ કારણે શહેરે નાદારી જાહેર કરતાં જરૂરી સેવાઓને છોડીને બધા જ ખર્ચા ઉપર નિયંત્રણ મૂકવાની જાહેરાત કરી છે. બર્મિંઘમ સિટી કાઉન્સિલ તરફથી જાહેર કરવામાં આવેલી નોટિસમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે, નવા સમાન વેતન દાવાઓનો સંભવિત ખર્ચ ૬૫૦ મિલિયન પાઉન્ડ (લગભગ ૮૧૬ મિલિયન ડોલર) અને ૭૬૦ મિલિયન પાઉન્ડ (૯૫૪ મિલિયન ડોલર)ની વચ્ચે રહેશે. કાઉન્સિલ પાસે આ ખર્ચને પહોંચી વળવા માટે પૂરતા સંસાધનો નથી. નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં શહેરને હવે ૮૭ મિલિયન પાઉન્ડ (૧૦૯ મિલિયન અમેરિકન ડોલર)નું નુકસાન થવાનો અંદાજો છે.

## વિશેષ

### "મારૂ ગામ કુપોષણ મુક્ત ગામ"ના સૂત્રને સૌના સાથ અને સહકારથી ચરિતાર્થ કરીએ આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ

# આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં મહેસાણા ખાતે નવનિર્માણ પામનાર સરદાર વલ્લભભાઇ પટેલ જિલ્લા પંચાયત ભવનનું ભૂમિપૂજન કરાયું

### મહિલાઓ રાષ્ટ્ર વિકાસમાં સહભાગી બને તેની ચિંતા સરકારે કરી છે વિશ્વગૂરૂની કલ્પના સાર્થક કરવાના સ્વપ્નના પાયામાં સશક્ત નાગરિકો છે







મહેસાણા ખાતે રૂ ૩૨.૬૪ કરોડના ખર્ચે નિર્માણાધિન સરદાર વલ્લભભાઈ પટેલ જિલ્લા પંચાયત ભવનના ભૂમિપૂજન પ્રસંગે આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ કે, દેશના પ્રધાનમંત્રીશ્રીએ મહિલાઓ રાષ્ટ્ર વિકાસમાં સહભાગી બને તેની ચિંતા કરી છે.મહિલાઓ દરેક ક્ષેત્રમાં આગળ આવે તેને ધ્યાને લઈને અલગ વિભાગ સાથે અલગ બજેટ પણ રાજ્યમાં રજૂ કરવામાં આવી રહ્યું છે..

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે ઉમેર્યું હતુ કે, વિકાસની સાથે સાથે કુપોષણ નાબુદી અભિયાનને વેગ મળે તે દિશામાં આપણે સૌ સાથે મળીને કામ કરીએ. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે ગામનો દરેક નાગરિક,આગેવાન મારૂ ગામ કુપોષણ મુક્ત ગામ સુત્રને સાર્થક કરવા તેની ચિંતા કરે તે જરૂરી છે.

દેશના પ્રધાનમંત્રીશ્રીએ રાષ્ટ્રને વિશ્વગૂરૂ બનાવવાની કલ્પના કરી છે ત્યારે આ કલ્પનાને સાર્થક કરવા માટે સૌએ સાથે મળીને સ્વસ્થ ભારતના નિર્માણ માટે કામ કરવું પડશે તેમ જણાવ્યું હતું.સ્વસ્થ નાગરિક થકી સ્વસ્થ સમાજ અને સ્વસ્થ સમાજ થકી સ્વસ્થ રાષ્ટ્રના નિર્માણ માટે કામ કરવા તેમણે અનુરોધ કર્યો હતો. યુવાન યુવતીઓ પણ ખોરાકની પધ્ધતિમાં બદલાવ લાવવો જરૂરી છે. સ્વસ્થ અને તંદુરસ્ત શરીર થકી રાષ્ટ્ર નિર્માણ શક્ય છે તે વાત યાદ રાખવી જરૂરી છે. મંત્રીશ્રીએ કિશોરીઓ, મહિલાઓની ચિંતા કરી સશક્ત સમાજના નિર્માણ માટે દરેક પદાધિકારી,સમાજિક આગેવાન સહિત નાગરિકોએ પણ આ અભિયાનમાં જોડાવવા અનુંરોધ કર્યો હતો.

જિલ્લા પંચાયત પ્રમુખ પ્રહલાદભાઈ પરમારે જણાવ્યું હતુ કે, મહેસાણા જિલ્લા પંચાયત ટીમે છેલ્લા વર્ષોમાં અનેક વિકાસના કાર્યો કર્યા છે. જિલ્લાના તમામ ગામડાઓનાં પ્રાથમિક અને માળખાકીય સુવિધાઓ મળે તેની ચિંતા કરી છે. જિલ્લામાં સુવિધાઓ સાથે સામાજિક અભિયાનને પણ વેગવંતુ બનાવવા માટે જિલ્લા પંચાયતની ટીમે મોખરાનુ કામ કર્યુ છે. જિલ્લા પંચાયત પ્રમુખ પ્રહલાદભાઈ પરમારે ઉમેર્યુ હતું કે ,કુપોષણ નાબુદિ માટે તંત્ર અને દાતાશ્રીઓના સહકારથી જિલ્લાએ આગેવાની લીધી છે, સાથે સાથે પ્રમુખશ્રીએ તેમના કાર્યકાળ દરમિયાન કરેલ વિકાસના કામોની ઝાંખી રજૂ કરી હતી. આ ઉપ રાંત મહેસાણા જિલ્લાને રાષ્ટ્રીય સ્તરે મળેલ એવોર્ડ સૌના સાથ અને સૌના સહકાર થકી મળ્યો છે તેની વાત કરી દરેક અધિકારી,પદાધિકારી,કર્મયોગીઓની કામગીરીની પ્રસંશા કરી હતી.

જિલ્લા વિકાસ અધિકારી ડો ઓમ પ્રકાશે સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે મહેસાણા જિલ્લા પંચાયત ભવનના નિર્માણ થવાથી અરજદારોની સુખ અને સુવિધાઓમાં વધારો થશે. જિલ્લા પંચાયત થકી જિલ્લાના ગામડાઓનો સામુહિક અને સાતત્ય પુર્ણ વિકાસ થાય તે માટે જિલ્લા પંચાયત કટીબધ્ધ છે. આ પ્રસંગે મહેસાણા જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા મહિલાઓના લોહીની તપાસ કરવામા આવી હતી જેમાં સૌથી વધુ હિમોગ્લોબીન ધરવાતી પાંચ આશા બેહનોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન જિલ્લા પંચાયત જી.આર.ચૌધરીએ આભાર વિધિ કરી હતી

જિલ્લા પંચાયત નવીન ભવનના ભૂમિપૂજન કાર્યક્રમમાં ધારાસભ્ય સર્વેશ્રી કરશનભાઈ સોલંકી, સરદારભાઈ ચૌધરી, સુખાજી ઠાકોર, કીરીટભાઈ પટેલ, અગ્રણી ગીરીશભાઈ રાજગોર, અગ્રણી હર્ષાબેન દોશી, પૂર્વ સાંસદ સાગરભાઈ રાયકા,અગ્રણી મયંકભાઈ નાયક, જિલ્લા પોલીસ અધિક્ષક અચલ ત્યાગી, ડિસ્ટ્રીક્ટ બેક્નના ચેરમેન વિનોદભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય રમણભાઈ પટેલ, જિલ્લા પંચાયત ઉપ પ્રમુખ અંબારામ ઠાકોર, કારોબારી સમિતિ ચેરમેન હરિભાઈ પટેલ, બાંધકામ સમિતિ ચેરમેન રાજુભાઈ પટેલ,સિંચાઈ સમિતિ ચેરમેન ગણપતભાઈ પટેલ, શિક્ષણ સમિતિ ચેરમેન મુકેશભાઈ પટેલ, સામાજિક ન્યાય સમિતિ ચેરમેન અમીષાબેન પરમાર, મહિલા અને બાળ વિકાસ સમિતિ ચેરમેન મીનાબેન પટેલ, આરોગ્ય સમિતિ કાર્યકારી ચેરમેન રેખાબેન ચૌધરી સહિત જિલ્લા પંચાયતના સદસ્ય સર્વેશ્રીઓ, જિલ્લા પંચાયતના અધિકારીઓ, કર્મયોગીઓ તેમજ પ્રબુધ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# નંદ ઘેર આનંદ ભયોના નાદ સાથે રાજ્યમાં જન્માષ્ટમીની ઉજવણી

## શામળાજી મંદિર ખાતે પણ કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી, આ પ્રસંગે મોટી સંખ્યામાં કૃષ્ણ ભક્તો હાજર રહ્યા હતા, શામળાજી મંદિર લાઇટોની રોષનીથી ઝળહળી ઉઠ્યું હતું

। અમદાવાદ, તા.૮ ।

દેશભરમાં જન્માષ્ટમીના પર્વની ઉત્સાહભેર ઉજવણી જોવા મળી રહી છે. તો બીજી તરફ જન્માષ્ટમીના પર્વે રાત્રે ૧૨ વાગ્યે ગુજરાતના કૃષ્ણ મંદિરોમાં પણ કાન્હાના જન્મના વધામણા કરવામાં આવ્યા હતા. રાજ્યભરમાં કૃષ્ણ મંદિરોને રોશનીથી શણગારવામાં આવ્યા હતા. રાત્રિના બાર વાગતા જ કૃષ્ણ મંદિરો નંદ ઘેર આનંદ ભયોના નાદ સાથે ગુંજી ઉઠ્યા હતા. ડાકોર,દ્વારકા, શામળાજી અને ઈસ્કોન મંદિરમાં ભક્તો ઉમટી પડ્યા હતા. ઈસ્કોન મંદિરમાં ગોકુલની થીમ આધારે ઉજવણી કરવામાં આવી હતી.

કૃષ્ણ જન્મની ઉજવણી કરવા મંદિરોમાં ભક્તોમાં ભારે હર્ષોલ્લાસ જોવા મળ્યો હતો. ઈસ્કોન મંદિરમાં ભગવાનને દિવસભર વૃંદાવનથી ત્રણ મહિના અગાઉ લાવવામાં આવેલા વાઘા પહેરવાયા તો વૈજયંતીમાળાની પાંચ ફૂલોની માળાનો શણગાર કરાયો હતો. ઈસ્કોન મંદિરમાં પ્રથમ વખત ભગવાનને મેક્સિકન,ચાઈનીઝ અને થાઈ ફૂડનો પ્રસાદ ચઢાવવામાં આવ્યો હચો. રાતના ૧૨ વાગે કૃષ્ણજન્મ બાદ રાતના ૧ કલાકે મહા આરતીનું આયોજન કરાયું છે. આજે જન્માષ્ટમીના મહાપર્વ પર ડાકોર ખાતે ધામધમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. કનેયાના જન્મ દિવસની ઉજવણી કરવા મોટી સંખ્યામાં ભક્તો ડાકોર રાજા રણછોડના દર્શન કરવા પહોંચ્યા હતા. દેશ વિદેશ તેમજ ગુજરાતના ખૂણે ખૂણેથી ભક્તો ડાકોર પહોંચ્યા હતા. જન્માષ્ટમીના પાવન પર્વને લઈ સંધ્યાએ ડાકોર ઝળહળી ઉઠ્યું હતુ. ડાકોર મંદિરમાં રંગબેરંગી રોશની કરવામાં આવી હતી. દીવડાઘરના હજારો દિવડાથી મંદિર ઝળહળી ઉઠ્યું હતું. ડાકોર મંદિરમાં ભક્તિનું ઘોડાપૂર ઉમટ્યું હતું.

ડાકોર રણછોડજી મંદિરમાં દીપમાળા પર કરેલા દીવડાનું અનેરૂ મહત્વ છે. મંદિરમાં ઉજવાતા ઉત્સવોના દિવસે આ દીપમાળા પર ઘીના દીવડા કરવામાં આવે છે. ઉત્સવ સિવાયના દિવસોમાં આ દીપમાળા પર દિવેલના દીવડા કરાય છે. યાત્રાધામ શામળાજી મંદિર ખાતે પણ કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં કૃષ્ણ ભક્તો હાજર રહ્યા હતા.શામળાજી મંદિર લાઈટોની રોષનીથી ઝળહળી ઉઠ્યું હતું. જન્માષ્ટમી નિમિત્તે મંદિરને લાઇટોની રોષની કરાઈ હતી. મોટી સંખ્યામાં ભક્તો ભગવાનના દ્વારે પહોંચ્યા હતા.

જન્માષ્ટમીની ધામધૂમ પૂર્વક ઉજવણી દ્વારકા મંદિરે ખાતે કરવામાં આવી હતી. ભગવાન દ્વારકાધિશના જન્મની ઉજવણી કરવા માટે મોટી સંખ્યામાં લોકો એકત્ર થયા હતા. દર વર્ષેની આ વર્ષે પણ પરંપરાગત શોભાયાત્રા નીકળી હતી. કાના વિચાર મંચ દ્વારા દરેક સમાજના આગેવાન





આ શોભાયાત્રામાં જોડાયા હતા. પહેલી વખત આ શોભાયાત્રાની આગેવાની મહિલાઓએ લીધી હતી. ભગવાન શ્રીકૃષ્ણના રથ ખેંચવાનું સૌભાગ્ય આ મહિલાઓને પ્રાપ્ત થયું હતું.

પાલનપુરમાં જન્માષ્ટમી નિમિત્તે ભગવાન શ્રી કૃષ્ણની ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. જેમાં મટકી ફોડ કાર્યક્રમે ભારે આકર્ષણ જમાવ્યું હતું. શહેરભરમાં નીકળેલી શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતા જોડાઈ હતી. પાલનપુરમાં જન્માસ્ટમી નિમિત્તે બ્રિજેશ્વર કોલોની મંદિરથી વિશાળ શોભાયાત્રા નીકળી હતી. જય રણછોડ માખણચોર...ના નારા વચ્ચે શોભાયાત્રા જેમ જેમ આગળ વધતી ગઈ તેમ તેમ વિશાળ સઁખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાતા ગયા હતા. શોભાયાત્રાનું પરંપરાગત દિલ્હીગેટ ગુરુ નાનક ચોક ગઠામણ ગેટ હનુમાન ટેકરી સહિતનાં રૂટ ઉપર પરિભ્રમણ કરાવાયું હતું. માર્ગમાં ઠેર ઠેર સ્વાગત કરાયું હતું. જ્યાં રસ્તાઓ ઉપર બાંધેલી મટકીઓ ગોવાળિયાઓ પિરામિડ રચી ફોડતા હતા. ત્યારે આજુબાજુના મકાનોની અગાસી ઉપરથી લોકો પાણી નાંખતા હતા. સુદામા નગરી પોરબંદરમાં જન્માષ્ટમીના દિવસે એક અનોખી ધાર્મિક પરંપરા જોવા મળી રહી છે કોટ ફરવાની એટલે કે જૂના પોરબંદરની પ્રદક્ષિણા કરવામાં આવે છે અને અસ્માંવતી ઘાટ એ સ્નાન કરી પુણ્યનું ભાથું બાંધે છે આ ઉપરાંત શ્રદ્ધાળુઓ સુદામાજીના પણ દર્શન કરે છે. પોરબંદરમાં જન્માષ્ટમીના દિવસે કોટ ફરવાની એટલે પ્રદક્ષિણા કરવાની પરંપરા ૨૩૮ વર્ષથી ચાલી આવે છે તે પરંપરા મુજબ આજે પોરબંદરમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ કોટ ફરવા માટે નીકળ્યા હતા. આ દરમ્યાન રસ્તામાં જે જે સ્થળે મંદિર આવે તેમાં દર્શન કરે છે તેમજ ચાર રસ્તા ઉપર ચોખા અને ઘઉનો સાથીયો કરી ધૂપ દીપ કરે છે ત્યાર બાદ આ પ્રદક્ષિણા અસમાવતી ઘાટ ખાતે પૂર્ણ થાય છે ત્યાં સમુદ્રમાં સ્નાન કર્યા બાદ અહી પણ ધૂપ દીપ કરવામાં આવે છે. આ રીતે શ્રદ્ધાળુઓ જન્માષ્ટમીના પર્વના દિવસે પુણ્યનું ભાથું બંધે છે.

# પાલનપુરમાં વરસાદ દરમિયાન વીજળી પડતાં દાદા-પૌત્રનું મોત

। બનાસકાંઠા, તા.૮ ।

રાજ્યમાં ફરી વરસાદી સિસ્ટમ એક્ટિવ થતાં મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાતમાં વરસાદ વરસી રહ્યો છે. જો કે પાલન પુરમાં વરસાદ આફતરૂપ બન્યો છે. અહીં વીજળી પડતાં બે લોકોના મોત થયા છે લાંબા વિરામ બાદ બનાસકાંઠા પર પણ મેઘરાજા મહેરબાન થયા છે પરંતુ પાલનપુરમાં એક પરિવાર માટે આ વરસાદ આફતરૂપ બન્યો છે. વરસાદ દરમિયાન વીજળી પડતાં દાદા અને પૌત્રનું મોત થયું છે.પાલનપુર ના ફતેપુર ગામેવીજળીપડવાથીદાદા પૌત્ર તેમજ એક ગાય નું મોત થયું છે. દાદા અને તેમના ખેતરમાં કામ કરતા હતા આ સમયે વીજળી પડતાં ત્રણેયના મોત થયા છે. દાદા પૌત્રનાં મોતથી ફતેપુર ગામ માં શોક છવાઈ ગયો છે. ૪૦થી વધુ દિવસથી રાજ્યમાં વરસાદે વિરામ લીધો હતો. જો કે ફરી બંગાળીની ખાડીમાં વરસાદી સિસ્ટમ સર્જાતા દક્ષિણ અને મધ્ય ગુજરાત કેટલાક જિલ્લામાં મેઘરાજાનું આગમન થયું છે. લાબા વિરામ બાદ ઉત્તર, દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં વરસાદથી ખેડૂતો રાહત અનુભવી રહ્યાં છે. બનાસકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, સાબરકાંઠામાં વરસાદથી પાકને જીવંતદાન મળ્યું છે.

# નસવાડીમાં ભેખડ ધસી પડતા એક ટેમ્પો અને બાઈક ફસાયા

। છોટા ઉદેપુર, તા.૮ ।

છોટા ઉદેપુરના નસવાડીમાં પાંચ ગામને જોડતા ડુંગરની ભેખડ ધસી પડવાની ઘટના સામે આવી છે. જેમા વડિયાથી ખેંદા વચ્ચેના કાચા રસ્તા પર ભેખડ ધસી પડતા એક ટેમ્પો અને બાઈક ફસાયા હતા. વાહનને બહાર કાઢવા ગામલોકો કલાકોથી જહેમત કરી રહ્યા હતા પરંતુ તંત્રના કોઈ અધિકારીઓ ફરક્યા સુદ્ધા ન હતા. છોટા ઉદેપુરના નસવાડીમાં પાંચ ગામને જોડતા ડુંગરની ભેખડ ધસી પડી. વાડિયાથી ખેંદા વચ્ચેના કાચા રસ્તા પર ભેખડ ધસી પડતા એક ટેમ્પો અને બાઈક ફસાઈ ગયા. ગ્રામજનોએ વાહનને કાઢવા ભારે મથામણ કરી. ગઈ કાલના વરસાદ બાદ કાચા રસ્તાનું ધોવાણ થઈ ગયું, છતાં તંત્રના અધિકારીઓ ફરક્યા પણ નથી. આ ડુંગર વચ્ચેથી જે કાચો રસ્તો નીકળે છે, તે છોટીઉમર, કુપ્પા, ગાનીયાબારી અને સાંકડીબારી સહિતના પાંચ ગામોને જોડે છે. તો હવે આસપાસના ગ્રામજનો જોખમી રીતે અવરજવર કરવા મજબૂર બન્યા છે. નર્મદા નદીમાં થઈ મહારાષ્ટ્રના લોકો પણ ગુજરાતમાં આવવા આ જ કાચા રસ્તાનો ઉપયોગ કરે છે. ભેખડ ધસી પડી, રસ્તો ધોવાઈ ગયો. તો ગ્રામજનો જોખમી રીતે રસ્તો પસાર કરવા મજબૂર બન્યા છે. રસ્તાની વચ્ચોવચ્ચ ભેખડ ધસી પડતા વાહનવ્યવહાર ખોરવાયો છે. પરંતુ તંત્ર દ્વારા રસ્તો ખુલ્લો કરવા માટેની કોઈ કામગીરી કરવામાં આવી રહી નથી.

# ભાલોદ ગામમાં રાતના સમયે મગર લટાર મારવા નીકળ્યો, ગ્રામજનોમાં ફફડાટ

। ભરુચ,તા.૮ ।

ઝઘડિયા તાલુકામાં નર્મદાનદીના કિનારે આવેલા ગામમાં મહાકાય મગર લટાર મારવા પહોંચી જતા ભય વચ્ચે આ વિશાળ મગરને જોવા કુતુહુલ સર્જાયું હતું. સ્થાનિકોઅનુસાર મગર ૧૧ ફુટ લાંબો અને ૩૦૦ કિલો કરતા વધુ વજનનો છે. ઝઘડિયા તાલુકામાં નર્મદાનદીના કિનારે આવેલા ગામમાં મહાકાય મગર લટાર મારવા પહોંચી જતા ભય વચ્ચે આ વિશાળ મગરને જોવા કુતુહુલ સર્જાયું હતું. સ્થાનિકોઅનુસાર મગર ૧૧ ફુટ લાંબો અને ૩૦૦ કિલો કરતા વધુ વજનનો છે. ઝઘડિયાના તાલુકાના નર્મદા કાંઠે વસેલા ભાલોદ ગામના મોટી ભાગોળ વિસ્તારમાં જમાષ્ટમીની ઉજવણી દરમિયાન મધરાતે એક મહાકાય મગર ગામના રસ્તાઓ ઉપર નજરે પડતા દોડધામ મચી હતી.આ ૧૧ ફૂટ લાંબા અને ૩૦૦ કિલો વજન ધરાવતા મહાકાય મગરે ભય ફેલાવ્યો હતો.

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના ભાલોદ ગામે મધરાતે મહાકાય મગર રહેણાંક વિસ્તારમાં લટાર મારતાં મગરથી ગ્રામજનોના જીવ પડીકે બંધાયા હતા. ગામમાં મગર ઘુસી આવ્યો હોવાના સમાચાર વાયુવેગે ફેલાતા લોકોમાં ફફડાટ સાથે કુતુહુલ જોવા મળ્યું હતું. મગરને જોવા ટોળા ઉમટી પડ્યા હતા.

### ડ્રગ્સ રાજસ્થાનના માફિયા પાસેથી લાવ્યો હોવાનો પર્દાફાશ


# વટવામાં ૨૨.૯૭ લાખના MD ડ્રગ્સના જથ્થા સાથે ડીલર ઝબ્બે

## ક્રાઇમ બ્રાંચે ડીલરની ધરપકડ કર્યા બાદ હવે એક પછી એક પેડલર્સની ધરપકડ કરવાનો સિલસિલો ચાલુ થશે

। અમદાવાદ, તા.૮ ।

અમદાવાદ શહેરમાં એમડી ડ્રગ્સનું ચલણ એટલી હદે વધી ગયું છે કે તેને રોકવું હવે લગભગ શક્ય નથી. રોજ બિલાડીના ટોપની જેમ પેડલર્સ વધી રહ્યા છે, જેમનો ટાર્ગેટ રાતોરાત રૂપિયા કમાવવાનો છે. ક્રાઇમ બ્રાંચે, પીસીબી, લોકલ ક્રાઇમ બ્રાંચ તેમજ સ્થાનિક પોલીસ એમડી ડ્રગ્સના રેકેટનો પર્દાફાશ કરવા માટે મહેનત કરે છે, પરંતુ આ ધંધો એટલી હદે ફેલાઇ ગયો છે કે તે બંધ થવાનું નામ નથી લઇ રહ્યો. ગઇ કાલે ક્રાઇમ બ્રાંચની ટીમે વટવા વિસ્તારમાંથી ૨૨.૯૭ લાખ રૂપિયાના એમડી ડ્રગ્સના જથ્થા સાથે મોટા ડીલરની ધરપકડ કરી છે. ડીલરે રાજસ્થાનના માફિયા પાસેથી લાખો રૂપિયાનું ડ્રગ્સ ખરીદયું હતું. ડ્રગ્સ ખરીદ્યા બાદ તે નાના નાના પેડલર્સને જથ્થો આપતો હતો. ક્રાઇમ બ્રાંચે ડીલરની ધરપકડ કર્યા બાદ હવે એક પછી એક પેડલર્સની ધરપકડ કરવાનો સિલસિલો ચાલુ થશે. ક્રાઇમ બ્રાંચની ટીમને બાતમી મળી હતી કે વટવા વિસ્તારમાં આવેલા બાગે શાહ-એ-આલમ સોસાયટીના મકાનમાં ઝાકિર હુસેન ઉર્ફે જિગે શેખ રહે છે અને તે પોતે એમડી ડ્રગ્સનો ધંધો કરી રહ્યો છે. બાતમીના આધારે ક્રાઇમ બ્રાંચની ટીમ પંચને લઇ વટવા ખાતે ઝાકિર હુસેનના ઘરમાં પહોંચી ગઇ હતી. ઝાકિર હુસેન ઘરમાંથી મળી આવતાં તેણે પોતાની પાસે ડ્રગ્સ નહીં હોવાનું રટણ કર્યું હતું, જોકે ક્રાઇમ બ્રાંચે આખા ઘરની તલાશી લીધી હતી. ઘરની તલાશી બાદ રસોડામાં ફ્રીઝ પાસેથી એક કાળા કલરનો થેલો મળી આવ્યો હતો, જેમાં પીળા કલરનો પાઉડર હતો અને કેટલીક ઝિપ બેગ અને વજન કાંટો હતો. પીળા કલરનો પાઉડર મળતાં ક્રાઇમ બ્રાંચ પણ અચંબામાં મુકાઇ ગઇ હતી અને તે એમડી ડ્રગ્સ છે કે પછી બીજું કોઇ ડ્રગ્સ છે તે જાણવા માટે એફએસએલની મદદ લીધી હતી. એફએસએલની ટીમે ઘટનાસ્થળે આવીને પીળા પાઉડરનું પરીક્ષણ કર્યું હતું, જેમાં સામે આવ્યું હતુ કે તે એમડી ડ્રગ્સ છે. ક્રાઇમ બ્રાંચે ઝાકિર હુસેનની ધરપકડ કરી લીધી હતી અને તેની પાસેથી ૨૨.૯૭ લાખ રૂપિયાનું એમડી ડ્રગ્સ જપ્ત કર્યું હતું. ઝા?કિરની ધરપકડ બાદ તેને ક્રાઇમ બ્રાંચ વડી કચેરીએ લઇ આવી હતી, જ્યાં તેની આગવી સ્ટાઇલથી પૂછપરછ કરવામાં આવી હતી. પૂછપરછ દરમિયાન સામે આવ્યું હતું કે ઝાકિરે રાજસ્થાનના પ્રતાપ ગઢ ખાતે રહેતા ડ્રગ્સ માફિયા અમન પઠાણ પાસેથી એમડી ડ્રગ્સ ખરીદયું હતું. ક્રાઇમ બ્રાંચે ઝાકિર હુસેન, અમન પઠાણ અને લાલા નામના યુવક વિરુદ્ધ નાર્કોટિક્સનો કેસ દાખલ કરીને તપાસ શરૂ કરી છે. ક્રાઇમ બ્રાંચનાં સૂત્રોના જણાવ્યા અનુસાર ઝાકિર હુસેન મોટી માત્રામાં ડ્રગ્સ ખરીદીને નાના પેડલર્સને ધંધો કરવા માટે આપતો હતો. ક્રાઇમ બ્રાંચ સમક્ષ ઝાકિર હુસેને કબૂલાત કરી છે કે તે રાજસ્થાનના અમન પઠાણ પાસેથી ડ્રગ્સ લાવ્યો હતો અને દરિયા પુરમાં રહેતા લાલા તેમજ કેટલાક પેડલર્સને ડ્રગ્સ વેચવા માટે આવતો હતો. ઝાકિર હુસેન તેની પાસે એક ઇલેક્ટ્રિક વજનકાંટો પણ રાખતો હતો.

# સલાબતપુરામાં ગેરકાયદે ચાલતું કોલ સેન્ટર ઝડપાયું



। સુરત,તા.૮ ।

સુરતમાં સલાબતપુરા પોલીસે રીંગરોડ સ્થિત ટ્વેન્ટી ફર્સ્ટ સેન્ચુરી બિલ્ડીંગમાં ચોથા માળે ગેરકાયદે ચાલતા કોલ સેન્ટર પર દરોડો પાડ્યો હતો, આ ઘટનામાં પોલીસે કોલ સેન્ટર ચલાવનાર દાનીશ સલીમભાઇ શાહ તથા કોલ સેન્ટરમાં કામ કરનાર કામીલ મોહમદ રફીક શેખ, અર્ષદ અલ્તાફભાઇ રફત, સાકીર આસીફખાન પઠાણ, ઈમરાન અબ્દુલ ગફાર મણીયાર, સાહીલ સલીમભાઇ નારીયેલી, સાનીયા સાકીર આસીફખાન પઠાણની ધરપકડ કરી છે.

સલાબતપુરા પોલીસે ગેરકાયદે ચાલતું કોલ સેન્ટર ઝડપી પાડ્યું છે. કોલ સેન્ટરમાંથી એક મહિલા સહિત ૭ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે, તેમજ કોલ સેન્ટરમાંથી કુલ ૨.૫૫ લાખની મત્તા કબજે કરવામાં આવી છે, કોલ સેન્ટરમાંથી ડેટા એન્ટ્રીનું કામ આપવાના બહાને લોકોનો સંપર્ક કરવામાં આવતો હતો.

બાદમાં કોન્ટ્રકટ ભંગ કર્યો છે તેમ કહી પોલીસ કેસ કરવાનું કહી તેમજ વકીલના લેટર પેડ પર નોટીસ મોકલી ગ્રાહકો પાસેથી રૂપિયાની માંગણી કરવામાં આવતી હતી, આ સમગ્ર મામલે પોલીસે હાલ વધુ તપાસ હાથ ધરી છે.સુરતમાં સલાબતપુરા પોલીસે રીંગરોડ સ્થિત ટ્વેન્ટી ફર્સ્ટ સેન્ચુરી બિલ્ડીંગમાં ચોથા માળે ગેરકાયદે ચાલતા કોલ સેન્ટર પર દરોડો પાડ્યો હતો, આ ઘટનામાં પોલીસે કોલ સેન્ટર ચલાવનાર દાનીશ સલીમભાઇ શાહ તથા કોલ સેન્ટરમાં કામ કરનાર કામીલ મોહમદ રફીક શેખ, અર્ષદ અલ્તાફભાઇ રફત, સાકીર આસીફખાન પઠાણ, ઈમરાન અબ્દુલ ગફાર મણીયાર, સાહીલ સલીમભાઇ નારીયેલી, સાનીયા સાકીર આસીફખાન પઠાણની ધરપકડ કરી છે.

### ડાયમંડ નગરીમાં મોટી ચોરી

# ડાયમંડના કર્મચારીએ તેના સાળા અને મિત્ર સાથે મળી હીરાની ચોરી કરી

## સુરત ક્રાઈમ બ્રાન્ચમાં રૂ.૮.૩૭ કરોડની ઉચાપતની ફરિયાદ નોંધાવતા પોલીસે કર્મચારી અને હીરા વેચનારની ધરપકડ કરી છે

। સુરત,તા.૮ ।

સુરત કતારગામ ફુલપાડા રીડ ખાતે મુંબઈની કંપની માટે હીરા પોલીસ્ડ કરતી કંપનીમાં હીરાના ગ્રેડીંગની એન્ટ્રી કરતા કર્મચારીએ રૂ.૧૫.૬૩ કરોડના હીરાનો બદલો મારી નીચી ગુણવત્તાના હીરા મૂકી બાદમાં ઊંચી ગુણવત્તાના હીરા સાળાના મિત્ર મારફતે વેચી રૂ.૮.૩૭ કરોડ ત્રણ હિસ્સે વહેંચી દીધા હતા. આ અંગે જાણ થતા હીરાની કંપનીના ભાગીદારે સુરત ક્રાઈમ બ્રાન્ચમાં રૂ.૮.૩૭ કરોડની ઉચાપતની ફરિયાદ નોંધાવતા પોલીસે કર્મચારી અને હીરા વેચનારની ધરપકડ કરી છે. સુરતના સરથાણા જકાતનાકા આશીર્વાદ રો હાઉસ ઘર નં. ૪૦માં રહેતા ૫૨ વર્ષીય પ્રવિણભાઈ મનુભાઈ વઘાસીયા કતારગામ ફુલપાડા રોડ મહેતા પેટ્રોલ પંપ પાસે આસારાવાળા કંપાઉન્ડ ખાતે વ્રજ ડાયમંડના નામે ભાગીદારીમાં હીરા પોલીશ્ડ કરવાનું કામ કરે છે. મુંબઈ બાંદ્રા ઈસ્ટ બી.કે.ભારત બુર્સમાં આવેલી ડી.નવીનચંદ્ર એક્ષ્પોર્ટ પ્રા.લીનું જ કામ કરતી કંપની વ્રજ ડાયમંડમાં આવતા રફ હીરાને વિવિધ પ્રોસેસ કરવા અહીં ૧૦૦ થી વધુ કર્મચારી કામ કરે છે. તે મુજબ હીરા પોલીશ્ડ થયા બાદ તેની ગ્રેડીંગની એન્ટ્રી કંપનીના ચોથા માળે બેસતા ગૌતમભાઈ રાણા અને અશોકભાઈ ગલથરીયા કરીને તેના પેકેટ બદલી દરેક



પેકેટ પર લોટ નંબર લખી પાંચમા માળે બેસતા જુગલ પટેલને જાતે જઈ આપે છે.જુગલ દરેક હીરાનું વજન કરી હીરાના ગ્રેડીંગની એન્ટ્રી કરે ત્યાર બાદ સ્ટોક રૂમમાં આપે પછી તેના ચલણ બનાવી મુંબઈ ડી. નવીનચંદ્ર એક્ષ્પોર્ટ પ્રા.લી ને મોકલવામાં આવે છે. આ તમામ કાર્યવાહી માટે બનાવેલા સોફ્ટવેરમાં ગ્રેડીંગની એન્ટ્રીનું કામ કરતા દરેકને યુઝર આઈડી અને પાસવર્ડ આપ્યા છે. દરમિયાન, ગત ૧૭ માર્ચના રોજ ડી. નવીનચંદ્ર એક્ષ્પોર્ટ પ્રા.લી ના માલિક સમીરભાઈ મહેતાએ વ્રજ ડાયમંડે તૈયાર કરેલા હીરાના જીઆઈએ સર્ટિફિકેટમાં હીરામાં અગાઉ પણ નંબર છપાયા હોવાની જાણ કરતા સોફ્ટવેરમાં ચકાસણી કરતા જાણવા મળ્યું હતું કે ૨૪ થી ૨૭ ડિસેમ્બર ૨૦૨૨ દરમિયાન ચાર વખત એક જ પેકેટના હીરાનું ગ્રેડીંગ બદલવામાં આવ્યું હતું.

### મંદિરમાં ગાંજો પીતા હોવાની લોકોએ ફરિયાદ કરી

# થરાદના લુણાવા ગામના એક મંદિરમાંથી ગાંજાનો છોડ મળ્યો

। થરાદ, તા.૮ ।

અસામાજિક તત્વો મંદિરમાં ગાંજો પીતા હોવાની લોકોએ ફરિયાદ કરી હતી. ત્યારે લોકોની ફરિયાદના આધારે પોલીસે તપાસ કરતાં મોટા પ્રમાણમાં ગાંજાના છોડ મળી આવ્યા છે. પોલીસે મંદિર પાસે રહેતા એક શખ્સની ધરપકડ કરી છે. મંદિરની બાજુમાં ગાંજાનું વાવેતર કરવામાં આવ્યું હતું.રાજ્યમાં વિદ્યાના ધામમાંથી ગાંજાના છોડ ઝડપાવાનો મામલો હજુ થાળે પડ્યો નથી. ત્યાં હવે મંદિરમાંથી ગાંજાના છોડ મળી આવ્યાની ઘટના સામે આવી છે. બનાસકાંઠા જિલ્લાના થરાદના લુણાવામાંથી ગાંજાના છોડ મળી આવ્યા છે. ગામમાં આવેલ એક મંદિર પાસેથી ગાંજાના છોડ મળી આવ્યા હોવાની માહિતી મળી છે.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨